بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**તા. ૦૧-નવેમ્બર-૨૦૦૮**

**ઝિ કૃઅદા-ઝિલ હજ્જ**

**હિજરી સન : ૧૪૨૯**

**વર્ષ : ૦૫, અંક : ૧૧, સળંગ અંક : ૫૯**

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦/- |
| આજીવન | રૂા. | ૩૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | અલવિદા ! હે મર્દે મુજાહિદ અલવિદા ! | ૦૨ |
| ૦૨ | **મુસલમાનની બખ્શિશનો પરવાનો ...... એટલે હજ્જ !** *(તંત્રી લેખ...)* | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૯ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૧ |
| ૦૫ | શિફા શરીફ | ૧૨ |
| ૦૬ | કાનૂને શરીઅત | ૧૪ |
| ૦૭ | રહમતે દારૈન ﷺના શયદાઈ | ૧૫ |
| ૦૮ | **સઊદી તથા અન્ય ઠેકાણે વેચાતા હલાલ લેબલવાળા મટનની અસલિયત !** | ૧૭ |
| ૦૯ | **આબે ઝમઝમની વિશિષ્ટતા વૈજ્ઞાનિકોની દષ્ટિએ** | ૨૨ |
| ૧૦ | **જેહાદ સંબંધે ગલતફહમીઓ અને તેનું નિવારણ** | ૨૫ |
| ૧૧ | નેક અમલ કરો અને રબથી મહાન બદલો પામો ! | ૩૧ |
| ૧૨ | બીમારીની ફઝીલત તથા બીમારપુર્સીનું ઈસ્લામમાં મહત્વ | ૩૫ |
| ૧૩ | **Fear of Allah** | ૩૯ |
| ૧૪ | પોતે આશિકે રસૂલ અને દિલમાં લાગણી ગુસ્તાખે રસૂલની ?! | ૪૨ |
| ૧૫ | નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | ૪૩ |
| ૧૬ | શીઆઓ જેમ દેવબંદીઓ પણ.......... | ૪૪ |
| ૧૭ | યુ.કે.માં તા'ઝીયતો જલસો | ૪૫ |
| ૧૮ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૬ |


### દર શાને હુઝૂર તાજુશ્શરીઅહ્ અખ્તર રઝા અઝહરી مدظلہ العالی

સુહાના તાજ શરીઅત કા કિયા રબને તુમ્હેં અખ્તર
મિલી 'અહમદ રઝા' કી તુમ્હેં નિસ્બત બળી અખ્તર
સતાયે ક્યોં કોઈ ખતરા હમેં તબ્લીગી નજદી કા
મુહાફિઝ હૈ તેરી નિસ્બત હમારે વાસ્તે અખ્તર
તેરે કિરદાર પર નાઝાં હૈં રઝવી ઔર કાદરી સારે
તેરે ઈલ્મો અમલ પર ફિદા ઉલ્મા બળે અખ્તર
પળી નઝરેં કિસી કી જબ તેરી સૂરત પે તો દેખા
હિજાબે નૂરસે આરાસ્તા ચેહરા તેરા અખ્તર
તજલ્લી ગૌષે જીલાં કી અગર જો દેખના ચાહો
કરો દીદાર ઉસ હસ્તી કા કહતે હૈં જિસે અખ્તર
ઉલૂમે ફિકહ કે સરવર તો પાબંદે શરીઅત હય
'રઝા' કા તૂ હય મતવાલા તેરી કયા શાન હૈ અખ્તર !
તેરા નકશે કદમ હમ કાદરી રઝવી કા રહબર હૈ
'હિદાયત' પા ગયે હમ, સબ 'રઝા' કે ફયૂઝ હય અખ્તર

અર્ઝ : રાણા હિદાયતુદ્દીન કાદરી રઝવી-પાચોંડીયા

# અલવિદા ! હે મર્દે મુજાહિદ અલવિદા !

અઝઃ **પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

તા. ૩/૧૦/૨૦૦૮ જુમ્આના રોજ ઈશા બાદ રાત્રે લગભગ સાડા દસ વાગ્યે જનાબ હાફેઝ મુહમ્મદ હનીફ રિફાકતી (નાઝિમે આ'લા દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)નો અચાનક ફોન આવ્યો અને આ ગમઅંગેઝ સમાચાર દુઃખદ લહેજામાં સાંભળ્યા કે જનાબ હાજી વલીભાઈ ગોરજી સાહબ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. જીભ પર અનાયાસે ''ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન'' નીકળી ગયું અને દુઆ નીકળી કે અલ્લાહ મગફેરત ફર્માવે. થોડીકવાર માટે દિલો દિમાગ પર શૂન્યવકાશ છવાઈ ગયો, કાંઈ સમજ જ ન પડી કે શું કરવું ! છેવટે આંખોમાં આંસૂઓ તરી આવ્યાં, એવું લાગ્યું જાણે એક યુગ ખતમ થઈ ગયો, જાણે કશુંક અમારી પાસેથી ઝુંટવાઈ ગયું.

વાસ્તવિક્તા એવી ચીજ છે કે જેનો દુશ્મન પણ ઈન્કાર નથી કરી શકતો. અને એ વાસ્તવિક હકીકત છે કે મર્હૂમ વલીભાઈ ગોરજીએ જે કઠિન સંજોગોમાં શૂન્યમાંથી સુન્નિયતની તરક્કી માટે સર્જનો કર્યા છે તેને કેમ કરીને વિસરી શકાય. આજે તો પૈસાની રેલમછેલ છે અને ડોનેશન આપનારા ખૂબ જ મળી રહે છે પણ જ્યારે લોકોની સ્થિતિ તંગ હતી ત્યારે ગુજરાતના શહેર શહેર ગામડે ગામડે સુન્નિયતને કાજે રઝળીને રખડીને, લોકોનાં મહેણા ટોણા સાંભળીને મર્હૂમે જે પાઈ પાઈ ઉઘરાવીને સુન્ની કૌમને જે ભેટો આપી છે તેનો જોટો જડવો મુશ્કેલ છે. આજે થામના ફારિગ જગતભરમાં ફેલાયેલ હુફ્ફાઝે કિરામ તથા ઈમામો, આલિમા બહેનો જે પણ સુન્નિયતની બકા માટે કામ કરી રહેલ છે તે આપની જ દૈન છે.

અહલે સુન્નત વ જમાઅતનો ગુજરાતભરમાં સર્વ પ્રથમ મદરસો તે દારુલ ઉલૂમ શાહે આલમ–અમદાવાદ જે તે સમયે ૩૫–૪૦ વરસ પહેલાં મહાન ઉલમાની સરપરસ્તીમાં પોતાની આન બાન શાન સાથે સુન્નિયતનો ડંકો વગાડી રહ્યો હતો તથા ''તયબાહ'' માસિક એક આગવી શાન સાથે બદ્અકીદા વહાબી દેવબંદીઓને પછાડી રહ્યું હતું. પણ દક્ષિણ ગુજરાતમાં વહાબિયત જોશ મારી રહી હતી જેથી ભરૂચ જિલ્લાના નાનકડા ગામ થામથી આ મર્દે મુજાહિદ તેની સામે ટક્કર લેવા ખડો થાય છે અને પછી ચાલે છે તો અનથક ચાલતો જ રહે છે, ''દારુલ ઉલુમ મોઈનુલ ઈસ્લામ'' ઊભુ કર્યું, ''અલમુઈન'' માસિક શરૂ કર્યું, ''ગરીબ નવાઝ એજ્યુ. ટ્રસ્ટ'' થકી ગરીબ ગામના મદરસાઓને સહાય ચાલુ કરી, વહાબીઓએ ઔરતોના મદરસા શરૂ કરી વહાબિયતની બદબૂ ફેલાવવાનું શરૂ કર્યું તો આ મુજાહિદે સુન્નીઓનો પ્રથમ ઔરતોનો મદરસો ''જામિઆ સિદ્દીકા અલ્ બનાત' શરૂ કરી તેની સામે બ્રેક લગાડવા કોશિશ કરી. બચ્ચોં કા ઘર બનાવી વહાબીઓ સુન્ની બાળકો હાઈજેક કરવા લાગ્યા તો. ધો ૫ થી ૧૦ સુધી ''રઝા મેમોરિયલ સ્કૂલ'' ચાલુ કરી દીની દુનિયવી તા'લીમ શરૂ કરી સુન્ની બાળકોને આગમાં જતાં રોકવા પ્રયત્ન કર્યો. ભરૂચ તરફ સુન્નીઓમાં પર્દો પહેરવો આશ્ચર્ય ગણાતું ! અને આલિમા મુબલ્લિગાની કલ્પના પણ ન થતી, ન કોઈ બયાન કરતું. જ્યારે આજે અસંખ્ય બહેનો છે જે બાપર્દા રહી સુન્ની ઈજતેમા કરી રહી છે તથા દીની માહોલ ખડો કરી રહી છે. કોઈ ખાનદાનના બળે કામ કરી જાય, કોઈ ખ્યાતીના જોરે કરી જાય પણ તદન સામાન્ય માણસ તરીકે કારકિર્દીની શરૂઆત કરીને સુન્નિયત માટે આગળ વધનાર આ મર્હૂમ કેવળ પોતાના ખુલૂસના બળે જ કામયાબ થયેલ છે જે નોંધનીય બાબત છે. સારાંશ આ અનોખી હિંમતવાળા અલ્લાહના બંદાએ સુન્નિયતની સલામતી કાજે દરેક ક્ષેત્રે છેલ્લા શ્વાસ લગી અનથક કોશિશો કરી છે, શક્ય છે આટલા મોટા કામમાં કાંઈક ઉણપો કમીઓ પણ ઉભી થાય પણ જે લાઈન દોરી સુન્નિયતની સલામતી કાજે મર્હૂમે દોરી છે અને જે ઈમાનદારીથી કપળા કઠોર સંજોગોમાં ભારે હોંસલાભેર કામ કર્યું છે તેને રહેતી દુનિયા સુધી ભૂલી શકાશે નહીં. બસ ! હવે આપણી જિમ્મેદારી બને છે કે આ તૈયાર કરી આપેલી સજી સજાવેલી મહેકતા ખીલેલા ગુલશન સમી સંસ્થાઓની અધિક પ્રગતિ હવે શાથી થાય તેના માટે અલ્લાહની રઝામંદી ખાતર અનુગામીઓએ કામ કરવાની જરૂર છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની મહેનતોને કબૂલ ફર્માવે, ઉણપો થઈ હોય તો દરગુઝર કરે અને મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) મર્હૂમનો જનાઝો સલાતો સલામ સાથે આશિકાને મુસ્તફાની હજારોની ભીડ સાથે તા. ૪/૧૦/૨૦૦૮ના રોજ ઝહોર બાદ ૩ શવ્વાલ હિ.સ. ૧૪૨૯ શનિવારે ઘરેથી ઉઠાવ્યો અને ગામમાં ફરીને દારુલ ઉલૂમના કંપાઉન્ડના મધ્યમમાં આપની દફનવિધિ થઈ. એક મુજાહિદે સુન્નિયત જાણે દુનિયાથી થાકીને હમેશાંના આરામમાં પોઢી ગયો. આપની નમાઝે જનાઝા તેમની વસિય્યત પ્રમાણે પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા (જામનગર) સાહબે પઢાવી અને મોઈને મિલ્લત હઝરત સૈયદ મોઈનુદ્દીનબાબા (ખાનકાહે અહલે સુન્નત–વડોદરા)એ વલવલાઅંગેઝ દુઆએ મગફિરત ગુજારી હતી. બુધવાર તા. ૮/૧૦/૨૦૦૮ના સવારે ૧૦ વાગ્યે દારુલ ઉલૂમની મસ્જિદમાં ફાતેહા ખ્વાની રાખવામાં આવી હતી જેમાં જનાબ મૌલાના ઈદરીસખાન અશરફી બાલાશીનોરી તથા જનાબ હાફેઝ ઈકબાલ કંબોલ્વી વગેરેએ આપની અજોડ ખિદમતો બિરદાવી હતી.

"લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક !"

# મુસલમાનની બખ્શિશનો પરવાનો એટલે હજ્જ !

**તંત્રી લેખ**



પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! ''હજ્જ''એ ઈસ્લામના પાંચ રુકનોમાં મહત્વનો રુકન અને નમાઝ, રોઝા, ઝકાત બાદ મહત્વની ફર્ઝ ઈબાદત છે જે શક્તિશાળી મુસલમાન પર જીવનમાં એકવાર ફર્ઝ છે. ''હજ્જ''ની ફર્ઝિયતનો મુન્કિર કાફિર છે. આજે જગતમાં ઘણા એવા મુસલમાન આર્થિક, શારીરિક શક્તિશાળી માલદારો જોવા મળે છે જેઓ પર હજ્જ ફર્ઝ થઈ ગયેલ છે છતાં ટાળમટોળ કરીને શૈતાની વસવસામાં ગુંચવાયેલા રહે છે. કેટલાક માલદારો વિચારે છે કે, ''હજુ આપણે યુવાન છીએ, ઉમર થતાં કરીશું ! વળી ઉમરવાળા વિચારે છે કે અમારી ઔલાદ પરણી જાય, ફલાણુ કામ થઈ જાય પછી નિરાંતે કરીશું !'' મુસલમાનો ! આ સર્વ શૈતાની ધોકાઓ છે, એને ફગાવી દો અને તમે યુવાન હોઉ માલદાર હોઉ તો સત્વરે હજ્જ કરો ! હજ્જમાં ઉમરની કોઈ કૈદ નથી, બસ ! આર્થિક, શારીરિક સદ્ધર છો તો હવે મોડુ કરવું ઠીક નથી. અને યુવાનીમાં સ્ફુર્તિ સાથે હજ્જની લિજ્જત ઓર જ હોય છે, ઘડપણમાં કમજોરી આવતાં હજ્જમાં પણ તે લિજ્જત રહેશે નહીં માટે જલ્દી કરો, અને વહેલી તકે હજ્જ કરી લો. અને કોને ખબર ક્યારે મૌત આવી જાય ! અને જો શક્તિ હોવા છતાં હજ્જ કર્યા વિના ગયા તો ખુદાની બારગાહમાં સખ્ત પકડ થશે. બલ્કે ફકીહો ફર્માવે છે કે માલદારે શક્તિશાળી થતાં હજ્જ કરવી વાજિબ થઈ જાય છે, વિના કારણે મોડુ કરવું મના છે, બલ્કે ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ માલિકની નજીક એવો મોડુ કરનાર ફાસિક છે તથા તેની ગવાહી માન્ય નથી. *(મિર્આત, ભાગ–૪)*

## ★ હજ્જ શું છે ? ★

આજે માલદારો પોતે પણ અને પોતાની ઔલાદોને પણ દુનિયાના સુંદર રમણીય સ્થળો, દરિયા કિનારા તથા પહાડીના સ્થળો તથા ઓલમ્પિક કે વર્લ્ડ કપ રમાતી હોય ત્યાં તથા અન્ય મોજ મજાનાં તથા બેહયાઈનાં સ્થળોએ લાખોના ખર્ચા કરીને મોકલે તથા જાય છે અને અઢળક ગુનાહોનાં વેગનો ભરીને સાથે ઘરે પહોંચે છે છતાં દિલમાં રંજને બદલે આનંદ તથા ગર્વ હોય છે કે અમે ફલાણી જગ્યાની સફર કરી કે ફલાણી જગાએ આંતરરાષ્ટ્રીય રમત વર્લ્ડ કપ કે ઓલમ્પિક ગેમો જોઈ ! અફસોસ ! મુસલમાનના તો આવા ખયાલો તથા અમલો ન જ હોવા જોઈએ. દોસ્તો ! આવો ! હજ્જ શું છે એના વિશે સમજો !

આપણો ખાલિક, માલિક અને આપણને દૌલત, તાકત, ઈજ્જત, પાવર સર્વ કાંઈ આપનાર રબ ફર્માવે છે :

اِنَّ اَوَّلَ بَیۡتٍ وُّضِعَ لِنَّاسِ لَلَّذِیۡ بِبَکَّۃَ مُبَارَکًاوَّ ھُدًی لِلۡعٰلَمِیۡنَ ۝ ---- وَمَنۡ کَفَرَ فَاِنَّ اللّٰہَ غَنِیٌّ عَنِ الۡعٰلَمِیۡنَ ۝

''બેશક ! સૌમાં પ્રથમ ઘર જે લોકોની ઈબાદત માટે નિશ્ચિત થયું તે છે જે મક્કામાં છે, બરકતવાળુ અને સર્વ જગતનું માર્ગદર્શક. એમાં ઉઘાડી નિશાનીઓ છે, ઈબ્રાહીમના ઉભા રહેવાની જગા. અને જે એમાં આવે તે અમાનમાં થઈ જાય. અને અલ્લાહના માટે લોકો પર આ ઘરની હજ્જ કરવું છે જે એના સુધી ચાલી શકે. અને જે મુન્કિર હોય, તો અલ્લાહ સર્વ જગતથી બેપરવા છે.'' *(સૂ. આલે ઈમ્રાન, આ. ૯૬, ૯૭, કન્ઝુલ ઈમાન)*

આ આયતોમાં હજ્જની ફર્ઝિયતનું બયાન છે. હદીષ શરીફમાં ખુલાસો છે કે ઈસ્તિતાઅત (શક્તિવા[illegible]) હો[illegible]નો મતલબ એ છે કે તોશા (માર્ગ ખર્ચ)ની વ્યવસ્થા એટલી હોવી જોઈએ કે જઈને પરત થતા [illegible] પૂ[illegible]તી હોય અને આ તોશો પરત થતા સુધીના સમય સુધી બીવી બાળકોની ખાધા ખોરાકીના ઉપરાંત[illegible]ો હોય. તેમજ માર્ગ પણ પુરઅમ્ન હોવા જરૂરી છે, જાનમાલનો ખતરો ન હોય, કેમ કે એના વિના પણ ઈસ્તિતાઅત સાબિત થશે નહીં.

હવે તમો ફરીથી ઉપરોક્ત લખાણ ધ્યાનથી વાંચી જાવ, જો તમે માલ ધરાવો છો અને આ સંજોગો તમને ઉપલબ્ધ છે તો હવે હજ્જમાં મોડું કરવું તમારા માટે ઠીક રહેશે નહીં !

## ★ સૌ પ્રથમ અલ્લાહનું ઘર મક્કામાં ★

યહૂદીઓએ મુસલમાનોને કહ્યું કે બૈતુલ મુક઼દ્દસ અમારો ક઼િબ્લો એ કા'બાથી અફઝલ તથા એનાથી પહેલો છે, અંબિયાએ કિરામ عليهم السلامની હિજરતનું સ્થળ તથા ઈબાદતનો કા'બા છે. મુસલમાનોએ કહ્યું કે કા'બા અફઝલ છે. એના પર ઉપરોક્ત આયતો નાઝિલ થઈ એમાં બતાવવામાં આવ્યું કે સૌ પ્રથમ મકાન જેને અલ્લાહે ફર્માંબરદારી અને ઈબાદત માટે નિશ્ચિત કર્યું, નમાઝનો ક઼િબ્લો, હજ્જ તથા તવાફનું સ્થાન, જેમાં નેકીઓના સવાબોમાં વધારો થાય છે તે કા'બા મોઅઝ્ઝમમાં છે. હદીષ શરીફમાં છે, કા'બા મોઅઝ્ઝમા બૈતુલ મુક઼દ્દસથી ચાલીસ સાલ પહેલાં બનાવવામાં આવ્યું. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)*

અલ્લાહ તઆલાએ જમીન તથા આસ્માન પેદા કર્યાં અને એમાં પોતાની ઈબાદતના માટે ફરિશ્તા પેદા કર્યા તો આસ્માનમાં ફરિશ્તાઓની ઈબાદતના માટે "બયતુલ મઅમૂર" બનાવ્યું. આસ્માનમાં રહેનાર ફરિશ્તા તેનો તવાફ કરતા હતા અને તેમાં ઈબાદત કરતા હતા એ જોઈને જમીન પર રહેનારા ફરિશ્તાઓને પણ શોખ થયો તો તેમણે બારગાહે ઈલાહીમાં દરખાસ્ત કરતાં રબ્બે કરીમે હુકમ આપ્યો કે જમીન પર "બયતુલ મઅમૂર"ની બરાબર નીચે એક ઘર બનાવો. હુકમાનુસાર ફરિશ્તાઓએ જમીન પર સફેદ ચમકદાર મોતીઓથી એક ઘર બનાવ્યું જ્યારે તમામ પૃથ્વીના પટ પર કોઈ જ ઘર ન હતું બલ્કે હજી જમીન પર માનવનું અસ્તિત્વ પણ ન હતું. હઝરત આદમ عليه السلام બૈતુલ્લાહ શરીફના બસો વરસ બાદ દુનિયામાં તશરીફ લાવ્યા. *(તફસીરે સાવી)* કા'બા શરીફ જે હાલમાં છે તેનો એક અલગ ઈતિહાસ છે જે કોઈકવાર રજૂ કરીશું. ઈન્શાઅલ્લાહ !

## ★ બૈતુલ્લાહ શરીફની અજબ ફઝીલત ! ★

હે દુનિયાના આકર્ષક, મનોહર, સુંદર તથા રમણીય સ્થળોની મુલાકાત કરનારાઓ ! હે દૌલતમંદો ! તમે કોઈપણ જોવા લાયક સ્થળે કે સમુદ્ર કાંઠે જાવ તો હાલ તો એ જ સ્થિતિ છે કે જાણે અજાણે ગુનાહોની જ કમાણી કરાવતાં દશ્યો મોટાભાગે તમારી નજરોમાં વસી જશે, જ્યારે જો તમે હજ્જ કે ઉમરા માટે જાવ અને મક્કા શરીફમાં કા'બા શરીફને કેવળ જુઓ તો પણ કેટલી નેકીઓ મળે છે તે જોઈ લો :–

હઝરત સઈદ ઈબ્ને મુસૈયબ તાબઈ رضي الله عنه ફર્માવે છે કે, "જે કોઈ ઈમાન અને દિલી સમર્થન સાથે **કા'બા શરીફની તરફ નજર કરે તો ગુનાહોથી એવો નીકળી જાય છે જાણે આજે જ એની માંએ એને પેદા કર્યો."** *(નુઝહતુલ મજાલિસ)*

કા'બા પર પ્રથમ નજર પડે તો "ઈમાન પર ખાત્મા"ની દુઆ કરો કે એ વખતે જે દુઆ કરો તે ક઼બૂલ થાય છે. એટલું જ નહીં ! બલ્કે ક઼દમ ક઼દમ પર નેકી મળે છે અને દરજ્જા બુલંદ થાય છે. જેમ કે બયહકી હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત કરે છે કે મેં અબુલ ક઼ાસિમ صلى الله عليه وسلمને ફર્માવતાં સાંભળ્યા કે જે

ખ[illegible]નાએ કા'બાના ઈરાદાથી આવ્યો અને ઊંટ પર સવાર થયો તો **જે ક઼દમ ઉઠે અને મૂકે છે તેના બદલે અલ્લાહ તઆલા તેના માટે નેકી લખે છે અને ગુનોહ મિટાવે છે અને દરજો બુલંદ ફર્માવે છે,** ત્યાં સુધી કે મક્કા મોઅઝ્ઝમા પાસે પહોંચ્યો અને તવાફ કર્યો અને સફા તથા મરવા વચ્ચે સઈ કરી પછી માથુ મૂંડાવ્યું કે વાળ કતરાવ્યા તો **ગુનાહોથી એવો નીકળી ગયો જાણે એ જ દિવસે માના પેટથી પેદા થયો."** *(બહારે શરીઅત–૬)*

હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, **"મસ્જિદે હરામમાં એક નમાઝ એક લાખ નમાઝ બરાબર છે."** *(મુકાશફતુલ કુલૂબ)*

## ★ એહરામ બાંધનાર માટે જન્નત વાજિબ ! ★

તે ઈમાનવાળો કેટલો ખુશનસીબ છે જેને એહરામ બાંધવાનું નસીબ થાય ! હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا કહે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને કહેતાં સાંભળ્યા કે જે કોઈ મસ્જિદે અક઼સાથી મસ્જિદે હરામ સુધી હજજ કે ઉમરાનો એહરામ બાંધે તો તેના આગલા પાછલા ગુનાહો બખ્શી દેવામાં આવે છે અથવા એના માટે જન્નત વાજિબ થઈ જાય છે. *(અબૂ દાઊદ શરીફ)*

આ પરથી જાણવા મળ્યું કે જેટલા પ્રમાણે દૂરથી એહરામ બાંધશે એટલા પ્રમાણમાં વધુ સવાબ મળશે. જેથી મીક઼ાતથી પહેલાં જ એહરામ બાંધવો બલ્કે એહરામની પાબંદીઓ સાચવી શકે તો ઘરેથી જ બાંધવો અફઝલ છે. *(મિર્આત, ભાગ–૪)*

હદીષે પાકમાં છે કે, "મુહરિમ (એહરામવાળો) જ્યારે સૂર્ય ડૂબતાં સુધી **લબ્બૈક** કહે છે તો **સૂર્ય ડૂબતાંની સાથે જ તેના ગુનાહો ગાયબ થઈ જાય છે અને એવો થઈ જાય છે કે જાણે આજે પેદા થયો."** *(તિબ્રાની, બયહકી)*

એ જ પ્રમાણે બીજી હદીષમાં છે કે, "જ્યારે એહરામવાળો **લબ્બૈક** કહે છે તો **તેને જન્નત વાજિબ થવાની બશારત આપવામાં આવે છે."** *(તિબ્રાની ફિલ અવસત, રાવી : અબૂ હુરૈરહ رضی اللہ عنہ)*

**લબ્બૈક** મોટા અવાજે કહેવી "સુન્નત" છે જેનો સવાબ વધારે છે, અને ધીમા અવાજે કહે તો ગુનેહગાર નથી પણ સવાબ ઘટી જશે. તલબિયા (લબ્બૈક)માં મોટો અવાજ કરવું પુરૂષો માટે છે, જો કે પુરૂષો પણ તકલીફ પડે એટલો અવાજ ન કાઢે અને સ્ત્રીઓ માટે મોટા અવાજે તલબિયા કહેવું મના છે, બલ્કે સ્ત્રીઓ ધીમા અવાજે ફક્ત પોતે સાંભળે એટલો જ અવાજ કાઢે. *(મિર્આત–૪)*

## ★ કા'બાનો દીદાર અને રબની અતાઓ ! ★

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે બયતુલ હરામનો હજજ કરનારાઓ પર દરરોજ અલ્લાહ તઆલા એકસો વીસ (૧૨૦) રહમતો નાઝિલ ફર્માવે છે, સાઈઠ તવાફ કરનારાઓ માટે અને ચાલીસ નમાઝ પઢનારાઓ માટે અને વીસ જોનારાઓ માટે. *(બયહકી રાવી હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما)*

જે કેવળ મહોબ્બતની નજરથી બયતુલ્લાહ શરીફને જુએ છે તેના પર પણ અલ્લાહની રહમતોની વર્ષા થાય છે ! કેમ કે કા'બા શરીફને મહોબ્બતથી જોવું હક઼ીક઼તમાં અલ્લાહ તઆલાથી મહોબ્બતના લીધે છે.

હઝરત અબૂ સાઈબ رحمۃ اللہ علیہ કહે છે કે જે ઈમાન તથા સમર્થન સાથે **બયતુલ્લાહ શરીફને જુએ તેના ગુનાહો ખરી જાય છે જેમ ઝાડેથી પાંદડાં ખરે છે,** અને જે શખ્સ મસ્જિદમાં બેસીને કા'બાતુલ્લાહને કેવળ જોતો રહે ભલે તવાફ તથા નફ્લ નમાઝ ન પઢતો હોય તો તે એ માણસ કરતાંય અફઝલ છે જે

પોતાના ઘરમાં નફ્લ નમાઝ પઢે અને બયતુલ્લાહ શરીફને ન જુએ.

હઝરત અતાઅ્ رحمۃ اللہ علیہથી નકૃલ થયેલ છે કે, **"એકવાર બયતુલ્લાહ શરીફને જોવું એક વર્ષની ઈબાદતના બરાબર છે."** *(દુર્રે મન્સૂર)*

હે લોકો ! અલ્લાહે દૌલત આપી છે, આંખો આપી છે તો તેને હરામ દશ્યો જોવા માટે ન ખર્ચો બલ્કે એવી ચીજો જુઓ જેનાથી રબની રહમતો તમારા પર વરસે અને એ માટે હજ્જ તથા ઉમરા કરો ! નહીં તો હદીષે પાકમાં છે કે :–

**"જે શખ્સે પોતાની આંખ હરામથી ભરી તેની આંખને ક્યામતના દિવસે અલ્લાહ તઆલા (જહન્નમની) આગથી ભરી આપશે."** *(મુકાશફતુલ કુલૂબ)*

### ★ કા'બાના તવાફ અને હજરે અસ્વદના બોસાનાં ઈનામો ! ★

તિબ્રાની કબીરમાં મુહમ્મદ ઈબ્ને મુન્કદિરથી અને તે પોતાના વાલિદથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે બયતુલ્લાહનો સાત વાર તવાફ કરે અને એ દરમ્યાન કોઈ નિરર્થક વાત ન કરે તો એવો છે જેણે ગરદન આઝાદ કરી. (એટલે ગુલામ આઝાદ કરવાનો સવાબ મળે છે.) એ જ પ્રમાણે બીજી હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે પચાસ વાર તવાફ કર્યા તો ગુનાહોથી એવો નીકળી ગયો જાણે આજે જ માંના પેટથી પેદા થયો. *(તિર્મિઝી, રાવી : ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما)*

ઈમામ અહમદે હઝરત ઓબૈદ ઈબ્ને ઉમૈર رضی اللہ عنہથી રિવાયત કરી. કહે છે કે મેં ઈબ્ને ઉમૈર رضی اللہ عنہماને પૂછયું, શું કારણ છે કે તમે "હજરે અસ્વદ" તથા "રૂકને યમાની"ને બોસો આપો છો ? આપે જવાબ આપ્યો, મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે, "તેને બોસો આપવું ગુનાઓને પાડી નાખે છે....." *(બહારે શરીઅત–૬)*

"રુકને યમાની"થી પૂર્વ તરફ "મક઼ામે મુસ્તજાબ" છે, અહીં **સિત્તેર હજાર ફરિશ્તા દુઆ પર આમીન કહે છે, જે ચાહો દુઆ કરો આ દુઆની કૃબૂલિયતનું સ્થળ છે.**

અસ્બહાની હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہماથી રિવાયત કરે છે કે, જેણે કામિલ વુઝૂ કર્યું પછી હજરે અસ્વદ પાસે બોસો આપવા માટે આવ્યો તે રહમતમાં દાખલ થયો. પછી જ્યારે બોસો આપ્યો અને આવું પઢયો :–

بِسْمِ اللّٰهِ وَاللّٰهُ اَكْبَرُ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ

(અર્થ) : "અલ્લાહના નામથી શરૂ અને અલ્લાહ સૌથી મહાન છે. ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી, તે એકલો છે તેનો કોઈ શરીક નથી અને હું ગવાહી આપુ છું કે મુહમ્મદ ﷺ તેના ખાસ બંદા અને રસૂલ છે."

તો તેને રહમતે ઢાંકી લીધો. પછી જો બયતુલ્લાહનો તવાફ કર્યો તો દરેક કૃદમ પર સિત્તેર હજાર નેકીઓ લખવામાં આવશે, અને સિત્તેર હજાર ગુનાહ માફ કરવામાં આવે છે અને સિત્તેર હજાર દરજા બુલંદ કરવામાં આવે છે, અને **પોતાનાં ઘરવાળાંઓમાંથી સિત્તેરની શફાઅત કરશે.** પછી જ્યારે ત્યાં બે રકાત નમાઝ ઈમાનના લીધે અને સવાબની તલબથી પઢી તો તેના માટે હઝરત ઈસ્માઈલ علیہ السلامની ઔલાદમાંથી ચાર ગુલામ આઝાદ કરવાનો સવાબ લખવામાં આવશે અને ગુનાહોથી એવો નીકળી જશે જાણે આજે જ માંના પેટથી પદા થયો. *(બહારે શરીઅત–૬)*

## ★ હજ્જમાં સ્ત્રી પુરૂષોએ રાખવાની સાવધાની ★

સંગે અસ્વદને ચૂમવા અથવા રુકને યમાનીને સ્પર્શવામાં અથવા તવાફ કરતાં કા'બાની નજીક થવામાં અથવા ઝમઝમના (કૂવામાં) નજર કરવામાં એ રીતે થઈ શકે કે નામહરમ પુરૂષોથી શરીર ન સ્પર્શે તો ઠીક, નહીં તો દૂર અલગ અલગ રહેવું જ તેણીઓ માટે સૌથી બેહતર છે. પુરૂષોની ભીડ ઓછી થાય એવા સંજોગો મળે તો જ એ કામો કરે.

તેમજ પુરૂષો પણ હજરે અસ્વદ ચૂમવામાં જો નામેહરમ સ્ત્રીઓ સાથે શરીર સ્પર્શનો ભય હોય તો એનાથી દૂર જ રહે કે એ કોઈ જગાએ જાઈઝ નથી તો પછી ખાસ હરમ શરીફમાં કા'બા શરીફ પાસે તો કેટલું સખ્ત નાજાઈઝ ગણાશે ! એવું ન થાય કે સવાબ કમાવાના બદલે અઝાબ વહોરવો પડે ! તથા પુરૂષો પોતાની નજરોને નીચી રાખે અને સ્ત્રીઓ પ્રતિ નજરો ન કરે અને ખૌફે ખુદા સાથે તવાફ કરે કેમ કે ત્યાં સ્ત્રીઓને એહરામમાં ચહેરા પર ચાદર રાખવી મના હોય છે જેથી સ્ત્રીઓના ચહેરા ખુલ્લા હોય છે.

યક઼ીન જાણો કે આ ઘણા જ મહાન ગૈરતવાળા બાદશાહની બાંદીઓ છે અને એ સમયે તે અને તમે ખાસ દરબારમાં હાજર છો. નિઃશંક ! સિંહનું બચ્ચુ તેની બગલમાં હોય તો તે સમયે કોણ તેની પ્રતિ નજર ઉઠાવી શકે છે. તો પછી અલ્લાહ તઆલા વાહિદો ક઼હ્હારની કનીઝો તેના ખાસ દરબારમાં હાજર છે તેમના પર બુરી દૃષ્ટિ કેટલા પ્રમાણમાં સખ્ત થશે ! અલ્લાહુ અકબર ! જેથી સાવધાન રહેશો. વળી હરમ શરીફમાં ઈરાદા પર પણ પકડ થાય છે અને અહીં એક ગુનો એક લાખ ગુનાહ બરાબર છે. *(બહારે શરીઅત–૬)*

## ★ અરફાતમાં રોકાણ જહન્નમથી છૂટકારો છે ★

રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "અરફાથી વધીને કોઈ દિવસ લોકોને આગથી છૂટકારો પામવાનો નથી." *(શરહુસ્સુન્નહ, રાવી : હઝરત જાબિર رضي الله عنه)*

હાકિમની રિવાયતમાં આ પ્રમાણે છે કે, (રબ તઆલા ફર્માવે છે) હે મારા હાજી બંદાઓ ! તમારા ગુનાહો રણના રજકણો, પાણીનાં ટીપાંઓ, ઝાંડોનાં, પાંદડાંઓ બરાબર હોય તો પણ તમને બખ્શી દઈશ ! **જાવ ! મેં તમને બખ્શી દીધા અને જેની તમે સિફારિશ કરો તેને પણ બખ્શ્યો."** *(મિર્ક઼ાત, અઝ : અલ્લામા મુલ્લા ક઼ારી رحمة الله عليه બહવાલા મિર્આત)*

હઝરત તલ્હા બિન અબ્દુલ્લાહ رضي الله عنهથી મુરસલન રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "અરફાના દિવસથી વધુ કોઈ દિવસ મેં શૈતાનને નીચ, ઝલીલ, હકીર તથા ધુંઆં ફુંઆં થયેલો નથી જોયો. અને એનું કારણ એ છે કે એ દિવસોમાં રહમતના નુઝૂલને તથા અલ્લાહના બંદાઓના મોટા મોટા ગુનાહોને માફ થતા શૈતાન જુએ છે. *(ઈમામ માલિક)*

વળી જમરાઓની રમી (શૈતાનને કાંકરા મારવા)ના સંબંધે પણ છે કે એક શખ્સે બારગાહે મુસ્તફવી ﷺમાં અર્ઝ કરી કે જમરાઓની રમીમાં શું શું સવાબ છે ? ઈર્શાદ ફર્માવ્યો, "તું તારા રબની નજીક એનો સવાબ ત્યારે પામીશ કે જ્યારે તને એની હાજત હશે એટલે કે ક઼યામતના દિવસે." *(તિબ્રાની, રાવી ઝહરત ઈબ્ને ઉમર رضي الله عنهما)* બીજી હદીષ મુબારકમાં છે કે રસૂલે ખુદા ﷺએ ફર્માવ્યું કે, **"જમરાઓની રમી કરવું તારા માટે ક઼િયામતના દિવસે નૂર હશે."** *(બઝઝાર, રાવી ઉપર મુજબ)*

કેટલાક લોકો ભીડના કારણે અથવા જલ્દી ફ્રી થવાની ધાડમાં શૈતાનને કાંકરી મારવા માટે પોતાની કાંકરીઓ આને પેલાને સોંપતા હોય છે ! તેઓ ઉપરોક્ત ફઝીલતને સમજે અને જ્યારે પોતે હરે ફરે છે ખાય પીયે છે તો કાંકરી પણ જાતે જ મારે. જો ચાલી ન શકે તો ચેરમાં બેસીને જમરા સુધી પહોંચે અને

❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁

કાંકરી મારે. હા ! જ્યારે હાથ ઉઠાવીને મારવા જેટલી પણ શક્તિ ન હોય તો હવે તે મજબૂર ગણાશે અને બીજાને મારવા આપી શકે. નહીં તો એવું નથી તો પછી જાતે કાંકરી ન મારી તો તેણે દમ આપવો પડશે. *(જુઓ બહારે શરીઅત)*

### ★ ક઼યામત સુધી હજ્જ ઉમરા કરવાનો સવાબ ! ★

નબી કરીમ ﷺએ ફર્માવ્યું, ''જે હાજી કે ગાઝી કે ઉમરો કરનાર થઈને નીકળ્યો પછી માર્ગમાં મૃત્યુ પામે તો તેના માટે હાજી, ગાઝી કે ઉમરાવાળાનો સવાબ લખી દેવામાં આવ્યો. બીજી હદીષમાં છે કે **જે હજ્જ માટે નીકળે અને મરી જાય તો તેના માટે ક઼યામત સુધી હજ્જ કરવાનો સવાબ લખવામાં આવશે, એ જ પ્રમાણે ઉમરો કરનાર તથા ગાઝી માટે છે.** *(અબૂ યઅલા)*

### ★ હજ્જ કરો ! માલદાર થઈ જશો ! ★

કેટલાક કમજોર ઈમાનવાળા એવું વિચાર છે કે હજ્જમાં જઈશું તો આટલા હજારો રૂપિયા ઓછા થઈ જશે ! આપણે ગરીબ થઈ જઈશું ! તો જો તેઓ અલ્લાહના રસૂલ ﷺ પર ઈમાન ધરાવતા હોય તો આ હદીષને દિલના કાનોથી સાંભળે અને ખોટા વસવસાને દિલમાંથી હાંકી કાઢે. નબી કરીમ ﷺએ ફર્માવ્યું, ''હજ્જ કરો ! માલદાર જઈ જશો !'' તેમજ ફર્માવ્યું, **''હજ્જ તથા ઉમરા મોહતાજી તથા ગુનાહોને એવી રીતે દૂર કરે છે જેવી રીતે ભઠ્ઠી લોખંડ, ચાંદી તથા સોનાના મેલને દૂર કરી આપે છે. અને હજ્જે મબરૂરનો સવાબ જન્નત છે.''** *(તિર્મિઝી, રાવી અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ)*

### ★ શક્તિ હોવા છતાં હજ્જ ન કરવાનો બુરો અંજામ ★

આટલુ વાંચ્યા પછી તો દરેક મો'મિનના દિલમાં ઉમંગો ઉમટી પડવા જોઈએ કે હજ્જ કરવા કોશિશ કરે અને જહન્નમથી છૂટકારો પામવાની બશારતો મેળવે જેમ કે ઉપરોક્ત લખાણોમાં વર્ણન પામી અને આખેરતના અઝાબથી મુક્તિ મેળવે. સાચો મો'મિન તો તે જ છે જે આખેરતમાં નજાતનો સામાન કરતો રહે. પણ કેટલાક એવા પણ દુનિયા તથા દુનિયાની રંગરેલીઓમાં મસ્ત રહે છે તેવાને બોધ માટે એક હદીષ બયાન કરીએ છીએ કે સરકારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **''જે શખ્સ તોશો તથા સવારીનો માલિક હોય (માર્ગનો ખર્ચ તથા સફરની વ્યવસ્થા કરવા પાત્ર હોય) કે જે તેને બયતુલ્લાહ સુધી પહોંચાડી શકે છતાં તે હજ્જ ન કરે તો એમાં ફરક નથી કે તે યહૂદી થઈને મરે કે ઈસાઈ થઈને.''** *(તિર્મિઝી, રાવી : હઝરત અલી کرم اللہ وجہہ الکریم)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આ ચેતવણી કોણ આપે છે ?! આપણા રહમતવાળા નબી રહ્મતુલ્ લિલ્ આલમીન ﷺ જ આપી રહ્યા છે ! હવે તો સમજો ! વિચારો ! યહૂદી, ઈસાઈનો અંજામ શું છે ? શું તમે ઈચ્છો છો કે તમારી આખેરત બર્બાદ થઈ જાય ? તો સંભલી જાવ ! અને શક્તિ છતાં કોઈપણ બહાને હજ્જ ન કરી હોય તો આજે જ નિશ્ચય કરી લો અને અલ્લાહના આજિઝ બંદા બનીને હજ્જ કરો ત્યાર બાદ મદીના પાક જઈને રોઝાએ રસૂલ ﷺની હાજરી આપો અને હજ્જની ક઼બૂલિયત માટે તથા શફાઅતની દરખાસ્ત પેશ કરો. તાજદારે મદીના ﷺએ ફર્માવ્યું, ''જે મારી ક઼બ્રની ઝિયારત કરે તેના માટે મારી શફાઅત વાજિબ થઈ જાય છે.'' *(દારકુત્ની, બયહકી, રાવી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ تعالٰی عنہما)*

બીજી હદીષમાં છે કે, ''જેણે હજ્જ કરી અને મારી ઝિયારત ન કરી તેણે મારા પર જુલ્મ કર્યો.'' *(ઈબ્ને અદી કામિલમાં હઝરત ઉમર رضی اللہ عنہ થી)* ઉપરાંત અન્ય હદીષો આ સંબંધે છે. રબ્બે કરીમ આપણને વારંવાર હરમૈન શરીફૈનની હાજરી નસીબ કરે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَيَسْـَٔلُوْنَكَ عَنِ الْمَحِيْضِ ۭ قُلْ هُوَ اَذًى ۙ
فَاعْتَزِلُوا النِّسَآءَ فِي الْمَحِيْضِ ۙ وَلَا تَقْرَبُوْهُنَّ حَتّٰى
يَطْهُرْنَ ۚ فَاِذَا تَطَهَّرْنَ فَاْتُوْهُنَّ مِنْ حَيْثُ اَمَرَكُمُ اللّٰهُ ۭ
اِنَّ اللّٰهَ يُحِبُّ التَّوَّابِيْنَ وَيُحِبُّ الْمُتَطَهِّرِيْنَ ﴿٢٢٢﴾ نِسَآؤُكُمْ
حَرْثٌ لَّكُمْ ۠ فَاْتُوْا حَرْثَكُمْ اَنّٰى شِئْتُمْ ۡ وَقَدِّمُوْا لِاَنْفُسِكُمْ ۭ
وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّكُمْ مُّلٰقُوْهُ ۭ وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ ﴿٢٢٣﴾

**તર્જુમો :** અને તેઓ પૂછે છે તમને હૈઝ (માસિક સ્ત્રાવ)ના વિશે[૨૮૪] ફર્માવો તે તકલીફદાયક છે, તો અલગ રહ્યા કરો સ્ત્રીઓથી હૈઝની હાલતમાં અને ન નજીક તેમની જયા કરો ત્યાં સુધી કે તેણીઓ પાક થઈ જાય. પછી જ્યારે તેણીઓ પાક થઈ જાય[૨૮૫] તો જાવ તેમની પાસે જે પ્રમાણે હુકમ આપ્યો છે તમને અલ્લાહે, બેશક ! અલ્લાહ દોસ્ત રાખે છે ખૂબ જ તૌબા કરનારાઓને અને દોસ્ત રાખે છે સાફ સ્વચ્છ રહેનારાઓને. તમારી પત્નીઓ તમારી ખેતીઓ છે[૨૮૬] જેથી તમે આવો તમારા ખેતરોમાં જે રીતે ચાહો[૨૮૭] અને પહેલેથી કરી લો પોતાની ભલાઈનાં કામ[૨૮૮] અને ડરતા રહો અલ્લાહથી, અને સારી પેઠે જાણી લો કે તમે મળનારા છો એનાથી, અને (હે હબીબ !) ખુશખબરી આપો મો'મિનોને.

### તફસીર...............

**૨૮૪.** યહૂદીઓ હૈઝના દિવસોમાં સ્ત્રીઓ સાથે તદન સંબંધ કાપી નાખતા હતા. એક સાથે ઉઠવું બેસવું તો દૂરની વાત તેણી સાથે ઉઠવું બેસવું પણ બંધ કરી દેવામાં આવતું, બલ્કે તેણીના હાથનું રાંધેલું ખાવા પણ નાપાક ગણવામાં આવતું હતું, અને અરબસ્તાનમાં મુશ્રિકોનું વર્તન પણ આવું જ હતું. પરંતુ નસારા (ઈસાઈ) આ બાબતોમાં કોઈ પ્રકારનો પરહેઝ કરતા ન હતા, ત્યાં સુધી કે સંભોગ કરવાથી પણ દૂર રહેતા ન હતા. હુઝૂર નબી કરીમ ﷺને પૂછવામાં આવ્યું તો આ આયત નાઝિલ થઈ જેમાં ન અતિશયતા છે ન કમી છે, બલ્કે ઈસ્લામનું પ્રચલિત મધ્યમમાર્ગીપણુ જોવા મળે છે કે સંભોગ કરવાથી મના કરી દેવામાં આવ્યું કેમ કે સ્ત્રી તથા પુરૂષ બંનેનો ફાયદો એમાં જ છે. સ્ત્રીની તબીઅત એ દિવસોમાં ઢીલી રહે છે અને એ કાર્ય તેણીને માટે પણ નાપસંદીદા હોય છે. તેમ જ લોહી જે ગંદુ તથા નાપાક છે એવી સ્થિતિમાં કોઈ સારી પ્રકૃતિવાળો સંભોગ કરવું પસંદ કરશે નહીં, બલ્કે એવું કરવાથી ઘણીવાર એવી નફરત પેદા થઈ જાય છે કે જે પછી નીકળી શકતી નથી. પરંતુ સાથે ઉઠવા બેસવા, ખાવા પીવાને ઈસ્લામે જાઈઝ રાખ્યું છે કેમ કે એમાં કોઈ વાંધો નથી.

**૨૮૫.** અહીં પાકીમાં અતિશયતાનો હેતુ છે. એટલે લોહી બંધ થયા બાદ ગુસ્લ કરી લે અથવા એક નમાઝનો સમય પસાર થઈ જાય અથવા લોહી દસ દિવસ પસાર થવા છતાં બંધ ન થયું હોય તો પછી સંભોગની ઈજાઝત છે. આ પાબંદી એટલા માટે વધારવામાં આવી છે કે જેથી લોહી બંધ થવાનું સંપૂર્ણ યક઼ીન થઈ જાય.

**૨૮૬.** એટલે કે પ્રાકૃતિક રીતે અલ્લાહે સ્ત્રીઓને પુરૂષોના માટે સહેલ માણવાની જગ્યા નથી બનાવી, બલ્કે બંનેવ વચ્ચે ખેતર તથા ખેડૂત જેવો સંબંધ છે. (તફહીમુલ કુર્આન) એક સંવેદનશીલ હક઼ીક઼તને કેટલા સારા અંદાઝમાં વર્ણન કરવામાં આવી છે કે કપાળે કરચલી પણ નથી પડતી અને હેતુ પણ ખુલીને સામે આવી જાય છે, બલ્કે જો વિચારણા કરવામાં આવે તો ઈસ્લામી દાંમ્પત્ય જીવનની સંપૂર્ણ ફિલોસોફી આ બે શબ્દોમાં સમેટીને રાખી દેવામાં આવી છે. શાદીનો મક઼સદ કેવળ આનંદ માણવું જ નથી બલ્કે ઔલાદની

પ્રાપ્તિ છે એટલા માટે પોતાના માટે એવી પત્ની પસંદ કરો જે નેક તથા પાકબાઝ (સચરિત્રવાળી) હોય કેમ કે જો રદ્દી જમીનમાં બીજ રોપશો તો સારી ખેતીની અપેક્ષા નિરર્થક છે. તેજ પ્રમાણે જેવી રીતે ખેડૂતની જાહેરી ખુશહાલી બલ્કે સલામતીનો આધાર તેના ખેતરની હિફાઝત તથા રક્ષા અને ખિદમત પર છે અને એના માટે દિલી લગાવ જરૂરી છે એવી જ રીતે તમારા સંબંધો તમારી જીવનસંગીની સાથે દિલી જોડાણના હોવા જોઈએ. મતલબ કે તમે જેટલું વિચારતા જશો એટલા શાદીના હેતુઓ તથા ફર્ઝો ઉભરાઈ ઉભરાઈને સામે આવતા જશે.

**૨૮૭.** اَنّٰی 'કયફ'ના અર્થમાં છે. એટલે કે સંભોગની કોઈ એવી સ્થિતિ નિશ્ચિત નથી બલ્કે જે રીતે તમે ચાહો, કેવળ એક શરત ધ્યાનમાં રહે કે બીજ ત્યાં જ રોપવામાં આવે જે જગા એના માટે ખાસ કરવામાં આવેલી છે. આયતના આ શબ્દ વડે બે ગલતકારીઓની રદ કરી દેવામાં આવી છે : યહૂદીઓએ સંભોગના માટે કેવળ એક જ સ્થિતિ નિશ્ચિત કરી રાખી હતી, તો ફર્માવ્યું કોઈ ખાસ સ્થિતિની પાબંદીની જરૂરત નથી બલ્કે જેવું તમને પસંદ હોય. અને અમુક ગંદી પ્રકૃતિના લોકો સ્ત્રી સાથે લવાતત (સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય) કર્યા કરતા હતા એનાથી મના કર્યું કે તે બીજ રોપવાની જગા નથી, એનાથી શાદીનો હેતુ પણ મરી પરવાડે છે અને સ્ત્રીના પ્રાકૃતિક હક્કો પણ પાયમાલ થાય છે.

**૨૮૮.** ઘણુ સમૃદ્ધ વાક્ય છે અને ઘણા વિશાળ ભાવાર્થ માટે દલીલ પુરવાર કરે છે એટલે કે આ લિજજતો (મસ્તી, આનંદ)માં જ ન ખોવાય જાવ બલ્કે તમારી આવનારી જિંદગીના માટે એક નેક અમલોનું ભાથુ ભેગુ કરતા રહો. તેમજ શાદીથી ઔલાદ ચાહો જેથી તેના લીધે તમારું નામ બાકી રહે અને તેમના નેક અમલોથી તમારા મૃત્યુ બાદ તમારા આમાલનામાં નેકીઓનો વધારો થતો રહે. જો તમે આનંદ મસ્તી પામવામાં જ જીવન બર્બાદ કરી નાખીને દુનિયાથી ચાલ્યા ગયા તો તમારું નામ સુદ્ધાં નષ્ટ થઈ જશે અને જો ઔલાદ થઈ અને તમે સારી કેળવણી ન કરી, તેમના સંસ્કાર તથા જીવન પદ્ધતિને ઈસ્લામી માળખામાં ન ઢાળી અને તે જાહિલ, બદ્અમલ, બદ્કાર બની ગઈ તો તમને યાદ તો કરવામાં આવશે પરંતુ એવી બુરાઈની સાથે કે એના કરતાં તો તમને જો યાદ ન કરવામાં આવત તે બેહતર હતું. તેમજ નેક ઔલાદની ખ્વાહિશ છે તો પ્રથમ એવી નેક પત્ની શોધો જે નેક તથા ખુશનસીબ બાળકોની માં બની શકે. આ સર્વ હેતુઓ قدموا لانفسكم માં વર્ણન કરી દેવામાં આવ્યા છે.

પેજ નં. ૧૧ નું ચાલુ...

**૭.** અગાઉ આવી ગયું કે કબ્રથી મુરાદ આલમે બરઝખ છે. હિંદના મુશ્રિકો મુર્દાને સળગાવે છે તેમને પણ અઝાબે બરઝખ થાય છે.

**૮.** જાહેર એ છે કે આ સંબોધન સર્વ મુસલમાનોને છે ન કે કેવળ સહાબાથી, અમુક સહાબા તથા ઔલિયા અલ્લાહ તો અઝાબે કબ્રને સાંભળે તથા જુએ છે. મતલબ એ છે કે કબ્રનો અઝાબ એટલી ભયાનક ચીજ છે કે જો પબ્લિક તેને જોઈ લે તો ભયથી પાગલ બની જાય અને પોતાનાં મુડદાંને દફન કરવાનું ભૂલી જાય. એ મતલબ નથી કે દફન ન કરવાથી અઝાબ નથી થતો, જેથી હદીષ પર કાંઈ વાંધો નથી. કોઈટાનો ધરતીકંપ જોઈને લોકોના હોશ ઉડી ગયા હતા અને ઘણા પાગલ થઈ ગયા હતા.

**૯.** જો કે કબ્રનો અઝાબ પ્રથમ છે અને દોઝખનો અઝાબ બાદમાં છે, પરંતુ દોઝખનો અઝાબ સખ્ત છે અને કબ્રનો અઝાબ હલકો છે, કે દોઝખમાં આગ છે અને કબ્રમાં આગની અસર છે, એટલા માટે દોઝખનો ઉલ્લેખ પ્રથમ કર્યો અને કબ્રનો બાદમાં કર્યો.

**૧૦.** ઉઘાડા ફિત્ના બદ્અમલીઓ છે એટલે કે શરીરના ગુનાહ અને છુપા ફિત્ના બદ્અકીદગીઓ, હસદ, કીનો વગેરે છે એટલે કે દિલના ગુનાહ. મતલબ એ છે કે આ સર્વ બુરાઈઓથી પનાહ માંગો જે કબ્રના અઝાબ તથા દોઝખના અઝાબનો સબબ છે, કેમ કે જાહેરી દષ્ટિમાં એ તકલીફદાયક નથી હોતા એટલા માટે એમનો ઉલ્લેખ બાદમાં કરવામાં આવ્યો.

**૧૧.** આ દુઆ આવનારી પેઢીઓની તા'લીમના માટે અને સહાબીઓના દિલમાં દજ્જાલના ફિત્નાનો ભય સ્થાપિત કરવાના માટે છે, નહીં તો હુઝૂરને ખબર હતી કે સહાબાના જમાનામાં ન દજ્જાલ આવશે ન તેના ફિત્ના આવશે.

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**હદીષ ૬૭ :** હઝરત ઝૈદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہથી[1] રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ બની નજ્જારના બાગમાં પોતાના ખચ્ચર પર સવાર હતા[2]. અને અમે હુઝૂરની સાથે હતા કે અચાનક આપનું ખચ્ચર ભડકયું[3], નજીક હતું કે આપને ગબડાવી દેતું. એકાએક ત્યાં પાંચ કૃબરો હતી. હુઝૂરે ફર્માવ્યું કે આ કૃબરોને કોઈ ઓળખે છે ?[4] એક જણે અર્ઝ કરી કે, હું. હુઝૂરે ફર્માવ્યું, આ કયારે મર્યા ? અર્ઝ કરી, શિર્કના જમાનામાં[5]. ત્યારે હુઝૂરે ફર્માવ્યું કે આ ગિરોહ[6] ને તેમની કૃબરોમાં અઝાબ આપવામાં આવે છે[7]. જો એ ખતરો ન હોત કે તમે દફન કરવાનું છોડી આપો તો હું અલ્લાહથી દુઆ કરત કે તેના અઝાબમાંથી કાંઈક તમને પણ સંભળાવી આપે જે હું સાંભળી રહ્યો છું[8]. પછી અમારી તરફ ચહેરો કરીને ફર્માવ્યું કે દોઝખના અઝાબથી અલ્લાહની પનાહ માંગો ! સૌએ કહ્યું, દોઝખના અઝાબથી અલ્લાહની પનાહ માંગીએ છીએ. ફર્માવ્યું, કૃબ્રના અઝાબથી અલ્લાહની પનાહ માંગો ! સૌ બોલ્યા, કૃબ્રના અઝાબથી અલ્લાહની પનાહ માંગીએ છીએ[9]. ફર્માવ્યું, દજ્જાલના ફિત્નાથી અલ્લાહની પનાહ માંગો ! સૌ બોલ્યા, દજ્જાલના ફિત્નાથી અલ્લાહની પનાહ[10]. *(મુસ્લિમ)*

### સ.....મ.....જૂ.....તી.....

**૧.** આપ અન્સારી છે, મદની છે. વહીના કાતિબ (લહિયા), ઈલ્મે ફરાઈઝના ઈમામ છે. આપના હાલાત અગાઉ વર્ણન થઈ ચૂકયા છે.

**૨.** બની નજ્જાર અન્સારનો એક મોટો કબીલો છે તેમની જ નાની બાળકીઓ હિજરતના દિવસે હુઝૂરના (મદીના પાકમાં) આગમન પર દફ વગાડીને ગાતી ગાતી ખુશીઓ મનાવતી હતી.

**૩.** કૃબ્રનો અઝાબ જોઈને. જાણવા મળ્યું કે જે ખચ્ચર પર હુઝૂર સવાર થઈ જાય તેની આંખેથી ગયબી પર્દા ઉઠી જાય છે કે તે કૃબ્રની અંદરના અઝાબને જોઈ લે છે, તો જે વલી પર હુઝૂરનો દસ્તે કરમ પડી જાય તે અર્શ તથા ફર્શ જોઈ લે છે. યાદ રાખશો કે જાનવર કૃબ્રવાળાઓની ચીસો પોકારો સાંભળી લે છે જેવું કે પાછલી હદીષમાં વર્ણન થઈ ચૂકયું. પણ કૃબ્રના અઝાબને જોવું હુઝૂરની બરકતથી હતું, નહીં તો આપણા ઘોડા રાત દિવસ કૃબ્ર પરથી ગુજરે છે પણ ન ભડકે છે ન ઉછળે છે.

**૪.** આ સવાલ પોતાની લાઈલ્મીના લીધે નથી બલ્કે બીજાની જીભથી આ હાલાત સંભળાવવા માટે છે. હુઝૂર પોતાના સહાબા તથા તેમની કૃબ્રોને ઓળખે છે. દરેકના દફનમાં શરીફ થતા હતા. રબ તઆલાએ મૂસા علیہ السلامને પૂછયું હતું કે તમારા હાથમાં શું છે ? જો કે રબ તઆલા અલીમો ખબર (જાણનાર ખબર રાખનાર) છે. જયારે હુઝૂર કૃબ્રનો અઝાબ જોઈ રહ્યા છે તો એ કેવી રીતે શકય છે કે આપ એમનાથી અજાણ હોઉ.

**૫.** આપના આગમન પહેલાં અથવા બાદમાં આપનો ઈન્કાર કરીને. એનાથી જાણવા મળ્યું કે ઈસ્લામના ઝહૂર પહેલાં જે મુશ્રિક થઈને મર્યો તેને પણ કૃબ્રનો અઝાબ થશે અને **કાફિરોનો અઝાબ કદી ખત્મ નથી થતો, ન તેના માટે મગફિરતની દુઆ કરવામાં આવે, ન ઈસાલે સવાબ વગેરે.** મુર્દાને કોઈ દવા ફાયદાકારક નથી અને કાફિરને કોઈ દુઆ ફાયદાકારક નથી, એટલા માટે હુઝૂરે એમના માટે દુઆ પણ ન ફર્માવી અને કૃબ્ર પર લીલી ડાળખી વગેરે પણ ન નાખ્યું જેમ કે ગુનેહગારોની કૃબ્ર પર ખજૂરની ડાળી ખોસી હતી જેનું વર્ણન આગળ આવશે. અમુક મુસલમાન મુશ્રિકોને ખુશ કરવા માટે ગાંધીની સમાધી પર ફૂલ ચઢાવે છે એ સખ્ત નાજાઈઝ છે.

**૬.** મુશ્રિકો તથા કાફિરોનો ગિરોહ. ઉમ્મત એટલે જમાઅત જે દીન અથવા સમય અથવા જગામાં એકત્ર થાય. *(મિર્કાત)* વધુ પેજ નં. ૧૦.....પર

# شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## ★ શાને મુસ્તફવી ﷺ ★

ઈમામ અબૂ મુહમ્મદ મક્કી અને ફકીહ અબૂ લૈષ સમરકંદી رحمۃ اللہ علیہما એ આ હિદાયત કરી છે કે હઝરત આદમ علیہ السلام થી ખતા (ઈજતેહાદી) થઈ ગયા પછી બારગાહે ખુદાવંદીમાં અર્ઝ કરવા લાગ્યા કે, અય અલ્લાહ ! મને બ હક્કે મુહમ્મદ ﷺ માફ કરી દે. બીજી રિવાયતમાં છે કે મારી ખતા માફ કરી દે અને તૌબા કબૂલ ફર્માવ ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પૂછયું કે, હે આદમ ! તમે મકામે મુહમ્મદથી કઈ રીતે જાણકાર થયા ? અર્ઝ કરવા લાગ્યા કે, મેં જન્નતમાં દરેક જગ્યાએ આ જ લખેલું જોયું હતું કે **લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** આ જોવાથી મને યકીન થઈ ગયું હતું કે તેઓ અલ્લાહ તઆલાના નજીક તમામ બંદાઓમાંથી વિશેષ પ્રતિષ્ઠિત છે. બીજી રિવાયતમાં છે કે જન્નતમાં દરેક જગ્યાએ લખેલું જોયું હતું કે **મુહમ્મદ અબ્દી વ રસૂલી.** જેથી અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلام ની તૌબા કબૂલ કરી લીધી અને તેમની ભૂલ માફ કરી દીધી. આ કૌલ કરનાર બંને હઝરતના નજીક فَتَلَقّٰی آدَمُ مِنْ رَّبِّهٖ كَلِمَاتٍ فَتَابَ عَلَيْهِ ના સ્પષ્ટીકરણનું આ જ કથન છે.

બીજી રિવાયતમાં છે કે હઝરત આદમ علیہ السلام બારગાહે ઈલાહીમાં આવી રીતે અર્ઝ કરવા લાગ્યા હતા કે, અય પરવરદિગાર ! હું પેદા થયો તો જ્યારે અર્શ પર નજર કરી ત્યારે તેના પર આ લખેલું જોયું **લા ઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** તો તે જ વખતે જાણી લીધું હતું કે તારી બારગાહમાં જે મર્તબો મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ નો છે તે બીજા કોઈનો નથી, કેમ કે એમના મશ્હૂર જાણીતા પવિત્ર નામને તેં પોતાના નામના સાથે ભેળવેલું હતું. અલ્લાહ તઆલાએ તેમની તરફ વહી મોકલી કે અય આદમ ! મને મારી ઈઝ્ઝત અને જલાલની કસમ ! તેઓ જો કે તમારી ઔલાદમાંથી છે અને તમામ અંબિયાના આખિરમાં થશે, પરંતુ આ મહબૂબને પેદા કરવાનો ઉદ્દેશ્ય ન હોતો તો તમને પણ પૈદા ન કરતો ! જેથી હઝરત આદમ علیہ السلام એ પોતાની કુન્નિયત અબૂ મુહમ્મદ રાખી દીધી હતી. એક કથન એ પણ છે કે તેમની કુન્નિયત અબૂલ્બશર છે.

સરીહ બિન યૂનુસ رضی اللہ عنہ થી રિવાયત છે કે અલ્લાહ તઆલાના કેટલાક ફરિશ્તાઓ એવા છે જેઓ જમીન પર ઘુમતા ફરતા રહે છે, તેમનું કામ એ છે કે દરેક તે ઘરમાં હાજરી આપે છે જેમાં મુહમ્મદ અથવા અહમદ નામનો કોઈ આદમી રહેતો હોય. તે ફરિશ્તાઓની ઈબાદત આ જ છે.

કાઝી ઈબ્ને કાનેઆ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અબી અલ્હમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે મને આસમાનોની સૈર કરાવવામાં આવી ત્યારે મેં અર્શે ઈલાહી પર લખેલું જોયું કે **લા ઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલલ્લાહિ અય્યદતુ હુ બિ અલય્યીન.** (એટલે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, મુહમ્મદ અલ્લાહના રસૂલ છે જેમની અલી દ્વારા મેં મદદ કરી છે.)

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની તફસીરમાં મરવી છે કે તે સોનાની એક તખ્તી છે જેના પર લખેલું હતું કે એ શખ્સ પર આશ્ચર્ય છે જે તકદીર પર યકીન રાખતો હોય અને કષ્ટ ઉઠાવે અને એ શખ્સ પર પણ આશ્ચર્ય છે જેઓ દોઝખ પર યકીન રાખે, તેમ છતાં તેને હસવાનું આવે. પછી તે શખ્સ પર પણ આશ્ચર્ય છે જે સમયના ચક્કર અને દુનિયાદારીની હેરાફેરીને જોઈ તેના પર ભરોસો કરે છે અને હું અલ્લાહ છું મારા સિવાય કોઈ મઅબૂદ નથી અને મુહમ્મદ મારા બંદા અને રસૂલ છે. (عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે

છે કે જન્નતના દરેક દરવાજા પર **લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુરસૂલુલ્લાહ** લખેલું છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે જે શખ્સ તેને માનનાર હશે હું તેને અઝાબ આપીશ નહીં. કેટલાક હઝરાતોએ ચર્ચા કરી છે કે પુરાણા પથ્થરો પર **મુહંમદુન તક઼ીયુન મુસ્લિહુંવ વસૈયિદુન અમીનુન** લખેલું જોવામાં આવ્યું છે એટલે મુહમ્મદ રસૂલલ્લાહ ﷺ પરહેઝગાર છે, સુધારણા કરનાર, થાપણો સાચવનાર (અમાનતદાર) છે. (ﷺ)

અલ્લામા શંતારી એ લખ્યું છે કે ખુરાસાનના ઈલાકામાં એક એવું બાળક પૈદા થયું જેની ભૂજા પર **લાઈલાહ ઈલલલાહ** અને બીજી ભૂજા પર **મુહમ્મદુર્રસૂલુલ્લાહ** લખેલું હતું. ઈતિહાસકારો બયાન કરે છે કે, હિંદુસ્તાન (અખંડ ભારત)માં એક એવું ફૂલ છે જેનો રંગ લાલ છે પરંતુ સફેદ કુદરતી રંગમાં **લાઈલાહ ઈલ્લાલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** લખેલું છે.

ઈમામ જઅફર સાદિક (વિસાલ : ૧૪૮)એ પોતાના વાલિદે મુહતરમ ઈમામ બાકર (વિસાલ : હિ.સ. ૧૧૪)થી રિવાયત કરી છે કે **ક઼િયામતના રોજ એક એલાન કરનાર અવાજ આપશે કે, અય લોકો ! તમારામાં જેનું નામ મુહમ્મદ અથવા અહમદ છે તે જન્નતમાં ચાલ્યો જાય !** આ હુકમથી અલ્લાહ તઆલાનો હેતુ પોતાના હબીબ ﷺના મુબારક નામની મહત્તા અને કરામત દેખાડવી છે.

ઈબ્ને ક઼ાસિમ رحمة الله عليهએ પોતાની કિતાબ ''અસ્સમાઅ''માં અને ઈબ્ને દહબ رحمة الله عليهએ ''અલ્ જામેઅ''માં ઈમામ માલિક رحمة الله عليهથી રિવાયત કરી છે કે મેં મક્કા મદીનાવાળાને આમ કહેતાં સાંભળ્યા છે કે, **જે ઘરમાં ''મુહમ્મદ'' નામનો કોઈ શખ્સ રહે છે તે ઘરમાં બરકત થાય છે અને તેને પુષ્કળ રોજી આપવામાં આવે છે.** નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે તેમાં તમારું છેવટે શું નુકસાન છે કે તમારા ઘરમાં એક અથવા બે અથવા એનાથી વધીને ત્રણ મુહમ્મદ હોય ! એટલે તે નામના કેટલાય આદમી હોય.

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضي الله عنه ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ પોતાના બંદાનાં દિલોને જોયાં તો તેમનામાંથી ''ક઼લ્બે મુસ્તફ઼ા''ને પોતાના માટે ખાસ કરી લીધું અને તેમને ''ખિલ્અતે રિસાલત'' (પયગંબરીનો સરપાવ)થી સુસજ્જિત કરી મોકલ્યા. હઝરત નકાશ رحمة الله عليهનું બયાન છે કે જ્યારે આ આયતે કરીમા નાઝિલ થઈ :–

**وَمَا كَانَ لَكُمْ اَنْ تُؤْذُوْا رَسُوْلَ اللّٰهِ وَلَاۤ اَنْ تَنْكِحُوْۤا اَزْوَاجَهٗ مِنْۢ بَعْدِهٖۤ اَبَدًا ۔**

**(અર્થાત)** : ''અને તમને (હક઼્ક઼) પહોંચતો નથી કે કષ્ટ આપો રસૂલલ્લાહને અને ન એ કે આપના પછી કદી આપની બીબીઓ સાથે નિકાહ કરો.''

ત્યારે નબી કરીમ ﷺ મિમ્બર પર ઉપસ્થિત થયા અને સંબોધન કર્યું કે, અય મુસલમાનો ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે મારા પર સ્પષ્ટ પ્રતિષ્ઠા પ્રદાન કરી છે અને મારી પુનિત પત્નીઓ (અજવાઝે મુતહ્હરાત)ને તમારી બીવીઓ પર પ્રતિષ્ઠા પ્રદાન કરી છે.

પેજ નં. **૪૨** નું ચાલુ... આ વહાબી દેવબંદી, કહેવાતા અહલે હદીષ, મૌદૂદી વગેરે સાથે સગાઈ સંબંધ તથા દોસ્તી અને ઉઠક બેઠકનું જ પરિણામ છે કે આ બદ્અક઼ીદાઓની કોઈ રદ કરે અથવા તેમનું ઘસાતુ બોલે તો અહીં તકલીફ આપણા કહેવાતા સુન્ની ભાઈને થાય છે ! તેના દિલના ખૂણામાં પીડા ઉપજે છે ! તે બેચૈન થઈ જાય છે અને બોલી ઉઠે છે કે, ''ફિત્ના ઉભા ન કરો ! કોઈને બુરુ ન બોલો !.... વગેરે વળી ઘણે ઠેકાણે ''બદ્અક઼ીદાની રદ ન કરવી'' એવી તાકીદ ખતીબો ઈમામોને કરવામાં આવે છે. **જેના દિલમાં ઈમાન ઝગારા મારે છે, અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ની મહોબ્બત સમાયેલી છે તેને તેમની ગુસ્તાખી સાંભળીને તકલીફ થશે અને જેના દિલમાં ખુદા વ રસૂલના ગુસ્તાખો આ બદ્અક઼ીદાઓની લાગણી સમાયેલી છે તેમને તેમની રદ થતાં દુઃખ થશે એ સ્વભાવિક વાત છે.** તો જેઓને બદ્અક઼ીદા વિશે હક઼્ક઼ વાતો કુર્આન હદીષની રૂએ જાહેર કરવામાં આવે અને તેમને તકલીફ થવા લાગે તો તેમણે પોતાના ઈમાનની છાનબીન કરી લેવી જોઈએ. પોતાના વિરુધ્ધ બોલનાર કે કરનાર તથા રાજરમતમાં વિરોધી ગૃપની વિરુધ્ધ ગમે તેવું બોલો, આક્ષેપો કરો ત્યારે એ વિચારવામાં ન આવે કે, ''કોઈને બૂરો ન કહો ! એકતાથી રહો ! વિખવાદ તથા વાડાબંધી ન કરો !'' અને જેઓ અલ્લાહના રસૂલ ﷺની ગુસ્તાખીભર્યાં લખાણો છાપતા રહે, બોલતા રહે અને જે લોકો જાણવા છતાં તેવા લોકોને પોતાના પેશ્વા ગણે તેમના વિશે કાંઈક કહેવામાં આવે તો આપણા ભાઈઓ નારાજ થઈ જાય ! તો ઈમાનની આથી બીજી શું કસોટી હોઈ શકે છે !

દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

એટલે

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## નમાઝની ચોથી શરતનું બયાન

નમાઝની ચોથી શરત **"ઈસ્તિકબાલે કિ઼બ્લા"** એટલે કે કા'બા શરીફ તરફ મોઢું રાખી નમાઝ પઢવી છે.

**મસ્અલો** : નમાઝ ફક્ત અલ્લાહ તઆલા માટે જ પઢવામાં આવે અને એના માટે જ સિજદો કરવામાં આવે, ન કે કા'બા શરીફને. જો કોઈએ મઆઝલ્લાહ ! કા'બા માટે સિજદો કર્યો તો **હરામ** અને **કબીરો ગુનોહ** (મહા પાપ) કર્યો અને જો કા'બા શરીફની ઈબાદત કરવાની નિય્યતે કર્યો તો તે **ખુલ્લું કુફ્ર** કર્યું. એટલા માટે કે અલ્લાહ તઆલા સિવાય કોઈની પણ ઈબાદત કરવી કુફ્ર છે. *(દુર્રે મુખ્તાર, ઈફાદાતે રઝવિય્યહ્)*

**મસ્અલો** : જે માણસ કા'બા શરીફ તરફ મોં કરવાથી મજબૂર (લાચાર) હોય તો જે તરફ મોં કરી શકતો હોય તે તરફ કરી પઢી લે અને પાછળથી નમાઝ બીજીવાર ફરી પઢવાની જરૂરત નથી. *(મુનિયા)*

**મસ્અલો** : બીમાર માણસમાં એટલી શક્તિ ન હોય કે તે કા'બા શરીફ તરફ મોં ફેરવી નમાઝ પઢી શકે, અને ત્યાં મોં ફેરવનાર બીજું કોઈ માણસ પણ ન હોય તો તે જે તરફ મોં કરી પઢશે નમાઝ થઈ જશે.

**મસ્અલો** : કોઈની પાસે બીજાની અમાનતનો કે પોતાનો માલ છે અને તે જાણે છે કે કિ઼બ્લા તરફ મોં કરી પઢવા જઈશ તો જરૂર ચોરાઈ જશે તો તે જે તરફ ચાહે તે તરફ પઢી શકશે.

**મસ્અલો** : તોફાની, મસ્તીખોર જાનવર ઉપર બેઠેલો છે કે તે ઉતરવા નથી દેતું અથવા ઉતરી જશે તો બીજાની મદદ વિના બેસવા દેશે નહીં, અથવા વૃદ્ધ છે કે પોતે સ્વમેળે સવાર નહીં થઈ શકે, અને કોઈ માણસ પણ નથી કે જે બેસાડી દે તો તે જે તરફ મોં રાખી નમાઝ પઢશે થઈ જશે.

**મસ્અલો** : જો સવારી રોકી શકવાની શક્તિ હોય તો રોકીને નમાઝ પઢે અને શક્ય હોય તો કિ઼બ્લા તરફ મોં કરી નમાઝ પઢે નહીં તો જેવી રીતે અને જે તરફ પઢી શકતો હોય પઢે અને સવારી રોકવામાં સાથીઓનો સાથ (સંગત) છૂટી જવાનો ભય હોય તો સવારી ઉભી રાખવાની પણ જરૂરત નથી, ચાલતી સવારીએ જ પઢે.

**મસ્અલો** : ચાલુ નાવડી કે વહાણમાં નમાઝ પઢે, તહરીમા (કોલ બાંધતી વેળા) કિબ્લા તરફ મોં કરે અને જેમ જેમ નાવડી કે વહાણ ફરતું જાય તેમ તેમ પોતે પણ કિ઼બ્લા તરફ મોઢું ફેરવતો રહે ચાહે ફર્ઝ નમાઝ હોય કે નફ્લ. *(ગુનિયા)*

**મસ્અલો** : જો કિ઼બ્લાની દિશા ખબર ન હોય એટલે કે ખબર નથી કે કિ઼બ્લો કઈ તરફ આવ્યો અને કોઈ બતાવનાર પણ નથી તો દિલથી વિચારે જે તરફ કિ઼બ્લો હોવાનું દિલ ગવાહી આપે તે તરફ નમાઝ પઢે તેના માટે જ કિ઼બ્લો છે. *(મુનિયા)*

**મસ્અલો** : તહર્રી કરીને એટલે કે દિલથી વિચારી કિ઼બ્લો નક્કી કરીને નમાઝ પઢી પછી ખબર પડી કે કિબ્લા તરફ નમાઝ પઢી નથી તો ફરીથી દોહરાવવાની જરૂરત નથી, એ નમાઝ થઈ ગઈ. *(મુનિયા)*

**મસ્અલો** : તહર્રી કરી નમાઝ પઢી રહ્યો હતો અને વચમાં ભલે સિજદાએ સહ્વમાં હોય અને દિલનો અભિપ્રાય બદલાઈ ગયો અથવા ખરેખર ભૂલ જણાઈ તો તરત જ ફરી જવું ફર્ઝ છે. પહેલી જેટલી રકાતો પઢી ચૂક્યો છે તેમાં ખરાબી આવશે નહીં. એવી જ રીતે ચાર રકાતો ચાર તરફ પઢી તો પણ જાઈઝ છે. (એટલે કે પહેલી રકાત પૂર્વ દિશામાં પઢતો હતો કે દિલમાં વિચાર વધુ પેજ નં. ૩૦...

# રહમતે દારૈન ﷺના શયદાઈ

નકર્તા ફરજાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ ઝુહરી رضی اللہ عنہ

રમઝાનુલ મુબારક સ.હિ. ૨ માં બદરની જગા પર હક્ક અને બાતિલની પહેલી જંગ પેશ આવી તો હઝરત અબ્દુર્રહમાન رضی اللہ એમાં ઘણા જોશ અને જુસ્સાની સાથે શરીક થયા. ઘમસાણ લડાઈમાં તેઓ દુશ્મનની સફોમાં ઘૂસી ગયા અને કેટલાય મુશ્રિકોને ઘાયલ કર્યા ઉપરાંત સાઈબ બિન અબી રફાઆને જહન્નમી વાસિલ કર્યો. સહીહ બુખારીમાં ગઝવએ બદરના બાબતમાં ખૂદ હઝરત અબ્દુર્રહ્માન رضی اللہ عنہથી બે બનાવ નકલ થયેલ છે. એક બનાવ આ પ્રમાણે છે :–

હું બદરના દિવસે સફમાં ઊભો હતો. પાછા વળીને જોયું તો મારી જમણી ડાબી તરફ બે નવજવાન હતા, મને એમના પર સંતોષ ન હતો. એટલામાં એકે મને ધીમા અવાજે કહ્યું, કાકા ! અબૂ જહલને દેખાડી આપશો ! મેં પૂછયું, ભાઈ સાહબ ! શું કરશો ? એણે કહ્યું, મેં ખુદાથી વાયદો કર્યો છે કે એને કતલ કરીશ અથવા એ કોશિશમાં કતલ થઈ જઈશ ! બીજાએ પણ ધીમેથી મને આ જ વાત કહી. હવે મને ખુશી થઈ કે હું કયા બે માણસોની વચમાં ઊભો છું. મેં ઈશારાથી અબૂ જહેલને દેખાડી દીધો. એ બંનેવ બાજની જેમ એના પર ઝપટી પડયા અને એને મારી નાખ્યો. એ બંને ઉફરાઅ رضی اللہ عنہના પુત્રો હતા.

જમહૂર એહલે સિયરે લખ્યું છે કે અબૂ જહલને બુરી રીતે ઝખ્મી કરવાવાળા નવજવાન હઝરત મુઆઝ رضی اللہ عنہ અને હઝરત મુઅવેઝ અબ્ના ઉફરાઅ رضی اللہ عنہ હતા. ઉફરાઅ رضی اللہ عنہ એમની માતાનું નામ હતું. પિતાનું નામ હારિષ બિન રફાઆ હતું. એમનો સંબંધ અન્સારના કબીલા ખઝરજની શાખ બનૂ નજ્જારથી હતો.

બીજો બનાવ ઉમય્યા બિન ખલફના કતલનો છે. ઉમય્યા મુશ્રિકોના લશ્કરમાં સામેલ થઈને મુસલમાનોથી લડવા આવ્યો હતો. જ્યારે મુશ્રિકોની હાર થઈ ગઈ અને એ લોકોએ ભાગવાનું શરૂ કર્યું તો ઉમય્યાએ હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہને જોઈ લીધા. કેમ કે વેપારના કરારમાં હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہએ એના રક્ષણનો વાયદો કર્યો હતો. ઉમય્યાએ ભાગતાં ભાગતાં એમને બૂમ પાડી કે મને બચાવો ! હઝરત અબ્દુર્રહમાને વાયદાની વફાના ખયાલથી એને બચાવવાનું ઈચ્છયું, એ અલગ વાત છે કે તેઓ એમાં સફળ ન થયા. આ બનાવ એમની જીભે સાંભળો, "જ્યારે બદરનો દિવસ આવ્યો તો હું પહાડની તરફ ચાલ્યો જેથી એ (ઉમય્યા બિન ખલફ)નું રક્ષણ કરું. એ સમયે લોકો સૂઈ ગયા હતા પરંતુ એ ઉમય્યાને બિલાલ رضی اللہ عنہએ જોઈ લીધો. તેઓ ગયા અને અન્સારની એક મજલિસમાં ઊભા થઈને કહ્યું, પેલો રહ્યો ઉમય્યા બિન ખલફ ! એ (ખુદાના દુશ્મન)ને છોડવો યોગ્ય નથી. અન્સારની એક જમાઅતે એમની સાથે અમારો પીછો કર્યો. મને ડર પેદા થયો કે આ લોકો અમને જોઈ લેશે. મેં એ ઉમય્યાના પુત્રને પાછળ છોડી દીધો જેથી તેઓ એનાથી લડવામાં રહે. એ લોકોએ એને કતલ કરી દીધો પરંતુ અમારો પીછો ન છોડયો. તે (ઉમય્યા) ભારે શરીરનો માણસ હતો (એટલા માટે ઝડપથી ચાલી શકતો ન હતો.) જ્યારે એ લોકો અમારી પાસે પહોંચી ગયા તો મેં એને કહ્યું, બેસી જા, તો તે બેસી ગયો. મેં રક્ષણના ખયાલથી પોતાની જાતને એના પર નાખી દીધી. એ લોકો (અન્સારે) મારી નીચેથી તલ્વારો ચલાવી અને એને કતલ કરી દીધો. મારા પગમાં પણ તલ્વારનો ઘા લાગ્યો.

એક રિવાયતમાં છે કે હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہએ ગઝવએ બદરમાં એક મુશ્રિક હિજાઝ બિન હારિષને કેદ પણ કર્યો.

ગઝવએ ઓહદ (સ.હિ. ૩)માં પણ હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ જાન હથેલી પર રાખી લડયા. ઈબ્ને હિશામ رضی اللہ عنہ અને હાફિઝ ઈબ્ને અબ્દુલબર رضی اللہ عنہનું બયાન છે કે એમણે ગઝવએ ઓહદમાં એકવીસ ઘા ખાધા. પગનો ઘા એટલો સખત હતો કે

જીવનભર લંગડાતા ચાલતા રહ્યા.

એક રિવાયતમાં છે કે જ્યારે લડાઈની આગ પૂરી સખતાઈથી ભડકી રહી હતી, હઝરત હારિષ બિન સમ્મા અન્સારી હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા, આપ ﷺએ એમને પૂછયું, તમે અબ્દુર્રહમાન બિન ઔફને જોયા છે ? એમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તેઓ પહાડની તરફ કાફિરોના ઘેરાવમાં હતા. મેં એ તરફ જવા ઈચ્છયું પરંતુ આપ પર નજર પડી ગઈ એટલા માટે આ તરફ ચાલ્યો આવ્યો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, અબ્દુર્રહમાનને ફરિશ્તાઓ બચાવી રહ્યા છે. હવે હઝરત હારિષ, હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہની પાસે ગયા તો જોયું કે એમની સામે કાફિરોની સાત લાશો પડી છે. એમણે પૂછયું, શું એ બધાને આપે કતલ કર્યા છે. હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہએ જવાબ આપ્યો, ઈરતાત અને ફલાણા ફલાણાને તો મેં કતલ કર્યા છે, બાકી મુશ્રિકોના કાતિલ મારી નજરમાં નથી આવ્યા. આ સાંભળીને હઝરત હારિષ رضی اللہ عنہ પુકારી ઉઠયા, રસૂલુલ્લાહ ﷺએ બિલકુલ સાચું ફર્માવ્યું હતું. *(સિયરુલ અન્સાર)*

ગઝવએ ઓહદના પછી હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ ગઝવએ અહઝાબમાં જાંબાઝ રીતે શરીક થયા.

શાબાન સ.હિ. ૬માં સરવરે આલમ ﷺએ હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہને જ્યાં સાતસો માણસ આવીને દુમતુલ જુંદલના વસેલા કબીલા બનૂ કલ્બની તરફ રવાના ફર્માવ્યા. જતાં પહેલાં હુઝૂર ﷺએ એમનો અમામા ખોલી નાખ્યો અને ખૂદ પોતાના હાથ મુબારકથી એમના માથા પર કાળો અમામા બાંધ્યો અને એમની પીઠ પર ચાર આંગળ શિમ્લા છોડીને ફર્માવ્યું, "અબ્દુર્રહમાન ! અમામા આ રીતે બાંધ્યા કરો કેમ કે આ ઉમદા અને પસંદીદા તરીકો છે."

હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہએ દૂમતુલ જુંદલ પહોંચીને બનૂ કલ્બને ઈસ્લામની દા'વત આપી. પહેલા દિવસે એમના પર કોઈ અસર ન થઈ. બીજા દિવસે પણ દા'વત આપી પરંતુ તેઓ ટસથી મસ ન થયા. ત્રીજા દિવસે એમણે પાછા એમને હક્કની તરફ બોલાવ્યા. એ વખતે એમના નસરાની સરદાર અસબગ બિન અમ્ર કલ્બી પર હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہની દા'વતની ખાસ અસર થઈ અને તે નસરાનિયત (ઈસાઈયત)ને ત્યજીને ઈસ્લામમાં દાખલ થઈ ગયા. એમની સાથે બનૂ કલ્બના તથા અન્ય ઘણા બધા લોકો પણ ટોળાબંધ ઈસ્લામના દામનમાં આવી ગયા. હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہએ સરવરે આલમ ﷺને હઝરત રાફેઅ બિન કમયતના હાથે એક પત્ર મોકલ્યો જેમાં આપ ﷺને અસબગના ઈસ્લામ લાવવાની જાણ કરી અને બનૂ કલ્બથી સંબંધો કાયમ રાખવાના વિશે પૂછયું. હુઝૂર ﷺએ (જવાબમાં) લખી ફર્માવ્યું કે તમે અસબગની પુત્રીથી શાદી કરી લો. હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہએ હુઝૂર ﷺના ઈર્શાદને માનીને અસબગની પુત્રી તમાઝરથી શાદી કરી લીધી અને એમની વિદાય કરાવીને મદીના સાથે લાવ્યા. હઝરત અબૂ સલ્મા બિન અબ્દુર્રહમાન (મશહૂર રાવી હદીષ) હઝરત તમાઝર رضی اللہ عنہاના પેટથી પેદા થયા. અમુક અહલે સિયરે એ ખયાલ જાહેર કર્યો છે કે હુઝૂર ﷺએ હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہને અસબગની પુત્રીથી શાદીનો મશ્વેરો એટલા માટે આપ્યો હતો કે આ રીતે બનૂ કલ્બથી મુસલમાનોના સંબંધો સુધરી જશે. આનાથી પહેલાં કુરૈશ અને બનૂ કલ્બમાં એકબીજામાં શાદી વિવાહના સંબંધો ન હતા.

એક રિવાયતમાં એ પણ આવ્યું છે કે હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ મદીનાથી ચાલવા લાગ્યા તો હુઝૂર ﷺએ એમને બીજી નસીહતોના ઉપરાંત આ હિદાયત પણ ફર્માવી કે અલ્લાહ તઆલા તમને ફતહ આપે (કે બનૂ કલ્બ દા'વતે ઈસ્લામ કબૂલ કરી લે) તો એમના હાકિમની છોકરીથી નિકાહ કરી લેશો. આ રિવાયત ઈબ્ને સઅદ رضی اللہ عنہએ તબકાતમાં અને ઈબ્ને અષીર رضی اللہ عنہએ "અસદુલગાબા"માં લખેલ છે. પરંતુ પહેલી રિવાયત જે હાફિઝ ઈબ્ને હજર અને મુહદ્દિષ દારકુતની رضی اللہ عنہએ બયાન કરી છે એ વધારે કરીને કયાસ યોગ્ય છે.

## સઊદી અરબ હજ્જ-ઉમરા માટે જનારાઓ ! સાવધાન !

## સઊદી તથા અન્ય ઠેકાણે વેચાતા હલાલ લેબલવાળા મટનની અસલિયત !

રજૂકર્તા : મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી દયાદરવી

**પ્યારા દીની ભાઈઓ ! બહેનો !** *ઈસ્લામમાં હલાલ તથા હરામનો ખયાલ રાખી હરામથી બચવું અને હલાલને અપનાવવું એ આપણો ઈમાની ફરીઝો છે. પેટમાં હરામ કોળિયો પધરાવનારની ન ઈબાદત કબૂલ થાય છે ન દુઆ કબૂલ થાય છે. જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે,* **"જે કોઈએ હરામનો કોળિયો ખાધો તેની ૪૦ દિવસો સુધી નમાઝ કબૂલ થશે નહીં."** *(અહ્‌યાઉલ ઉલૂમ)*

*હઝરત વહબ ઈબ્ને મુનબ્બિહ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત મૂસા علیہ السلام એ એક શખ્સને ખૂબ જ રૂદન આજીજી કાકલૂદી સાથે દુઆ માંગતાં જોયો અને બારગાહે ખુદાવંદીમાં અર્ઝ કરી, હે મઅબૂદ ! તું આ બંદાની દુઆ કબૂલ નથી કરતો ?! તો વહી થઈ કે,* **"હે મૂસા ! જો એ શખ્સ એટલો રડે એટલો રડે કે પોતાને ખત્મ કરી દે અને પોતાનો હાથ એટલો ઉઠાવે કે આસ્માન સુધી પહોંચી જાય તો પણ હું એની દુઆ કબૂલ કરીશ નહીં ! કેમ કે એના પેટમાં હરામ છે, એની પીઠ પર હરામ છે અને એના ઘરમાં હરામ છે."**

*(મજાલિસુસ્સુન્નહ્‌ બહવાલા, 'બરકાતે શરીઅત, ૮૯૫)*

*આ બે હદીષોને ઈમાનની નજરે વારંવાર વાંચો અને વિચારી લો કે જો હરામ ખાવા પેટમાં પધરાવી હજ્જ કરો, ઉમરા કરો કે નમાઝ રોઝા કરો કે કા'બા શરીફમાં કે મદીના પાકમાં દુઆ કરવામાં ગમે તેટલી આજીજી કરો તોય દુઆ તથા ઈબાદત બેકાર જશે ! એ વાતને ધ્યાનમાં રાખી પ્રસ્તુત લેખ વાંચશો અને સાવધાન થઈ જાવ કે જેથી તમારી ઈબાદત તથા દુઆઓ ફેઈલ ન જાય. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

"મશીની ઝબીહા હરામ" વિશે ફત્વો બરકાતે ખ્વાજા (માસિક) સપ્ટે. ૨૦૦૭માં પ્રસિદ્ધ થયેલો જેના જવાબમાં શિકાગો (યુ.એસ.એ.) ખાતે નીચે મુજબ પેમ્પલેટ પ્રસિદ્ધ થયેલું જે અમને અમારા એક વાંચકે રવાના કર્યું છે. અત્રે એ પેમ્પલેટનો ગુજરાતી અનુવાદ રજૂ કરીએ છીએ :–

"બ્રાઝિલીઅન હલાલ ફૂડ સેન્ટર" તરફથી મટનની આયત, નિકાસકારોના માર્ગદર્શન માટેની ગાઈડ :–

આ ગાઈડ સિબાલ દ્વારા તૈયાર કરાયેલ છે. ઈ.સ. ૧૯૭૪માં આ કેન્દ્રની શરૂઆત થઈ ત્યારે બ્રાઝિલની મોટા ભાગની મટન નિકાસ કરતી કંપનીઓએ મધ્યપૂર્વમાં મટનની નિકાસ શરૂ કરી દીધેલ હતી. હાલ આ સંસ્થા ૫૫ દેશોમાં સક્રિય છે. આ કંપનીઓમાં પર્ડીઓ કંપની આધુનિક યુનિટ ગણાય છે જે વિર્ડિયા બ્રાઝિલના દક્ષિણ ભાગમાં સાન્તા કેટેરીના રાજ્યમાં આવેલ છે જ્યાં આ યુનિટમાં મસ્જિદ, એક ઈમામ (કાઝી) છે અને ત્યાં ટ્રેનિંગ સેન્ટર પણ સ્થાપવામાં આવેલ છે. સાઓ પાઉલોથી બ્રાઝિલીઅન હલાલ ફુડ સેન્ટર (સિબાલ) એક વિશિષ્ટ કંપની છે જે હલાલ મટન તથા ખાદ્યપદાર્થોમાં મુસ્લિમ તરીકા પ્રમાણેની રસ્મોનો અમલ કરે છે. ઈ.સ. ૧૯૭૪માં આ કંપનીએ કામદારોની ભરતી કરીને તેમને મુસ્લિમ રસ્મો રિવાજ અનુસાર મરઘાં તથા પશુઓને ઝબહ કરવાની પદ્ધતિસરની ટ્રેનિંગ શરૂ કરી અને બ્રાઝિલની મોટા ભાગની મટન નિકાસ કરતી કંપનીઓનું કાર્યક્ષેત્ર મધ્યપૂર્વમાં ઊભુ કર્યું અને હાલમાં આ સંસ્થા ૫૫ કંપનીઓ સાથે સંકળાયેલ છે. સિબાલના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર મુહમ્મદહુસૈન ઝોબેગીના કથનાનુસાર હલાલ તરીકાના મટનની સૂઝસમજ આપતી એક માર્ગદર્શિકા બનાવેલ છે. ઝોગેબીના નિવેદન

અનુસાર કેટલાયે ઉલમા અને મુસ્લિમ સંસ્થાઓ સાથેના વિચારવિમર્શ બાદ આ પુસ્તિકા તૈયાર કરવામાં આવેલ છે. તેમના જણાવ્યાનુસાર ઘણા લોકોને હલાલ, સર્ટિફાઈડ હલાલ તથા સિબાલ દ્વારા ઉપયોગમાં લેવાતાં આ પ્રકારનાં (હલાલ) લેબલોની સાચી સમજ હોતી નથી. હલાલનો મતલબ એવો ખાદ્યપદાર્થ જે મુસલમાન માટે જાઈઝ હોય. હલાલ મટન એને કહેવામાં આવે છે જે જાનવરને મુસ્લિમ તરીક઼ા પ્રમાણે મુસ્લિમ દ્વારા ઝબહ કરવામાં આવેલ હોય અને જાનવરની શ્વાસનળી, ધોળીનસ કપાય ગઈ હોય અને સંપૂર્ણ લોહી વહી જવા દીધું હોય, કેમ કે લોહીમાં ઘણી બીમારીઓ અને અશુદ્ધિઓ હોય છે. આવું જાનવર મુસલમાનના હાથે જ ઝબહ કરેલ હોવું જોઈએ જેને ઝબહ કરતી વખતે તેનું મોઢું મક્કા શરીફ તરફ હોય અને "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" પઢીને ઝબહ કરવામાં આવેલ હોય. આ જ તરીક઼ો દરેક જાનવરનો ઝબહ કરતી વખતે અપનાવેલ હોવો જોઈએ.

**ધી સેન્ટર** : સિબાલ બ્રાઝિલ ફેડરેશન ઓફ મુસ્લિમ એશોસિએશન સાથે સંકળાયેલ છે. આ સંસ્થાના પ્રથમ મુલાકાતી સઊદી આયાતકાર હજે અબ્દેલ અઝીઝ ચેહીન હતા જેમણે ઈ.સ. ૧૯૭૪માં આ સેન્ટરની પહેલ વહેલી મુલાકાત લઈને ૫૦૦ ટન મરઘાંના મટનની ખરીદી કરેલ અને ત્યારથી આજ સુધી આ સેન્ટરમાંથી મટનની નિકાસ અવિરત પણે ચાલુ જ છે. આ સેન્ટરના બીજા અગ્રણી ગ્રાહકોમાં પર્ડીઆગો, ફાન્ગોસુલ, સાડીઆ, મીનુઆનો, બેટીન્હા, ચેપકો, સીરા, અવીપાલ, લેગેડો તથા મોટા ભાગના બ્રાઝિલના દક્ષિણી રાજ્યો સાન્તા કેટેરીના અને પન્ના છે. હાલમાં સિબાલ ૨૦ કંપનીઓને મટન પૂરું પાડે છે. સન ૧૯૭૦ દરમ્યાન માત્ર ૧૦ થી ૧૫ કામદારો અહીં કાર્યરત હતા હાલમાં એમની સંખ્યા ૨૫૬ છે અને દિવસે દિવસે વધતી જાય છે. આ કામદારોમાં ટેકનિકલ સુપરવાઈઝર્સ તથા એગ્રોનોમીકલ ઈજનેરોનો પણ સમાવેશ થાય છે. અહીં ટ્રેનિંગની મુદ્દત ૩ મહિનાની છે. સિબાલ ખાતે પ્રારંભિક ટ્રેનિંગ પૂર્ણ કર્યા બાદ ટ્રેનીઓને અન્ય યુનિટો ખાતે મોકલવામાં આવે છે, જ્યાં સુપરવાઈઝર્સની દેખરેખ હેઠળ તેઓ કામ કરે છે.

**મોડેલ યુનિટ** : વીડીએરા, સાન્તા કેટરીનાના મોડેલ યુનિટ ખાતે મસ્જિદ, ઈમામ (ક઼ાઝી) અને ટ્રેનિંગ સેન્ટર પણ છે અને અહીંનું સંપૂર્ણ ઉત્પાદન હલાલ છે જ્યાં રોજની ત્રણ શિફટમાં દરેક શિફટના કામદારો દ્વારા ૩,૩૦,૦૦૦ મરઘીઓ હલાલ કરવામાં આવે છે. મુહમ્મદ હિજીઝી નામના ઈજીપ્શીઅન નાગરિક કે જેમણે બ્રાઝિલનું નાગરિકત્વ લઈ લીધેલ છે તેઓ છેલ્લા ૨૦ વરસથી અહીં એગ્રોનોમીકલ એન્જિનીઅરની સેવા આપે છે તથા અહીં શેખ હોસ્ની મસ્જિદ ખાતે નમાઝ, જુમ્આની નમાઝ તથા અઠવાડિયામાં બે વાર દીની બયાન કરે છે. પર્ડીઓગો કંપની જેનાં હાલમાં ૭૦ વરસ પૂરા થાય છે તે અત્યારે લેટીન અમેરિકામાં સૌથી મોટી ખાદ્યપદાર્થ બનાવટી કંપની છે અને ૧૯૭૭થી મધ્યપૂર્વમાં નિકાસ કરે છે અને ૩૦% તો માત્ર સઊદી અરબિયાના દેશોમાં જ થાય છે. તેની ઓફિસ નિકાસની સરળતા માટે દુબઈ યુનાઈટેડ અરબ અમીરાતમાં સ્થાપેલ છે. અંદાજે ૩૧૪૦૦ કામદારો ધરાવતી ૧૩ ઓદ્યોગિક કંપનીઓ રિઓડી ગ્રેનેડ ડોસુલ, પરાના, સાન્તા કેટરીના તમામ દક્ષિણ બ્રાઝિલ વિભાગના તથા ગોલ્સ મધ્યપૂર્વના યુનિટોની મોટામાં મોટી ફ્રોઝન ફૂડની ૧૮ શાખાઓ કાર્યરત છે અને આશરે ૨.૭૧ અબજ અમેરિકન ડોલરનું તેનું વર્ષ ૨૦૦૪નું ટર્ન ઓવર છે જે સન ૨૦૦૩ કરતાં ૨૬% વધુ થવા જાય છે તેમજ ૯૦ કરતાં વધુ દેશોમાં પુરવઠો પહોંચાડવાનું વિશાળ નેટવર્ક કંપની ધરાવે છે જેમાં યૂરોપ અને મધ્યપૂર્વની કોમર્શિયલ ઓફિસો અને હોલેન્ડ ખાતેનું ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર પણ સામેલ છે." [(આ છે પરચાની મેટરનો અનુવાદ. પરચામાં છેલ્લે લખ્યું છે : Contact Cibal Tel : (+5511) 5031-1536]

**ખુલાસો** : આપ જોઈ શકો છો કે ઉપરોક્ત

પરચામાં **"મશીન થકી ઝબહ થતાં જાનવરના હલાલ હોવા સંબંધે કોઈ જ સ્પષ્ટીકરણ કે શરીઅત મુજબની કોઈ દલીલ છે જ નથી."** જ્યારે એ જ બ્રાઝિલમાં જાનવરના ઝબહની પદ્ધતિ વગેરે સમજવા અમો નીચે મુજબ રિપોર્ટ રજૂ કરીએ છીએ જે મૌલાના મુહમ્મદ ખાલિદ રઝવી–લેસ્ટર (યુ.કે.)ના એક લેખમાં પ્રસિદ્ધ થયેલ છે :–

"જુલાઈ–૨૦૦૭માં વાર્ષિક છુટ્ટીઓના મૌક઼ા પર હરમૈન શરીફૈન હાજર થવાનો (મૂળ લેખકને) મૌક઼ો નસીબ થયો. **Jordan Air**ના થકી એક દિવસ ઓમાનમાં રોકાણ કરી ત્યાંના મુક઼દસ સ્થળોની હાજરી અને ઝિયારતનો શરફ હાંસલ કર્યો. હઝરાત અસ્હાબે કહફ, નબીયુલ્લાહ હઝરત યુશઅ علیہ السلام, સહાબી હઝરત અબૂ ઉબૈદા બિન અલ્ જર્રાહ, કાતિબે વહી હઝરત શરજીલ બિન હસના رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેવી ઉચ્ચ કક્ષાની હસ્તીઓની બારગાહથી ફયૂઝ હાંસલ કરવાનો મૌક઼ો મળ્યો.

મક્કા મુકર્રમામાં અમારો ઉતારો મુહલ્લા મુસફલાની એક હોટલમાં હતો. રિવાજના પ્રમાણે અમે ફજરની નમાઝ પછી એક દિવસ પાકિસ્તાની હોટલમાં નાસ્તા માટે આવ્યા. જે જગાએ બેઠા હતા તેની નજીકમાં જ ઘણા બધાં ખાલી બોક્ષ રાખેલાં હતાં અને તેના પર હલાલનું નિશાન પણ લાગેલુ હતું. મેં થોડા નજીક જઈને જોયું તો ખબર પડી કે તેમાં ચીકન છે જે (**Chiken**) બીજા દેશોથી આવ્યું છે. તે ખોખા (**Box**) પર મોટા અક્ષરોથી લખેલુ હતું : **Produced From Brazil** એટલે આ ચીકન બ્રાઝિલથી આયાત (**Import**) કરવામાં આવ્યું છે. મેં એક **Box** પરથી દુકાન માલિકની ઈજાઝતથી તે કાગળ જેના પર **Produced from Brazil** લખેલું હતું ઉતારી લઈ લીધું. આપણે અત્યાર સુધી કેવળ સાંભળ્યું હતું કે મધ્યપૂર્વના દેશોમાં જે ગોશ્ત મળે છે તે હોલેન્ડ, બ્રાઝિલ, ઓસ્ટ્રેલિયા..... વગેરેથી સપ્લાય કરવામાં આવે છે પણ આજે નજરે જોયું. જે ગોશ્ત તે દેશોમાંથી આવે છે શું તે હલાલ હોય છે ? જો કે **Box** પર મોટા અક્ષરોમાં "હલાલ" લખેલું જરૂર હોય છે. કેટલીકવાર એવું પણ જોવામાં આવ્યું છે કે સઊદી અરબિય્યહ્‌માં બીજા દેશોથી જે મટનનાં પેકેટો આવે છે તેના પર લખેલું હોય છે : **Slaughterd in accordance of Islamic low** એટલે ઈસ્લામી ક઼ાનૂન મુજબ ઝબહ થયેલું. જેનાથી સાફ જાણવા મળે છે કે સપ્લાય કરવાવાળા હલાલ અને હરામમાં શું ફર્ક છે, તેનાથી બિલકુલ જાહિલ છે.

સઊદી અરબિય્યહ્‌માં જે ગોશ્ત મળે છે તે સામાન્યતઃ બે પ્રકારનો હોય છે : (૧) ઈમ્પોર્ટેડ (ખારજિયા) એટલે બહારથી આવેલો (૨) વતનિયા એટલે સઊદીનો સ્થાનિક ગોશ્ત. અને બંનેવની કિંમતમાં પણ ઘણો તફાવત હોય છે. ખારજી એટલે બીજા દેશોથી આવેલો ગોશ્ત સસ્તો અને (વતનિયા) સઊદીમાં ઝબહ થયેલો ગોશ્ત મોંઘો હોય છે ! વતનિયા (સ્થાનિક) ગોશ્ત મોંઘો હોવાથી સામાન્યતઃ હોટલોમાં ખારજિયા (ઈમ્પોર્ટેડ) જ મળે છે. એટલા માટે કે સઊદી હુકૂમત **Import**ના કારોબારથી ખૂબ નફો પ્રાપ્ત કરે છે એટલા માટે તે ઈમ્પોર્ટેડ ગોશ્તને જ વધારે અગ્રતા આપે છે.

આ બાજુ ઈંગ્લેન્ડમાં પણ ઘણી બધી સંસ્થાઓ છે જે જાનવર ઝબહ કરનાર તથા ગોશ્ત સપ્લાય કરવાવાળા અને **Butcher** (કસાઈ)ને હલાલનું સર્ટિફિકેટ જારી કરે છે, તેઓ એ વાતની તપાસ કરે છે કે એ ઝબહની જગામાં શરીઅતના સહીહ તક઼ાઝા મુજબ જાનવર ઝબહ થાય છે કે નહીં, મશીનનો ઈસ્તેમાલ તો નથી થયો, ઝબહ કરનારે "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" કહ્યું છે કે નહીં, ઝબહ કરનાર મુસ્લિમ છે કે ગૈર મુસ્લિમ વગેરે. સંતોષકારક જવાબો મળ્યા પછી તે લોકો તે ઝબહ થયેલાને હલાલનું સર્ટિફિકેટ આપે છે. તે સંસ્થાઓમાં પણ અમુક જ સંસ્થાઓ એવી છે જે સાચી તપાસ કરે છે, નહીં તો અમુક એવા પણ છે જે ગૈર મુસ્લિમ કસાઈને અથવા દુકાનદારોને હલાલની સનદ આપી દે છે ! એટલા માટે કે તેઓને માસિક અથવા વાર્ષિક ફી એ સર્ટિફિકેટના બદલામાં મળે છે અને આપણા

મુસલમાનભાઈ કેવળ "હલાલ"નું લેબલ જોઈ આખો બંધ કરી ખરીદી લે છે, એ નથી જોતા કે દુકાન કેવી છે અને વેચનાર કોણ છે ?

અહીંયા થોડા વરસો પહેલાં એક સંસ્થા બની છે જે HMC ના નામથી ઓળખાય છે. તે સંસ્થાનું કામ પણ એ જ છે કે ઝબહના સ્થળો, કસાઈઓ, રેસ્ટોરેન્ટ વગેરેને હલાલનું સર્ટિફિકેટ આપે છે. ઓકટોબર–૨૦૦૭માં એક ઈન્ટરનેશનલ ગોશત સપ્લાયરે એ સંસ્થાથી Brazilની મીટ માર્કેટ અને ત્યાંના મઝાબેહ (ઝબહના સ્થળો)ના બારામાં તપાસ કરવાની દરખાસ્ત કરી કે શું ત્યાં જે જાનવર ઝબહ થાય છે અથવા ચીકન વગેરે ઈસ્લામી શરીઅતના હલાલ કાનૂનના મુજબ થાય છે કે નહીં ? એટલા માટે કે બ્રાઝિલે ગયા વરસે Associations of Exportersના રિપોર્ટ મુજબ જાન્યુઆરીથી સપ્ટેમ્બર દરમ્યાન 718000 ટન ચીકન કેવળ મધ્યપૂર્વમાં સપ્લાય કરી. એ દરખાસ્ત પર HMCનું એક પ્રતિનિધિમંડળ બ્રાઝિલ ગયું અને તેઓએ ત્યાં શું જોયું તેનો પૂરો રિપોર્ટ પોતાના મંથલી News letterમાં Shock Waves From Brazilના હેડિંગથી ડિસેમ્બર–૨૦૦૭ના અંકમાં પ્રકાશન કર્યો. બ્રાઝિલના મોટા ૧૮ મઝાબેહ (ઝબહના સ્થાનો)માંથી ૧૧માં તેમને Visit અને તપાસ કરવાનો મોકો મળ્યો. આ બધા મઝાબેહ (ઝબહના સ્થાનો) હલાલના નામથી મુસ્લિમ દેશો ખાસ કરીને સઊદી અરબને ગોશત સપ્લાય કરે છે. પ્રતિનિધિમંડળના સભ્યોએ જે જોયું તેને આ પ્રમાણે બયાન કર્યું :–

(૧) વધુ પડતી જગાઓ પર ઝબહ કરનાર ગૈર મુસ્લિમ હતા. (૨) કોઈપણ જગ્યાએ "બિસ્મિલ્લાહ" ઝબહ કરતા પહેલાં બિલ્કુલ પઢવામાં ન આવી. (૩) જાનવરોને ઝબહ કરતા પહેલાં વીજળીના કરંટ વડે બેહોશ કરવામાં આવે છે તો મોટા ભાગનાં જાનવરો કરંટ ન વેઠી શકતાં ઝબહ થતા પહેલાં જ મરી જાય છે. (૪) ઝબહ કરનાર હરામ અને હલાલની વ્યાખ્યાથી પણ અજાણ છે. (૫) વધુ પડતી જગ્યાઓ પર જાનવર મશીન વડે ઝબહ કરવામાં આવે છે.

અમને એ જોઈને ઘણો અફસોસ થયો કે **એવો ગોશ્ત જેના મુરદાર હોવામાં કોઈ શંકા નથી તેના પર "હલાલ"નું લેબલ લગાડી મુસલમાનોને પેશ કરવામાં આવે છે !** સૌથી મોટો અફસોસ એ છે કે **હરમૈન તૈયેબૈન (મક્કા–મદીના)થી આ ગોશ્ત હલાલ હોવાના ફત્વા પ્રસિદ્ધ થાય છે ! ઈસ્લામના પવિત્ર હલાલના ક઼ાનૂનની મઝાક઼ ઉડાડવામાં આવી રહી છે.** આમ તો કિતાબ તથા સુન્નત પર અમલના નામ પર આ નજદી શયખોએ શું નથી કર્યું ? અલ્લાહની નિશાનીઓ તથા ઈસ્લામની નિશાનીઓને નષ્ટ કરવાની કોશિશો કરી છે, પરંતુ આટલો મહાન જુર્મ હરમે મક્કા તથા હરમે મદીનામાં થઈ રહ્યો છે કે મુસલમાનોને મુરદાર ખવડાવવામાં આવી રહ્યું છે તેનાથી આંખ બંધ કરીને કેમ બેસી ગયા ?

હક઼ીક઼તમાં આ કોઈ નવી વાત નથી બલ્કે એના ઐતિહાસિક પુરાવા મૌજૂદ છે જે એ સઊદીઓના બાપ દાદાની હક઼ીક઼ી શકલો સૂરતને બેનકાબ કરે છે. ખૂદ જમાઅતે ઈસ્લામીના વડા અબુલ આ'લા મૌદૂદીએ ૧૯૫૯–૬૦માં અરબ દેશોનો દૌરો કર્યો ત્યારે સાથે રહેનાર એક ગૈર મુક઼લ્લિદ આલિમ મૌલ્વી મુહમ્મદ આસિમ જેમણે આખી સફરની દાસ્તાન જમા કરી અને સફરનામા "અર્દુલ કુર્આન"માં છપાવી. એક જગ્યાએ તેમણે મૌદૂદીની ભારત અને પાકિસ્તાનના ત્યાં કામ કરનારાઓની સાથેની મુલાકાતનું વર્ણન કર્યું કે, "દોઢસોથી બસો નવજવાનો હતા જેમણે મૌલાનાને ઘણા બધા સવાલો પૂછયા. વધુ પડતા સવાલો વ્યાજ, ઓસ્ટ્રેલિયાથી આવેલા બોક્ષનો ગોશ્ત, ઝકાત, બર્થ કન્ટ્રોલ અને કરન્સીના બારામાં હતા. આમ તો તેઓના બધા સવાલો વાસ્તવિક જરૂરતો અને મુશ્કેલીઓ હેઠળ હતા, પરંતુ જે મસ્અલાએ તેમને વધુ પરેશાન કર્યા તે ગોશતનો મસ્અલો હતો. કંપનીના અરબી કામદારો ઓસ્ટ્રેલિયાથી આવેલા બોક્ષના ગોશતને ખૂબ ખાય છે અને તેમાં કોઈ જાતની

બુરાઈ મહસૂસ નથી કરતા. હદ તો એ છે કે કંપનીના કેન્ટિંગ (Canting)માં સુવ્વર (ભૂંડ)ના ગોશતના જે ડબ્બા વેચવામાં આવે છે તેને બીજા ગોશતના ડબ્બા સાથે મૂકવામાં આવે છે અને તેના પર ઈંગ્લિશમાં કેવળ (Pork) લખેલું હોય છે. કેટલાક લોકો તો જાણીને સમજીને પછી ડબ્બા ખરીદે છે પરંતુ વધુ પડતા ક્યાં તો ઈંગ્લિશ નથી જાણતા અથવા ઈંગ્લિશ તો જાણે છે પણ Porkનો મતલબ નથી સમજતા એટલે ભૂલથી એ ડબ્બો ખરીદી લે છે. ઓસ્ટ્રેલિયાથી આવેલો ગોશત જો કે ત્યાંના ગોશતના મુકાબલામાં સસ્તો હોય છે અને સાફ પણ હોય છે તેથી તેનું વેચાણ વધારે થાય છે.''

જોયું તમે ! નજદીઓ સઊદીઓ કેટલા મહાન કિતાબ અને સુન્નતને અનુસરનારા છે ! અમે તો ચીકનની વાત કરી રહ્યા હતા પરંતુ એ તો એટલા બધા સખી છે કે પોતાના ફાયદા માટે સુવ્વર (ભૂંડ) ખવડાવવાથી પણ નથી ગભરાતા ! **પરંતુ બિચારા એ મુસલમાનો જે કેટલા અરમાન સાથે પોતાની મહેનતથી હલાલ કમાઈની પાઈ પાઈ ભેગી કરી હરમૈન શરીફૈન હાજર થાય છે, હુકૂમત તરફથી હજ્જના દિવસોમાં તેમને ખાવા માટે પેકેટ વહેંચવામાં આવે છે જેમાં એ જ હરામ ચીકનના ટુકડા હોય છે.** એક આમ હાજી તેને મહોબ્બતનો તોહફો સમજીને શોખથી ખાય છે, પરંતુ તેને શું ખબર કે આ મેહમાનનવાજી નથી બલ્કે તેની સાથે જુલ્મ અને ધોકો છે ! (અલ્લાહની પનાહ !) આ છે સઊદીના હલાલ ખાવાનું રાઝ !

**તેરે હબીબ કા પ્યારા ચમન કિયા બરબાદ**
**ઈલાહી નિકલે યે નજદી બલા મદીને સે**

*(કન્ઝુલ ઈમાન મંથલી, દિલ્હી, ઓકટો. ૦૮, અઝ : મૌલાના મુહમ્મદ ખાલિદ રઝવી, ખતીબો ઈમામ મસ્જિદે ઉષ્માની–લેસ્ટર, યુ.કે.)*

**પ્રિય વાંચકો !** આ વિષયના અનુસંધાનમાં **'બરકાતે ખ્વાજા'** (માસિક) સપ્ટેમ્બર–૨૦૦૭, પેજ નં. ૩૩માં મશીનથી ઝબહ થતા જાનવરનું માંસ હરામ હોવા બાબતે વિસ્તારપૂર્વક ફત્વો છપાયો છે તે ફરી વાંચી જશો, છતાં અહીં એટલું જણાવીએ છીએ કે (સુન્ની) મુસ્લિમનું ઝબહ કરેલ માંસ પણ કોઈ ગૈર મુસ્લિમ લાવે અને મુસ્લિમ વેચે અથવા ગૈર મુસ્લિમ વેચે તો બંને સ્થિતિમાં એ ગોશત ખરીદવો, તેને ખાવો, અન્યને ખવડાવવો **હરામ** તથા **ગુનોહ** છે.

કારણ એ છે કે **જાનવર ભલે શરઈ તરીકા પ્રમાણે ઝબહ કરેલું હોય તેમ છતાં તેને હલાલ રહેવા માટે જરૂરી છે કે ઝબહના સમયથી ખરીદવાના સમય સુધી તે સતત મુસલમાનની નજરો સમક્ષ રહે. થોડીવાર માટે પણ તેની નજરથી ઓઝલ ન થાય, નહીં તો હરામ થઈ જશે.** આ બાબતમાં કિતાબી યહૂદીનો હુકમ ઈમામ શાફઈ رضی اللہ عنہ નજીક મુસ્લિમ જેવો છે, અને બાકીના ત્રણ ઈમામોની નજીક સાવધાની માટે ગૈર મુસ્લિમ જેવો છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

જે ગોશત એક દેશથી બીજા દેશમાં પ્લેન મારફતે સપ્લાય થાય છે એનો હુકમ પણ એ જ છે જેમ ઉપર વર્ણવ્યું છે કે **થોડીવાર માટે પણ મુસલમાનની નિગાહથી ઓઝલ થયો તો હરામ** છે. એટલા માટે **હાજીઓએ પેકેટોના ગોશતથી ખૂબ જ સાવધાની તથા સાવચેતી રાખવી જોઈએ, કે તે ગોશત મશીની ઝબહનો હોય છે જે ચારેવ મઝહબોમાં હરામ** છે. વળી તે એક દેશથી બીજા દેશ સપ્લાય થઈને આવે છે જેમાં સામાન્યતઃ ઈસ્લામી શરતોનો લેહાઝ નથી કરવામાં આવતો. (જેથી દરેક પેકેટના ''હલાલ'' લેબલવાળા ગોશતથી દરેક ઠેકાણે બચવું જોઈએ.)

ખુદા પાક આપણને સૌને હલાલ રોજી હાંસલ કરવા અને તેને જ ખાવાની નેક તૌફીક અતા કરે. આમીન. વલ્લાહુ તઆલા અઅ્લમ.

(વધુ માટે વાંચો કિતાબ **'મશીની ઝબીહા ચારેવ ઈમામોની રોશની'**માં, અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી, સદર મુફ્તી જામિઆ અશરફિયા, મુબારકપુર, જિ. આઝમગઢ, પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા)

# આબે ઝમઝમની વિશિષ્ટતા

## વૈજ્ઞાનિકોની દ્રષ્ટિએ

:::::: રજૂકર્તા ::::::
મૌલાના ગુલામ યાસીન
નૂરાની મિસ્બાહી
(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

વિશ્વના શ્રેષ્ઠ પાણીઓને આબે ઝમઝમની તુલનામાં લઈ આવો અને શ્રેષ્ઠ તથા ઉચ્ચ ગણાતી લેબોરેટરીઓ દ્વારા તે પાણીઓનો ટેસ્ટ કરાવીને જોઈ લો ! હું દાવા સાથે કહું છું કે આ મો'જિઝામય અદ્ભૂત પાણીનો મુક઼ાબલો તથા તેની બરાબરી દુનિયાનું કોઈપણ શ્રેષ્ઠ કક્ષાનું પાણી નહીં કરી શકે. તેની રોગ મુક્ત કરતી તથા સ્વાસ્થ્ય અર્પતી તેમજ અન્ય ખૂબીઓ વિશે કેટલીયે હદીષો વર્ણવી શકાય છે કે જે તે પાણીની ચમત્કારી તથા મો'જિઝામય અસરોના સ્પષ્ટ પુરાવાઓ બની શકે છે. હઝરત ઈબ્રાહીમ علیہ السلام હઝરત હાજરાને મક્કાની વાદીઓમાં પોતાના નવજાત ફરઝંદ હઝરત ઈસ્માઈલ علیہ السلامની સાથે છોડીને મિસ્ર જવા માટે રવાના થઈ ગયા. તો તે વેરાન વાદી (પહાડી વચ્ચે મેદાન)માં અલ્લાહ તબારક વ તઆલા સિવાય તેમની મદદ કરનાર તેમજ ફરિયાદ સાંભળનાર કોઈ ન હતું. આ ઉપરાંત મક્કાની ગરમી શરીરને શેકી નાખે તેવી હતી. આસપાસ ઊંચા ઊંચા વેરાન ઉજ્જડ પહાડોની એક લાંબી હારમાળા હતી કે નજરની સીમાઓ સુધી આવા ઊંચા ઊંચા પહાડો જ પહાડો જોવા મળતા હતા જે નજરોને પેલે પાર જોવાની પણ અનુમતિ આપતા ન હતા. વાદીની સપાટીએ શરીરને બાળી નાખે એવી રેતીનું એક સ્તર પથરાયેલું હતું. આમ સંપૂર્ણ માહોલ જીવન માટે અત્યંત ખતરનાક હતો. સુકાએલા ઘાસફુસ સિવાય અહીંયા ઈન્સાનના ખોરાક માટે કાંઈ પણ મયસ્સર ન હતું.

જ્યારે હઝરત ઈસ્માઈલ علیہ السلام તરસ અને ગરમીના પ્રકોપના કારણે બેચેન થઈ તડપી રહ્યા તો હઝરત હાજરા દિકરાની મહોબ્બતમાં બેચેન થઈ પાણીની ખોજમાં આમ તેમ દોડ લગાવી રહ્યાં હતાં. મરવાની પહાડીથી અમુક ગજના અંતરે ફરઝંદને સૂવડાવીને પાણીની ખોજ શરૂ કરી. સફાની પહાડી ઉપર ચઢીને મરવાની પહાડી તરફ નજર કરી તો જોયું કે આખી વાદીમાં પાણી જ પાણી પોતાની ચમક દમક સાથે લહેરખીઓ મારી રહ્યું છે ! આ પાણીને જોઈને હઝરત હાજરાએ મરવા તરફ દોડ લગાડી. જેમ જેમ તે આગળ વધતાં પાણી આગળ વધતું જતુ હતું. મરવા તરફથી પણ સફાનો આવો જ કાંઈક મંઝર હતો. જ્યારે હઝરત હાજરએના સાત ફેરા પૂરા થયા ત્યારે તો તેમણે જોયું કે દિકરાની એડીઓના ઘર્ષણથી જમીનમાંથી પાણીનો ફુવારો વહી રહ્યો છે અને ઝડપથી દરેક દિશામાં વધી રહ્યો છે. તો તેઓ બેચેનીથી હઝરત ઈસ્માઈલ علیہ السلامની તરફ લપક્યાં. તેમની ઝબાનથી તે વહેતા પાણીને જોઈને આકસ્મિક રીતે નીકળી ગયું "ઝમ ! ઝમ !" એટલે કે વહેનાર પાણી થોભી જા ! આમ ન કહેત તો કદાચ મક્કાની સંપૂર્ણ વાદી હમેશાંના માટે આ પવિત્ર તેમજ શુદ્ધ પાણી વડે ભરાઈ રહેત. પાણીનું વહેણ રોકાઈ ગયું અને તે પાણી હમેશાંના માટે બરકતવાળુ થઈ ગયું જેણે હઝરત ઈસ્માઈલ علیہ السلام અને તેમનાં વાલિદા માટે જિંદગીનો સામાન પૂરો પાડયો હતો.

મારો દાવો તથા યક઼ીન છે કે આબે ઝમ ઝમ દરેક બીમારી માટે શિફાનું કામ કરે છે. તેની વિશિષ્ટતા એ છે કે કુદરતે તેમાં દરેક પ્રકારનાં તત્વો સ્વાસ્થ્ય માટે પેદા કરેલ છે. આ પાણીને તમે અસલ સ્વરૂપમાં ગમે તેટલા વર્ષો મૂકી રાખો તો પણ તે ક્યારે પણ ગંદુ તથા ખરાબ થશે નહીં અને ન તો તેમાં દુર્ગંધ પેદા થશે, જે હાલત તથા મુદ્રામાં તમે આ પાણીને સુરક્ષિત રાખશો દસ વર્ષ પછી પણ આ પાણી તે જ મુદ્રામાં જોવા મળશે.

ઈ.સ. ૧૯૭૧માં એક મિસ્રી ડોકટરે પશ્ચિમી પ્રિન્ટ મિડીયાને એક પત્ર દ્વારા પોતાના વિચારો વ્યક્ત કર્યા જેમાં તેણે લખ્યું કે આબે ઝમ ઝમ પીવા માટે હાનિકારક તથા ગેરલાયક છે, કેમ કે આ પાણી ખાનએ કા'બાની આસપાસ પહાડની વાદીઓમાં બિલકુલ

નીચલી તથા ઊંડી સપાટી ઉપર છે. જેને સમુદ્ર તટથી પણ નીચી જગ્યા ગણવામાં આવે છે. એટલા માટે તે મક્કા શહેરના કેન્દ્રમાં સ્થિત છે, જેથી તમામ શહેરનું ગંદુ પાણી અને સમુદ્રનું પાણી તેમાં મિશ્રિત થઈ જાય છે. આ કારણોસર તે પાણી ગંદકી મિશ્રિત તથા સ્વાસ્થ માટે હાનિકારક છે. તે સમયના સઊદી હાકેમ શાહ ફૈસલ પાસે જ્યારે આ ખબર પહોંચી તો તે ગુસ્સાથી ભભૂકી ઉઠયો. તેણે મિસ્રી ડોકટરના કાલ્પનિક વાંધાઓ સામે રિસર્ચ માટે તાત્કાલિક કૃષિ તેમજ વોટર સપ્લાય મંત્રાલયના મંત્રીઓને હુકમ આપ્યો કે આબે ઝમઝમના નમૂનાઓ યૂરોપની લેબોરેટરીઓમાં મોકલી ટેસ્ટ કરાવી મંગાવવામાં આવે. તે માટે આ સંબંધિત મંડળે જિદ્દા પાવર એન્ડ ધી સ્લાઈન્સન પ્લાન્ટને આ કામ સોંપ્યું. એક પાકિસ્તાની ડોકટર મેઅરાજ સિદ્દીક઼ી જે તે ખાતાના એક કર્મચારી હતા તેમનું કહેવું એમ છે કે, "હું તે સમયે સઊદી અરબમાં સમુદ્રી પાણીને મીઠું કરવાના પ્લાન્ટમાં કેમિકલ એન્જિનિયર તરીકે કામ કરતો હતો, આ કામ અર્થે મારી નિમણૂંક કરવામાં આવી. ત્યાર સુધી મને આ કૂવા વિશે તદ્દન કોઈ જાણકારી તથા અંદાજ ન હતો.

મક્કા પહોંચીને મેં પોતાના કામથી સંબંધિત હાકિમોને જાણ કરી કે મારા આવવાનું કારણ શું છે ? મારી મદદ માટે તંત્ર તરફથી એક માણસ આપવામાં આવ્યો. હું જ્યારે ઝમઝમના કૂવા ઉપર પહોંચ્યો તો મને એ વાતનું યક઼ીન ન થતું હતું કે આ કૂવાની સાઈઝ ૧૮ × ૧૪ ફૂટ છે જે હજારો વર્ષોની હાજીઓને કરોડો ગેલન પાણી દરરોજ પૂરુ પાડે છે અને તેની સ્થિતિમાં રજ માત્રનો પણ ફરક નથી પડતો !

ડોકટર મેઅરાજનું કહેવું છે કે મેં મારા સંશોધન તથા રિસર્ચનો પ્રારંભ આ કૂવામાં કેટલીયે પદ્ધતિઓથી કર્યો. સૌથી પહેલાં મારા આસિસ્ટન્ટને કહ્યું કે મને આ કૂવાની ઊંડાઈ બતાવ ! ગુસ્લ કરીને તે માણસ કૂવામાં ઉતરી ગયો. મેં જોયું કે કૂવાનું પાણી તેના ખભાઓ સુધી રહ્યું છે. તે માણસનું કદ લગભગ પાંચ ફૂટ આઠ ઈંચ હતું. આ હિસાબે પાણીની ઊંડાઈ લગભગ પાંચ ફૂટ હતી. હવે તે કૂવાના એક ખૂણાથી બીજા અને ત્રીજા અને પછી ચોથા ખૂણા સુધી ચાલતો રહ્યો જેથી માલૂમ પડી જાય કે પાણી કોઈક પાઈપ લાઈન દ્વારા તો કોઈ ઠેકાણેથી તો નથી આવતું ! હોજની દીવાલોમાંથી ક્યાંથી પણ પાણી આવતું ન હતું અને ન તો ત્યાં કોઈક પાઈપ લાઈન લગાડવામાં આવી હતી. ડોકટર સાહબનો ખયાલ હતો કે આ હોજના પાણીને ભારે પમ્પ દ્વારા સરળતાથી બહાર કાઢી હોજને ખાલી કરી શકાય છે. આ કામ માટે તેમણે એક ભારે પમ્પ લગાડી દીધો જેથી કૂવાનું સ્ટોર થયેલ પાણી બહાર કાઢયા બાદ તે જગ્યાનો અંદાઝો લગાડવામાં આવે કે ક્યાંથી આ કૂવામાં આવીને પાણી એકઠુ થાય છે. હવે પમ્પ દ્વારા પાણી કાઢવા છતાં પાણીના પ્રવેશ સંબંધે કોઈપણ પુરાવો સામે ન આવતો હતો અને પાણીની સપાટીમાં પણ કોઈ ફરક પડતો ન હતો ! એટલા માટે મેં આ પદ્ધતિને વારંવાર અને કૂવાની દરેક દિશા ઉપર પ્રયોગ કરવાનો ફૈંસલો કર્યો અને પોતાના આસિસ્ટન્ટને કહ્યું કે જ્યારે પણ કોઈ અસાધારણ વાત સર્જાય તો મને જાણ કરી આપજે. થોડીવાર પછી મારા સહાયકે ચીસ પાડીને હાથ ઊંચો કર્યો અને કહ્યું કે અલ્હમ્દુલિલ્લાહ ! મેં તે જગ્યાની ખોજ કરી નાખી જયાંથી પાણી આવે છે. રેતીનું પડ મારા પગોની આસપાસ ફરી રહ્યું છે.

પાણી કૂવાના તળિયેથી નીકળી રહ્યું છે. હવે તે આસિસ્ટન્ટે પમ્પિંગ દરમ્યાન જ કૂવાની દરેક દિશામાં ચાલવાનું શરૂ કરી આપ્યું હતું તે દરમ્યાન તેણે કૂવાની દરેક જગ્યા ઉપર આ જ વાત અનુભવી કે હક઼ીક઼તમાં કૂવાની તળેટીમાં દરેક જગ્યાએથી પાણીનો એક સરખો પ્રવાહ પ્રવેશ કરી રહ્યો હતો જેના કારણે કૂવાના પાણીનું લેવલ એક સમાન રહે છે. જ્યારે મેં (ડોકટર મેઅરાજે) પોતાનાં સંશોધનો પૂર્ણ કર્યા ત્યારબાદ મેં ઝમઝમના નમૂના યૂરોપિયન લેબોરેટરીઓમાં મોકલવા માટે પ્રાપ્ત કર્યા અને મંત્રીઓના હવાલે કરી આપ્યા. ત્યાર બાદ મારું કામ સમાપ્ત થઈ ગયું. મક્કાથી રવાનગી પહેલાં મેં આ કાર્ય સંબંધી મંત્રીઓથી મક્કાની આસપાસના અન્ય કૂવાઓ વિશે સવાલો કર્યા તો તેમણે જાણકારી આપી કે મક્કા શહેરની આસપાસના તમામ જૂના કૂવાઓ ઝમઝમના કૂવા સિવાય બધા જ સુકાય ગયા છે. મારી રવાનગી પહેલાં મેં પોતાના કાર્યનો રિપોર્ટ મારા સિનિયરને રજૂ કર્યો તો તેના પ્રત્યે તેણે એક ઘણી જ મૂર્ખામીભર્યો અભિપ્રાય રજૂ કર્યો કે ઝમઝમના કૂવાનો આંતરિક રીતે રાતા સમુદ્રથી સંબંધ

હોય શકે છે. મેં વિચાર્યું કે એવું કઈ રીતે શક્ય બને ? જ્યારે રાતો સમુદ્ર મક્કાથી ૭૫ કિલોમીટરના અંતરે ઉપસ્થિત છે, એ ઉપરાંત કેટલાયે જૂના કૂવા મક્કામાં હતા તે બધા પહેલાંથી જ સુકાય ગયા હતા. જો રાતા સમુદ્રનું પાણી ત્યાં સુધી પહોંચે છે અને તેમાં ગંદુ પાણી પણ સામેલ થઈ જાય છે તો તે કૂવાઓ સુકાવા જ ન જોઈએ.

જેટલા નમૂના સઊદી ગર્વમેન્ટ તરફથી ટેસ્ટિંગ માટે યૂરોપ મોકલવામાં આવ્યા હતા અને જે નમૂના સઊદીમાં ટેસ્ટ કરાયા હતા, બધાયનો રિપોર્ટ એક સરખો જ આવ્યો કે આ પાણી પીવા માટે ઘણુ જ ફાયદાકારક છે. સાધારણ પીવાના પાણીમાં અને આબે ઝમઝમમાં કેલ્શિયમ તથા મેગ્નેશિયમ સોલ્ટસની માત્રાનો ફરક છે. આબે ઝમઝમમાં અને સામાન્ય પાણીમાં મિનરલ્ઝની માત્રાનો ફરક છે. આબે ઝમઝમમાં મિનરલ્ઝની માત્રા પીવાના સામાન્ય પાણી કરતાં વધારે પ્રાપ્ત થઈ છે. આ જ કારણે જ્યારે થાકની સ્થિતિમાં હાજી આ પાણીને પીવે છે અને શરીર ઉપર વહાવે છે તો તેઓનો થાક દૂર થઈ જાય છે. પાણીમાં ફ્લોરાઈડની માત્રા વધુ હોવાના કારણે જંતુઓ જાતે જ ઝમઝમના પાણીથી દૂર રહે છે. યૂરોપી લેબોરેટરીઓના સમર્થન બાદ મિસ્રી ડોકટરની વ્યર્થ વિચારસરણી અને કાલ્પનિક ધારણાને ભરપૂર રીતે નકારી કાઢવામાં આવી. ત્યાર બાદ શાહ ફૈસલે આ રિપોર્ટને યૂરોપિયન મિડીયા માટે પ્રસિદ્ધ કરવાનો આદેશ આપ્યો જેને તમામ યૂરોપી મિડિયા સેન્ટરોને તાત્કાલિક પહોંચાડી આપવામાં આવ્યો.

આ અલ્લાહનો એહસાન જ છે કે આવા સંશોધનોના પરિણામમાં આબે ઝમઝમની રાસાયણિક બનાવટ સામે આવી ગઈ. જેમ જેમ ચકાસણી કરવામાં આવશે તેમ તેમ આ પાણીની વિશિષ્ટતાઓ આપણી ઉપર સ્પષ્ટ થતી જશે. બેશક ! અલ્લાહ તઆલાનું મહાન ઈનામ છે જે સંપૂર્ણ જગતને કયામત સુધી અદ્ભૂતપણાની વાદીઓમાં ફેરવ્યા કરશે. આ પાણીને ક્યારે પણ કેમિકલ વડે શુદ્ધ કરવાની જરૂરત નથી, આ પાણીમાં કોઈ પણ પ્રકારના બાયોલોજીકલ રેજીટેશન નથી હોતાં, તેનો સ્વાદ હમેશાં એકસરખો રહે છે, તેની રંગત, શુદ્ધતા તથા સુગંધમાં ક્યારે પણ ફેરફાર થતો નથી. તેમાં ક્યારે પણ કલોરીન અથવા કોઈ અન્ય વસ્તુ મેળવવાની જરૂરત નથી. તમે ગમે તેટલી મુદ્દત આ પાણીને મૂકી રાખો તેની એક પણ વિશિષ્ટતામાં રજમાત્ર ફેરફાર થઈ એવું નહીં અનુભવો. શુગર તથા હાર્ટની બીમારીઓ, ટી.બી. તેમજ બીજા અન્ય પ્રકારના બીમારોને આ પાણીના ઉપયોગથી ખાસ ફાયદો પહોંચે છે. તેના ઉપયોગનો સુન્નત તરીકો સામાન્ય પાણી પીવાના સુન્નત તરીકાથી અલગ છે કે આબે ઝમઝમને કિબ્લા તરફ મોઢું કરી ઉભા થઈને પીવાનો હુકમ છે, તેમાં બેશુમાર બરકતો અને અસંખ્ય બીમારીઓથી શિફાયાબી છે. *(હવાલો : દા'વત–દિલ્હી, જુલાઈ–૨૦૦૮)*

બલ્કે હદીષમાં છે કે જે નિય્યત કરીને પીઓ તે મુરાદ પૂર્ણ થશે. ઈન્શાઅલ્લાહ ! તમારી નિય્યત તથા યકીનમાં ખુલૂસ જોઈએ.

વળી જાપાનના પ્રખ્યાત વૈજ્ઞાનિક મસારો એમુટોએ જાહેર કર્યું છે કે આબે ઝમઝમમાં એવી વિશિષ્ટતાઓ જોવા મળે છે જે એના સિવાય વિશ્વના કોઈ પાણીમાં મૌજૂદ નથી. તેમણે નેનો નામની ટેક્નોલોજીની મદદ વડે આબે ઝમઝમ પર વિવિધ પરીક્ષણ કર્યાં છે જેના થકી તેમને જાણવા મળ્યું કે આબે ઝમઝમનું એક ટીપુ સામાન્ય પાણીનાં એક હજાર ટીપાંઓમાં નાખી આપવામાં આવે તો સામાન્ય પાણીમાં તે જ વિશિષ્ટતાઓ પેદા થઈ જાય છે જે આબે ઝમઝમમાં છે.

જાપાનની વૈજ્ઞાનિક હેડ ઈન્સ્ટિટયૂટના વડા ડો. એમૂટોએ પોતાના એક લેકચરમાં કહ્યું કે જાપાનમાં તેમને એક અરબવાસી પાસેથી આબે ઝમઝમ મળ્યું જેના પર તેમણે વિવિધ પરીક્ષણો કર્યાં. પરીક્ષણમાં જાણવા મળ્યું કે ઝમઝમના એક ટીપાનું બિલ્લોર (ચમકતુ સત્વ) સૌમાં વિશિષ્ટતા ધરાવે છે તે કોઈ અન્ય પાણીના ટીપા સમાન નથી. આબે ઝમઝમની પૃથ્વીના પટના કોઈપણ વિસ્તારમાંથી લેવામાં આવેલા પાણીની સાથે સામ્યતા નથી. તેમણે લેબોરેટરી ટેસ્ટ થકી માલૂમ કર્યું કે આબે ઝમઝમની વિશિષ્ટતાઓને કોઈ રીતે પણ તબદીલ કરવું શક્ય નથી. તેનું મૂળ કારણ જાણવાથી વિજ્ઞાન લાચાર છે. ઝમઝમનું રીસાયકલિંગ કર્યા પછી પણ તેના બિલ્લોરમાં તબદીલી જોવા નથી મળી.

*(http://www.forumpakistan.com/new-research-on-aabe-zam-zam-t10451.html)*

# જેહાદ



## સંબંધે ગલતફહમીઓ અને તેનું નિવારણ

●રજૂકર્તા●
મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ
મિસ્બાહી (હાલ : લેસ્ટર, યુ.કે.)

વર્તમાનકાળમાં ઈસ્લામના વિરોધીઓ થકી ઈસ્લામના કાનૂનોને નિશાન બનાવીને તેનો યોગ્ય અભ્યાસ કર્યા વિના તથા ક્યાંક સમજવા છતાં પૂર્વગ્રહથી પીડાયને ખોટા ખોટા આક્ષેપો કરવામાં આવે છે. એ જ રીતે "જેહાદ" વિશે પણ ખૂબ જ ગલતફહમીઓ ફેલાવવામાં આવે છે. તો વળી ક્યાંક કુર્આન પાકની આયતોના ગલત અર્થો કરીને કુર્આન તથા ઈસ્લામ પર કીચડ ઉછાળવામાં આવે છે. તેને લક્ષમાં રાખીને ઈસ્લામી જેહાદનો ખરો અર્થ તથા તેની શરતો, તેના વિવિધ પ્રકારો વગેરેની સમજ આ સંક્ષિપ્ત લેખમાં રજૂ કરવામાં આવે છે.

માનવ વંશ પ્રથમ દિવસથી જ સારા અને બુરા તથા હક્ક અને બાતિલ, તથા રોશની અને તારીકી જેવી વસ્તુઓમાં મુકાબલો કરતો આવ્યો છે અને આ ધરતી ઉપરોક્ત બંને સારી તથા બુરી ખૂબીઓનું સ્થાન બની રહી છે અને એક બીજા પર જીત પ્રાપ્ત કરવાનો આ સિલસિલો રહેતી દુનિયા સુધી રહેશે. ગુમરાહી તથા હિદાયત બંનેના અલમબરદારો (ઝંડાધારીઓ) પોત પોતાના રસ્તે ચાલતા રહેશે અને પોતાના રસ્તામાં આવતા પથ્થરોને હટાવવામાં પોતાની પૂરી કોશિશ ખર્ચ કરતા રહેશે, તેઓને આ કામથી ન કોઈ રોકી શક્યું છે અને ન તો કોઈ રોકી શકશે, કારણ કે અલ્લાહ તઆલાનું ચાહવું જ કંઈક એવું છે કે તેણે માણસને પેદા કર્યો અને તેને આ દુનિયામાં મોકલી સાચા તથા જૂઠા અને હક્ક તથા બાતિલને પસંદ કરવાનો ઈખ્તિયાર (અધિકાર) આપ્યો. પોતાની આ પૈદાઈશના કારણે દરેક માણસ પોતાના માટે નેકબખ્તી તથા બદ્‌બખ્તીનો રસ્તો પસંદ કરે છે અને પછી દુનિયા અને આખિરતમાં જઝા તથા સજાનો હક્કદાર બને છે.

### ★ જેહાદ એટલે કુમાર્ગીઓને સુધારણાની દરેક કોશિશ ★

હક્ક તથા સત્યનો પયગામ આપનાર અંબિયા અને મુર્સલીન عليهم السلام જેમનો સિલસિલો હઝરત આદમ عليه السلام થી શરૂ થઈ હુઝૂર ખાતમુન્નબીય્યીન મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પર સંપૂર્ણ થઈ ગયો. તેમની રહમત તથા મહેરબાની, શાંતિ પ્રિયતા, સુલેહ પસંદી, લોકો માટે સારુ ચાહવાનો જઝબો, ઈન્સાની હમદર્દી તથા ગમગુસારી સમગ્ર સૃષ્ટિ માટે દીવાદાંડી છે. તેમણે અલ્લાહનો પયગામ મખ્લૂક (લોકો) સુધી પહોંચાડવામાં પોતાની આખી જિંદગી ખર્ચી નાખી. સદ્‌વર્તન તથા કિરદાર અને તદબીર તથા હિકમતના તેઓ ઉચ્ચ નમૂના હતા છતાં તેમને અગણિત તકલીફોનો સામનો કરવો પડયો હતો અને અમુક એવા પણ સંજાગો આવેલા કે તોફાન પસંદ અને ખરાબ આદતવાળાઓના તોફાન તથા શરારતના કારણે અમુક સખત ફેંસલાઓ પણ લેવા પડયા હતા અને જબાનના બદલે તાકાત અને તલ્વારનો સહારો પણ લેવો પડયો. મેદાનમાં આવી તેમને શિર્ક તથા કુફ્ર અને બુરી તાકતો સાથે જંગ પણ કરવી પડી. પોતાની બહાદુરીના જૌહરો પણ દેખાડયાં અને શહાદતનો મર્તબો પણ પ્રાપ્ત કર્યો, આ જ ઈતિહાસ અને આ જ કામો જેહાદ (જંગ) છે અને અંબિયા, મુર્સલીન عليهم السلام ની બેહતરીન સુન્નત છે.

### ★ જેહાદનો હુકમ ક્યારે અને શાથી ? ★

મક્કા શરીફમાં નબુવ્વતના એલાન પછી કાફિરોનો જુલ્મ મુસલમાનો પર ખૂબ જ વધી ગયો. ખૂબ જ ત્રાસ અબૂ જહલ, અબૂ લહબ જેવા દુશ્મનો તરફથી થતો હતો છતાં અલ્લાહ તઆલા તરફથી હથિયાર ઉપાડવાનો હુકમ ન હતો. ત્યાં સુધી કે જુલ્મની હદ થઈ ગઈ તો નબી કરીમ ﷺ ને તથા સર્વ મુસલમાનોને હિજરત કરવાનો હુકમ આવ્યો પણ લડવાનો નહીં! અને મદીના પાકમાં આપ સૌ હિજરત કરીને આવી ગયા. છતાં ત્યાં પણ મક્કાના કાફિરો તથા મુનાફિકો મુસલમાનો પર હુમલો કરી તેમને નાબૂદ કરવા આવી પહોંચ્યા તો પછી કુર્આનમાં રબ તઆલાએ તેમની સાથે જંગ તથા જેહાદ કરવાના

હુકમો આપ્યા. જેમ કે :–

કુર્આને હકીમ ઈર્શાદ ફર્માવે છે, "અને ઘણા નબીઓએ જેહાદ કર્યો તેમની સાથે ઘણા બધા અલ્લાહવાળા હતા તો તેઓ અલ્લાહની રાહમાં આવનાર મુસીબતોથી ન સુસ્ત પડયા અને ન કમજોર પડયા." *(પારા–૪, સૂ. આલે ઈમરાન, આયત–૧૪૬)*

જેહાદ હુઝૂર ﷺની ઉમ્મત પર પણ ફર્ઝ કરવામાં આવ્યો. પયગંબરે ઈસ્લામ ﷺએ પણ જેહાદ કર્યો, તેમના સહાબાએ પણ જેહાદ કર્યો અને આ જેહાદ કુર્આનના હુકમ અનુસાર જ છે, જેમ કે કુર્આનનો ઈશાદ છે, "હે નબી ! ઈમાનવાળાઓને જેહાદનો શોખ આપો !" *(પારા–૧૦, સૂરએ અન્ફાલ, આયત–૬૫)*

બીજી જગ્યાએ ઈર્શાદ ફર્માવવામાં આવ્યો, "હે નબી ! કાફિરો અને મુનાફિક઼ોથી જેહાદ અને તેમના પર સખ્તી કરો !" *(પારા–૨૮, સૂરએ તેહરીમ, આયત–૯)*

"તમારા પર પણ અલ્લાહની રાહમાં જેહાદ કરવો ફર્ઝ કરવામાં આવ્યો." *(પારા–૨, સૂરએ બક઼રહ્, આયત–૨૧૬)*

સારાંશ કે જ્યારે મક્કાના કાફિરો મુસલમાનોને હિજરત કરવા છતાં ત્યાં પણ ચૈનથી જીવવા નથી દેતા અને મુસલમાનો પર હુમ્લો કરવા હજારોના શસ્ત્ર સજ્જ લશ્કર સાથે આવે છે તો સ્વભાવિક છે કે પોતાની જાન બચાવવા સામનો કરવો જ રહ્યો. આજે પણ વિશ્વમાં જ્યારે કોઈ લશ્કર કોઈ દેશ પર ચઢી આવે તો સામે જવાબ આપવામાં આવે જ છે અને દેશમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવે છે.

## ★ સત્તા માટેની લડાઈ જેહાદ નથી ★

આજે તો સર્વત્ર ધર્મના નામ પર રાજકરણ ખેલાય રહ્યું છે અને ધર્મોને આડ બનાવી તોફાનો મચાવીને સત્તા પ્રાપ્તિ માટે અવનવા ખેલો તથા ષડયંત્રો રચાઈ રહ્યાં છે, લડાઈઓ તથા તોફાનો કરાવીને, બોમ્બ ફોડીને નિર્દોષોના લોહી રેડાય છે. જ્યારે ઈસ્લામી જેહાદમાં એ બાબતોને સદંતર સ્થાન નથી. જેમ કે :–

આ જેહાદ માત્ર અલ્લાહની રાહમાં છે ફક્ત તેની ખુશી પ્રાપ્ત કરવા માટે, પોતાની જાત, પોતાની જાહેરાત તથા માલે ગનીમત તથા સત્તા પામવા માટે નહીં, જેમ કે અલ્લાહના રસૂલ ﷺનું ફર્માન છે કે, "જેહાદ તે જ છે જે કલ્મએ હક્ક઼ બુલંદ કરવા માટે હોય."

હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ બયાન કરે છે કે એક માણસ હુઝૂર ﷺની બારગાહમાં આવ્યો અને અર્ઝ કરી કે, માણસ માલે ગનીમત માટે અને નામવરી માટે અને બહાદુરી દેખાડવા માટે લડે તો તેમાંથી અલ્લાહના રાહમાં લડવાવાળો કોણ ? તો પ્યારા આક઼ા ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "અલ્લાહની રાહમાં જેહાદ કરવાવાળો તે જ છે જે કલ્મએ હક્ક઼ની બુલંદી માટે લડે છે." *(સહીહ બુખારી)*

હુઝૂર ﷺ જંગના મેદાનમાં પહેલ કરવા વિશે ઈર્શાદ ફર્માવે છે કે, **"દુશ્મનથી મુકાબલાની તમન્ના ન કરો."** અને અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ બયાન કર્યું છે કે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, **"દુશ્મનથી મુક઼ાબલાની લાલચ ન કરો પણ જ્યારે તેઓ મુક઼ાબલામાં આવી જાય તો અડગ રહો."** *(સહીહ બુખારી)*

જેહાદમાં જરૂરતના સમયે સ્ત્રીઓનો પણ સમાવેશ છે. હઝરત આઈશા, હઝરત ઉમ્મે સુલૈમ, હઝરત ઉમ્મે સલીત... વગેરે ગઝવએ ઓહદમાં શરીક હતાં, મશ્કોમાં પાણી ભરી લાવતાં અને તરસ્યા મુજાહિદોને પીવડાવતાં અને જખ્મીઓને મલ્લમપટ્ટી કરતા હતાં.

ષરુબય્યહ બિન્તે મુઆવિઝ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺ સાથે અમે સ્ત્રીઓ પણ જેહાદમાં જતી હતી. ગાઝીઓને પાણી પીવડાવતી, તેમની ખિદમત કરતી હતી, જખ્મીઓ તથા શહીદોને ઉઠાવી મદીના શરીફમાં લાવતી. *(સહીહ બુખારી)*

કોઈ પણ રીતે મુજાહિદોની મદદ કરવી જેહાદનો જ એક ભાગ છે. ઝૈદ બિન ખાલિદ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે માણસ જેહાદ કરનાર માણસને કોઈ સામાન આપે તો જાણે તેણે પોતે જ જેહાદ કર્યો, અને જેણે અલ્લાહની રાહમાં જેહાદ કરનારના ઘરબારની ખબર અંતર લીધી તો તે

માણસ પણ તે જેહાદ કરનારની જેમ છે." *(સહીહ બુખારી)*

જેહાદનો પહેલો તથા છેલ્લો મક્સદ અલ્લાહની રઝા છે જેનો સબક આપણને હુઝૂર ﷺના આ કામ મુબારકથી મળે છે. અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما બયાન ફર્માવે છે કે નબી કરીમ ﷺ જ્યારે જેહાદથી પરત તશરીફ લાવતા તો ત્રણવાર તકબીર કહેતા. ત્યાર બાદ ફર્માવતા કે, આપણે ઈન્શાઅલ્લાહ ! એ રીતે પરત આવ્યા કે તૌબા કરવાવાળા છીએ, ઈબાદત કરવાવાળા છીએ, પોતાના રબની હમ્દ બયાન કરવાવાળા છીએ અને તેના માટે સજદો કરવાવાળા છીએ. અલ્લાહે પોતાનો વાયદો સાચો કરી બતાવ્યો, પોતાના બંદાની મદદ ફર્માવી અને દુશ્મનોને પરાજય આપ્યો. *(સહીહ બુખારી)*

### ★ ઈસ્લામમાં જુલ્મને સ્થાન જ નથી ! ★

અમનો અમાન તથા માનવ પ્રેમનો એક ઐતિહાસિક ઉઘાડો નમૂનો બીજા ખલીફા હઝરત ઉમર رضی اللہ عنہએ બૈતુલ મુક્દસની ફતેહ પછી પેશ કર્યો, જેરુસલેમના લોકો માટે તેમણે આ અમાન (શાંતિ)નામું જાહેર કર્યું :–

"બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ. અલ્લાહના બંદા ઉમરે જે અમીરુલ મો'મિનીન છે, ઐલયા (જેરુસલેમ)વાળાઓને આ અમાન આપ્યું, તેમની જાન તથા માલ, ઈબાદત ખાનાઓ સલિબો (ક્રોસ)ને અમાન આપ્યું, તેમની કૌમના બધા જ કમજોર તથા તાકાતવાળાને પણ અમાન આપવામાં આવ્યું, તેમની ઈબાદતગાહો રહેવા માટે વાપરવામાં નહીં આવે અને ન તો તેને તોડવામાં આવશે. તેમની ઈબાદતગાહો તથા સલિબો તથા માલ સામાનને કાંઈ પણ નુકસાન પહોંચાડવામાં નહીં આવે અને તેમના ધર્મમાં કોઈ જોર જબરદસ્તી કરવામાં નહીં આવે અને તેઓને સતાવવામાં નહીં આવે." *(તારીખે તિબ્રી, ભાગ–૧)*

અમન તથા જંગ બંને હાલતોમાં ઈમાનવાળાઓને જુલ્મ તથા ઝયાદતીથી વારે ઘડીએ રોકવામાં આવ્યા છે, નાહક્ક કત્લ તથા ખૂન કરવાથી રોકવામાં આવ્યા છે. જેમ કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે, **"જે જાનની અલ્લાહ તઆલાએ હુરમત રાખી છે તેને નાહક્ક કત્લ ન કરો !"** *(પારા–૮, સૂરએ અન્આમ, આયત–૧૫૧, પારા–૧૫, બની ઈસ્રાઈલ, આયત–૩૩)*

**"જેણે કોઈ જાનના બદલા વગર કે જમીનમાં કોઈ ફસાદ વગર કોઈને કત્લ કર્યો તો જાણે તેણે બધા જ ઈન્સાનોને કત્લ કર્યા અને જેણે કોઈ જાનને હલાક થવાથી બચાવી તો જાણે તેણે બધા જ ઈન્સાનોને બચાવી લીધા."** *(પારા–૬, સૂરએ માએદા, આયત–૩૨)*

### ★ આગમાં સળગાવવાની મનાઈ ★

કોઈને આગમાં સળગાવવાની પણ સખત મનાઈ છે. બે આદમીઓ વિશે પોતાના હુકમ પાછો લેતાં અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, સળગાવવું માત્ર અલ્લાહ માટે ખાસ છે તેને જ તેનો ઈખ્તિયાર છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ ﷺએ અમને એવું ફર્માવી મોકલ્યા કે ફલાણા ફલાણા તમારા હાથમાં આવે તો સળગાવી દેશો. જ્યારે અમે રવાના થયા તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મેં ફલાણા વિશે સળગાવવાનો હુકમ આપ્યો હતો પણ સળગાવવું તો માત્ર અલ્લાહ માટે ખાસ છે માટે તેને કત્લ કરી દેશો. *(સહીહ બુખારી)*

### ★ સ્ત્રીઓ, બાળકો, મજૂરો, વૃદ્ધોને મારવાની મનાઈ ★

સ્ત્રીઓ તથા બાળકોને કત્લ કરવાની પણ સખ્ત મનાઈ છે. અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہએ બયાન કર્યું છે કે કોઈ ગઝવહ (જંગ)માં એક સ્ત્રી કત્લ કરેલ હાલતમાં મળી તો રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે સ્ત્રીઓ તથા બાળકોને કત્લ કરવામાં ન આવે. *(સહીહ બુખારી)*

મજૂરને કત્લ કરવાથી પણ મનાઈ કરી આપી છે. હઝરત હંઝલા અલ કાતિબ رضی اللہ عنہ બયાન ફર્માવે છે કે, રસૂલુલ્લાહ ﷺની સાથે અમે લોકો એક જિહાદમાં ગયા, એક કત્લ કરવામાં આવેલ સ્ત્રી પાસેથી અમે લોકો પસાર થયા જેની આસપાસ ઘણા લોકો જમા હતા. હુઝૂર ﷺને જોતાં જ લોકોએ રસ્તો આપી દીધો, આપે તેણીને જોઈને ઈર્શાદ ફર્માવ્યો કે

આ તો લડવાવાળા દુશ્મનોમાં સામેલ ન હતી ! ત્યાર બાદ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہને કહેવડાવ્યું કે સ્ત્રીઓ તથા મજૂરોને ક઼ત્લ કરવામાં ન આવે. *(સુનને ઈબ્ને માજા)*

વૃદ્ધો માટે પણ આજ હુકમ છે. અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, ખૂબ વૃદ્ધ માણસ તથા બાળકોને ક઼ત્લ કરવામાં ન આવે." *(અબૂ દાઊદ)*

ખૂણામાં બેસી રહી (ગોશાનશીન) ઈબાદત કરનાર માણસનો પણ એ જ હુકમ છે. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ બયાન કર્યું કે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, "બાળકો તથા ખૂણામાં બેસી ઈબાદત કરનાર પાદરીઓને ક઼ત્લ કરવામાં ન આવે." *(નયલુલ અવતાર)*

### ★ જાનવરો, ઝાડો કાપવાની પણ મનાઈ ★

જેહાદના તરીકામાં એનો પણ સમાવેશ થાય છે કે જાનવરોને મારવામાં ન આવે, હર્યાભર્યા ખેતરો તથા ઝાડોને બરબાદ કરવામાં ન આવે, જેઓ જંગમાં સામેલ નથી તેમને તકલીફ પહોંચાડવામાં ન આવે, કોઈ ક઼ત્લ કરાયેલ માણસની શિકલ બગાડવામાં ન આવે અને લોકો સાથે ખરાબ વર્તન તથા ખયાનત ન કરવામાં આવે.

જ્યારે જેહાદની શરતો જોવામાં આવશે ત્યારે મુસલમાનો પર જેહાદ ફર્ઝ થશે, અને તે પણ મુસલમાનો પર જેઓમાં જંગ કરવાની તાક઼ાત તથા શક્તિ હોય, અને માલદાર હોવું પણ શરત છે. કોઈ દુશ્મન દેશ અથવા કોઈ ક઼ૌમ થકી કોઈ મુસ્લિમ દેશ અથવા મુસ્લિમ વસ્તી પર હુમલો થઈ જાય તો મુસલમાનોની જાન, માલ તથા ઈમાન અને ઈજ્જતની હિફાઝત માટે જેહાદની શરતો હોવાના સંજોગોમાં તેના પર જેહાદ વાજિબ થઈ જશે. હાલત તથા સંજોગોના આધારે જેહાદ ક્યાં તો ફર્ઝે ઐન થશે એટલે દરેક મુસલમાને જેહાદમાં નીકળવું પડશે, અને ક્યાં તો જેહાદ ફર્ઝે કિફાયા થશે એટલે કે અમુક મુજાહિદોનો જેહાદ બધા જ મુસ્લિમ તરફથી પૂરતો રહેશે.

જે રીતે જાનથી જેહાદ કરવામાં આવે છે અને જાન અલ્લાહની રાહમાં ખર્ચ કરવામાં આવે છે એ જ રીતે માલની પણ કુર્બાની છે કે જ્યારે જ્યારે જ્યાં જ્યાં અલ્લાહની રાહમાં માલની જરૂર પડે પોતાનો માલ ખર્ચ કરવામાં આવે. જાન તથા માલ બંને વડે જેહાદ કરવાનો અલ્લાહ તઆલાએ કુર્આન શરીફમાં વિવિધ જગાએ ઉલ્લેખ કર્યો છે. જેહાદ કરવાવાળાઓનો ઘણો જ ઊંચો દરજ્જો છે તેઓને ખુદાની રહમતના મુસ્તહિક઼ બતાવવામાં આવ્યા છે અને તેઓની મગફિરતની ખુશખબરી આપી છે.

જેહાદ તથા મુજાહિદ બંને એક જ શબ્દ જુહદથી બન્યા છે જેનો મતલબ છે કોશિશ, મહેનત. અલ્લાહની રાહમાં તથા તેની રઝા પ્રાપ્ત કરવા માટે જે પણ જેહાદ તથા મુજાહિદાની કોશિશ કરવામાં આવે તે સારુ અને મુસ્તહબ છે. અને આવી કોશિશો કરનારના રસ્તાઓ અલ્લાહ તઆલા વિશાળ કરી આપે છે. જેમ કે કુર્આન મજીદમાં છે, "અને જેમણે અમારી રાહમાં જેહાદ (કોશિશ) કર્યો તેઓને જરૂર અમે અમારો રસ્તો બતાવીશું અને અલ્લાહ નેક લોકોની સાથે છે." *(પારા–૨૧, સૂરએ મુમતનેહા, આ.૬૯)*

### ★ જેહાદ કેવળ લડવાનું જ નામ નથી ! ★

જેહાદ માત્ર તલ્વારથી લડવાનું નામ નથી, આને સમજવા સમજાવવામાં લોકો ઠોકર ખાય જાય છે. જરૂર એ વાતની છે કે જેહાદનો ખરો અર્થ ત્યાર પછી તેની ખુલાસા વાર વિગતને દિર્ઘ દષ્ટિએ જોવામાં આવે, જેને સમજવા માટે આ હદીષે પાક વાંચો, આઈશા બિન્તે તલ્હા બયાન કરે છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا એ હુઝૂર ﷺથી જેહાદમાં સામેલ થવાની રજા માંગી. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **"તમે સ્ત્રીઓનો બેહતરીન જેહાદ હજ્જ કરવી છે."** *(સહીહ બુખારી)*

### ★ માં બાપની ખિદમત જેહાદ છે ! ★

માં, બાપની ખિદમત પણ જેહાદ છે. અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہએ બયાન કર્યું કે એક માણસ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને તેણે જેહાદમાં સામેલ થવાની ઈજાઝત માંગી. તો હુઝૂર ﷺએ સવાલ કર્યો, શું તમારા માં બાપ જીવે

છે ? તે માણસે અર્ઝ કરી કે, હા ! હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, તેમની ખિદમત કર, તે જ જેહાદ છે ! (ઉપર મુજબ)

મુઆવિયા બિન જાહિમા સલ્મા رضی اللہ عنہએ પણ એકવાર જિહાદમાં સામેલ થવાની ઈજાઝત માંગી તો રસૂલુલ્લાહ ﷺએ તેમને સવાલ કર્યો કે, શું તમારી માં હયાત છે ? તો તેમણે અર્ઝ કરી, હા ! તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, પોતાની માંના પગોથી લાગેલા રહો, તે જ તમારી જન્નત છે. *(સુનને ઈબ્ને માજહ)*

અલ્લાહના માર્ગમાં જેહાદના વિવિધ પ્રકારો છે જેમાંથી અમુકનો નીચે ઉલ્લેખ કરવામાં આવે છે :–

(૧) **જિહાદ બિલ્ કલ્બ (દિલની સાથે જિહાદ)** : દિલને બુરા ખયાલોથી સાફ રાખી તેને પાક ખયાલો, કલ્પનાઓ તથા જઝબાઓનું મર્કઝ (કેન્દ્ર) બનાવી રાખવું એ ઘણો મોટો જેહાદ છે. આ જ દિલ વિશે અલ્લાહના પ્યારા હબીબ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, "શરીરમાં એક એવો ટુકડો છે કે જો તે સુધરી જશે તો આખુ શરીર સુધરી જશે અને જો તે બગડી જશે તો આખુ શરીર બગડી જશે, તે ટુકડો દિલ છે." *(સહીહ બુખારી)*

આ દિલ શરીરના અંગોનો સરદાર છે. શરીરના જે પણ અંગને સારો તથા બુરો હુકમ આપશે તેના પર તે અંગ અમલ કરશે. આથી આ દિલની ઈસ્લાહ તથા સુધારણાનો જેહાદ દરેક મુસ્લિમ પર જરૂરી છે.

(૨) **જિહાદ બિલ અક્લ (અક્લ–બુદ્ધિ સાથે જિહાદ)** : માણસને જાનવરથી અલગ કરનાર અક્લ (બુદ્ધિ) ખોટા તથા ખરા અને સારા તથા નરસાનો ફેંસલો કરે છે. અને આ ત્રાજુની સચ્ચાઈ તથા ઈન્સાફની વ્યવસ્થા કરવી જેહાદનો એક મહત્વનો હિસ્સો છે, જેમ કે કુર્આન શરીફે ચિંતન તથા વિચારણા કરવાની ઘણી બધી જગ્યાએ તાકીદ કરી છે.

(૩) **જિહાદ બિલ ઈલ્મ (ઈલ્મ વડે જેહાદ)** : ઈલ્મના ઘરેણાથી સજવું, તેના મુતાબિક અમલ કરવો અને લોકોને તેની દા'વત આપવી જેહાદનું એક ઘણુ મહાન અંગ ગણવામાં આવે છે. આ ઈલ્મ જ અલ્લાહની માઅરેફત (ઓળખ)નો એક ઝરીયો છે અને આ ઈલ્મથી જ અલ્લાહનો ખૌફ પેદા થાય છે. કુર્આન શરીફમાં ફર્માવવામાં આવ્યું કે, "અલ્લાહથી તેના તે જ બંદા ડરે છે જે ઈલ્મવાળા છે."

(૪) **જિહાદ બિલ્લિસાન (જીભ વડે જેહાદ)** : જીભને બેકાર તથા બેહયા વાતોથી બચાવી સાચી તથા હક્ક વાતો કહેવડાવવી, આ પણ એક મોટો જેહાદ છે. હિદાયત તથા રહનુમાઈ માટે હઝરત આદમ علیہ السلامથી લઈ આજ સુધી આ જીભને જ તબ્લીગનો ઝરીયો બનાવવામાં આવી છે. જીભની હિફાઝત તથા તેના વ્યવસ્થિત અને હકીમાના ઉપયોગ માટે એક લાંબો જેહાદ તથા મુજાહિદો કરવો પડે છે.

(૫) **જિહાદ બિલ ખુલ્ક (સદ્ વર્તન વડે જેહાદ)** : સારી સીરત અને સારો કિરદાર માણસ માટે અમુલ્ય વસ્તુ છે. અને રસૂલુલ્લાહ ﷺની આખી જિંદગી કુર્આની અખ્લાકનો અજોડ નમૂનો અને ચમકતો આઈનો છે. માટે ઉમ્મતે મુહમ્મદિયાએ બુરા વર્તનથી દૂર રહી સારા તથા સદ્વર્તનના પૈકર બનવું એક અમલી જેહાદ છે. જે બીજા માટે આકર્ષણ તથા શોખનો સબબ બનશે.

(૬) **જિહાદ બિલ કલમ (કલમ વડે જિહાદ)** : લખવાની લાયકાત ધરાવનાર માણસ પોતાના કલમને ફિક્રી (વૈચારિક) તથા અખ્લાકી બુરાઈથી બચાવી તથા તેને કાબૂમાં રાખી જેહાદનો મહત્વનો ફર્ઝ અંજામ આપી કલમની અઝમત તથા ઈજ્જતની આ જ માંગ છે. કલમ તથા તેના લખાણનું કુર્આનમાં પણ વર્ણન કરવામાં આવ્યું છે.

તાકાત તથા હુકૂમતની અસરોથી વંચિત રહી (પ્રભાવિત થયા વિના) સાચી વાત કહેવી અફઝલ જેહાદ છે. જેમ કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જાલિમ સામે હક્ક વાત કહેવી અફઝલ જેહાદ છે. *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧)*

### ★ મનેચ્છાઓ સાથે લડવું મહાન જેહાદ ! ★

અને સૌથી મોટો જેહાદ તો એ છે કે પોતાના નફ્સની નાજાઈઝ માંગણીઓ તથા ખ્વાહિશોને ફગાવી ખૂદ પોતાના નફ્સથી જેહાદ. નફ્સની ખ્વાહિશોથી

ઈન્સાનનો રાત દિવસનો ભેટો થાય છે એટલા માટે નફસના મુજાહિદાને સૌથી મોટો જેહાદ કહેવામાં આવ્યો છે. હઝરત જાબિર رضی اللہ عنہ એ બયાન કર્યું છે કે એક જેહાદથી પરત આવી હુઝૂર صلی اللہ علیہ وسلم એ લોકોને સંબોધી ફર્માવ્યું કે તમારી વાપસી તમને બધાને મુબારક અને તમે નાના જેહાદથી મોટા જેહાદ તરફ આવ્યા છો, નફસાની ખ્વાહિશોથી લડવું બંદાનો મોટો જેહાદ છે. *(કન્ઝુલ ઉમ્માલ)*

માણસનો નફ્સ તેનો સૌથી મોટો દુશ્મન છે જે હક્ક્ની ઓળખ, હક્ક્ બોલી તથા રાહે ખુદામાં મોટો પથ્થર છે આથી તેની સાથે જેહાદ કરનાર ખરા અર્થમાં મુજાહિદ છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે મુજાહિદ તે છે જે અલ્લાહના મામાલામાં ખૂદ પોતાના નફ્સથી જેહાદ કરે અને મુહાજિર (હિજરત કરનાર) તે છે જે ઈસ્લામમાં મના કરવામાં આવેલ વાતોથી દૂર રહે. *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ-૧)*

પોતાના નફ્સથી જેહાદનો નમૂનો હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના આ બનાવથી મળે છે અને સારી રીતે સમજમાં પણ આવે છે જે ઈસ્લામી ઈતિહાસમાં ઘણો જ મશહૂર છે.

એકવાર જેહાદમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ એક કાફિરને પછાડી દીધો અને તેની છાતી પર સવાર થઈ ગયા, પોતાની તલ્વારથી તેને કત્લ કરવા જ ચાહતા હતા કે તેણે ગુસ્સામાં ભરાઈ આપના મોઢા પર થૂંકી દીધું, આ જોઈ હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ તેને છોડી દીધો અને તેને કત્લ કરવાનો ઈરાદો ત્યજી દીધો. તે કાફિર હેરાન થઈ ગયો કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ આવુ કેમ કર્યું? તેણે છેવટે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને સવાલ કર્યો કે આપે આવું કેમ કર્યું ? તો હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ જવાબ આપ્યો કે અલ્લાહ عزوجل અને રસૂલ صلی اللہ علیہ وسلم નો દુશ્મન સમજી મેં તારું કામ તમામ કરવાનો ઈરાદો કર્યો પણ જ્યારે તેં મારા મોઢા પર થૂંક્યું તો હવે તેમાં મારો નફ્સ પણ દાખલ થઈ ગયો, અને હું મારા નફ્સ માટે નહીં પણ અલ્લાહ અને તેના રસૂલ માટે જેહાદ કરી રહ્યો હતો જેથી મેં મારા હાથને રોકી લીધો.

પેજ નં. ૧૪ નું ચાલુ..

બદલાયો કે આ તરફ નહીં પશ્ચિમમાં કિબ્લો છે તો તે તરફ ફરી જાય, પશ્ચિમમાં બીજી રકાત પઢતાં ખ્યાલ આવ્યો કે આ તરફ નથી ઉત્તરમાં છે તો તરત તે તરફ ફરી જાય એ જ રીતે.....)

જો દિલનો અભિપ્રાય બદલાતાં કે પોતાની ભૂલ જણાતાં ફર્યો નહીં તો નમાઝ ન થઈ. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : નમાઝીએ ખાસ મજબૂરી વિના જાણી બુઝીને કિબ્લા તરફથી પોતાની છાતી ફેરવી નાંખી તો નમાઝ તૂટી ગઈ, પછી ભલે તરત જ કિબ્લા તરફ થઈ ગયો, અને જો જાણ્યા બુઝયા વિના, ઈરાદા વિના ફરી ગયો અને ત્રણ તસ્બીહ પઢવા (સુબ્હાનલ્લાહ ત્રણવાર પઢાય) તેટલીવાર ન લાગી હતી તો નમાઝ થઈ ગઈ. *(મુનીયા, બહર્રુરાઈક)*

**મસ્અલો** : જો ફક્ત મોઢું કિબ્લા તરફથી ફરીથી ગયું તો તરત જ કિબ્લા તરફ કરી લેવું વાજિબ છે નહીં તો નમાઝ થશે નહીં. પરંતુ મજબૂરી વિના કિબ્લાથી ફેરવવું મકરૂહ છે. *(મુનિયા)*

## નમાઝની પાંચમી શરત નિય્યતનું બયાન

નિય્યતથી મલતબ દિલનો પાકો ઈરાદો (નિશ્ચિય) છે, ફક્ત ખ્યાલ, ઉપલક વિચાર પૂરતો નથી જ્યાં સુધી પાકો વિચાર (નિશ્ચય) ન હોય.

**મસ્અલો** : જો ઝબાનથી પણ નિયત કરી લે તો બેહતર છે, દા.ત. એ રીતે કે, નિય્યત કરી મેં બે રકાત નમાઝ ફર્ઝ ફજરની અલ્લાહ તઆલાના માટે, મોઢું મારું કા'બા શરીફ તરફ અલ્લાહુ અકબર.

**મસ્અલો** : મુક્તદીએ (ઈમામની પાછળ પઢનારે) ઈમામની તાબેદારીની નિય્યત કરવી પણ જરૂરી છે.

**મસ્અલો** : ઈમામે પોતે ઈમામ હોવાની નિય્યત ન કરી તો પણ મુક્તદીઓની નમાઝ તેની પાછળ સહીહ (બરાબર) છે પરંતુ જમાઅતનો સવાબ મેળવશે નહીં.

**મસ્અલો** : જનાઝાની નિય્યત આ છે, "નિય્યત કરી મેં નમાઝની અલ્લાહ તઆલા માટે દુઆ આ મય્યત માટે, અલ્લાહુ અકબર.

## નેક અમલ કરો અને રબથી મહાન બદલો પામો !

રજૂકર્તા : ફખ્રે ગુજરાત હઝરત
મૌલાના યૂનુસ મિસ્બાહી (પ્રેસ્ટન, યુ.કે.)

### ★ જરૂરતમંદની મદદનો બદલો ★

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે જરૂરતમંદની મદદ કરી અલ્લાહ તઆલા એના માટે તોત્તેર મગફિરતો લખશે. એક મગફેરતથી એના સઘળાં કામો બની જશે અને બોત્તેરથી કિયામતના દિવસે એના દરજા બુલંદ કરવામાં આવશે. *(જમ્ઉલ જવામિઅ, હદીષ : ૨૦૩૧૯)*

**ફાયદો** : મુસલમાનોની મદદ અલ્લાહ તઆલાની બારગાહમાં પ્રિય કામ છે. અલ્લાહ તઆલા મદદ કરનારની મગફેરત ફર્માવી આપે છે. આખેરતમાં દરજાઓની બુલંદી પણ આપવામાં આવશે.

હઝરત સહલ બિન હુનૈફ رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યુ, "જે અલ્લાહના માર્ગના મુજાહિદની મદદ કરશે અથવા દેવાદારની એની ગરીબીમાં અથવા મુકાતબ ગુલામની એના મુક્ત થવામાં, તો અલ્લાહ તઆલા એને પોતાના (અર્શના) છાંયડામાં છાંયડો આપશે એ દિવસે જ્યારે એના છાંયડા સિવાય કોઈ છાંયડો નહીં હોય." *(મુસ્નદે ઈમામ અહમદ, ભાગ–૩, પેજ–૪૮૭)*

**ફાયદો** : મુસલમાન દેવાદાર થઈ જાય તો મુસલમાનોએ એની મદદ કરીને એને ફરીથી ઉઠાવવાની કોશિશ કરવી જોઈએ. અલ્લાહ તઆલા મદદ કરનારાઓને કિ઼યામતના દિવસે અર્શનો છાંયડો આપશે.

### ★ બીમારને ખવડાવવાનો બદલો ★

હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જેણે બીમાર મુસલમાનને એની ઈચ્છા પ્રમાણે ખવડાવ્યું અલ્લાહ તઆલા એને જન્નતનાં ફળો ખવડાવશે." *(તબ્રાની, ભાગ–૬, પેજ નં. ૨૯૫)*

**ફાયદો** : બીમાર મુસલમાનની સેવા ચાકરી સવાબનું કામ છે. દુનિયામાં એની સેવા કરવામાં આવે તો અલ્લાહ તઆલા એને આખેરતમાં જન્નત આપશે, ત્યાં ખાદિમો એની સેવા કરશે. એની પસંદના ખાવાનો મતલબ જે એના માટે ફાયદાકરક હોય.

### ★ મગફેરતની દુઆનો બદલો ★

હઝરત ઓબાદાથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જે ઈમાનવાળા સ્ત્રી પુરૂષ માટે મગફેરતની દુઆ કરશે અલ્લાહ તઆલા એના માટે દરેક ઈમાનવાળા સ્ત્રી પુરૂષના બદલે નેકી લખશે." *(જમ્ઉલ જવામિઅ, હદીષ : ૨૦૨૩૧)*

**ફાયદો** : મગફેરત કરવી અલ્લાહનું કામ છે અને આપણું કામ છે મગફેરતની માંગ કરવી. જ્યારે આપણને મગફેરતની માંગ પર દરેક વ્યક્તિ પર અલગ બદલો આપવાનો વાયદો કરવામાં આવ્યો છે તો આપણે એ ચૂકવું ન જોઈએ, દરેક મુસલમાનની મગફેરતની દુઆ કરવી જોઈએ.

### ★ અન્યાય પર મદદનું નુકસાન ★

હઝરત જાબિરથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જે રાજાને ખુશ કરે એનાથી જેનાથી અલ્લાહ નાખુશ હોય તો એ અલ્લાહ તઆલાના દીનથી નીકળી જશે." (પાકો ઈમાનવાળો રહેશે નહીં) *(મુસ્તદરકે હાકિમ, ભાગ–૪, પેજ–૧૦૪)*

**ફાયદો** : ન્યાય પર મદદ કરી શકાય અન્યાય પર નહીં. અન્યાય પર મદદ બીજાનો હક્ક઼ નષ્ટ કરવા પર મદદ છે. જે મુસલમાન થઈને આમ કરે એની પાસે ઈસ્લામનો ગુણ નથી.

હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ઈમાનવાળાને ડરાવે, અલ્લાહ પર હક્ક઼ છે કે એને કિ઼યામતના દિવસની ગભરામણથી પનાહ નહીં આપે." *(જમ્ઉલ જવામિઅ, હદીષ : ૨૦૧૧૪)*

**ફાયદો** : મુસલમાનને ડર લાગતો હોય તો એની મદદ કરવી જોઈએ. વિના વાંક ગુને એને ડરાવવું પાપ છે, અને કિ઼યામતના દિવસે જ્યારે બધા લોકો

ગભરામણમાં હશે અલ્લાહ તઆલાની કૃપાથી જ એ ગભરામણ દૂર થશે. અલ્લાહ તઆલા મુસલમાનને ડરાવનારની મદદ નહીં કરે.

### ★ મસ્જિદની સફાઈનો બદલો ★

હઝરત અબૂ સઈદ ખુદરીથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જે મસ્જિદમાંથી કચરો કાઢે અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં ઘર બનાવશે." *(મજમઉ ઝઝવાઈદ, ભાગ–૩, પેજ–૪૮૪)*

**ફાયદો** : મસ્જિદની સફાઈનું કામ અલ્લાહ તઆલાની બારગાહમાં મહાન સવાબનું કામ છે. અલ્લાહ તઆલા તરફથી એનો હુકમ હઝરત ઈબ્રાહીમ علیہ السلام અને હઝરત ઈસ્માઈલ علیہ السلامને આપવામાં આવ્યો હતો. મસ્જિદની સફાઈનું કામ કરનારને અલ્લાહ તઆલા જન્નતમાં ઘર આપશે. વર્તમાનકાળ માં આ કામ બાંગી લોકોને સોંપી દેવામાં આવે છે અને એ કામને ઉત્તમતા આપવામાં નથી આવતી. આ હદીષથી લોકોએ સબક લેવો જોઈએ.

### ★ માર્ગમાંથી તકલીફની વસ્તુ ખસેડો ★

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે નબી ﷺએ ફર્માવ્યું, "જે મુસલમાનોના માર્ગથી તકલીફ દેનાર વસ્તુ ખસેડે તો અલ્લાહ તઆલા એના માટે નેકી લખશે. અને જેના માટે અલ્લાહ તઆલા પાસે નેકી લખવામાં આવે અલ્લાહ તઆલા એને જન્નતમાં દાખલ કરશે."

**ફાયદો** : જ્યારે મુસલમાનના માર્ગથી તકલીફની વસ્તુ હટાવવાનો આટલો મહાન બદલો છે તો મુસલમાન તકલીફમાં હોય એની મદદ કરવાનો અને એની તકલીફ દૂર કરવાનો સવાબ કેવો હશે.

### ★ અલ્લાહની મુલાકાત પસંદ કરવાનો બદલો ★

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જે અલ્લાહ તઆલાની મુલાકાત પસંદ કરે અલ્લાહ તઆલા એની મુલાકાત પસંદ કરે છે. અને જેને અલ્લાહ તઆલાથી મુલાકાત કરવું પસંદ ન હોય અલ્લાહ તઆલા એની મુલાકાતના પસંદ કરે છે. *(તિર્મિઝી શરીફ, હદીષ : ૧૦૬૬)*

**ફાયદો** : અલ્લાહ તઆલાની મુલાકાત પસંદ હોય તો એના માટે એ બારગાહના લાયક બનવું જરૂરી છે, માત્ર મોઢાથી પસંદ છે કહેવું પૂરતું નથી.

### ★ અન્સારથી મહોબ્બતનો બદલો ★

નબી ﷺએ ફર્માવ્યું, "જે અન્સારથી મહોબ્બત કરે અલ્લાહ તઆલા એને પ્રિય રાખે છે અને જે અન્સારથી મહોબ્બત ન રાખે અલ્લાહ તઆલા એને પસંદ કરતો નથી." *(મુસ્નદે ઈમામ અહમદ)*

**ફાયદો** : અન્સારથી મહોબ્બત જરૂરી છે. અન્સાર મદીના શરીફના એ મુસલમાનોને કહેવામાં આવે છે જેમણે નબી ﷺને મદીનામાં આવવાની દા'વત આપી અને આપની મદદનો વાયદો ફર્માવ્યો અને જે વાયદો કર્યો હતો એ પ્રમાણે કરી બતાવ્યું.

### ★ કર્ઝ અદા કરવાની નિય્યતનો બદલો ★

હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે લોકોનો માલ લે અને એના અદા કરી દેવાનો ઈરાદો રાખે તો અલ્લાહ તઆલા પોતાના તરફથી અદ કરી આપશે. અને જે (કર્ઝ) લે અને અદા ન કરવાનો ઈરાદો રાખે અલ્લાહ એને હલાક કરશે. *(મુસ્નદે ઈમામ અહમદ, ભાગ–૨, પેજ–૩૬૧)*

**ફાયદો** : મુસલમાનનો માલ ખાય લેવાની નિય્યત આપને નષ્ટ કરવાની નિય્યત છે. જેમ મુસલમાનની ઈજ્જત જરૂરી છે તેમ એના માલનું રક્ષણ પણ જરૂરી છે. એક દિરહમ બચાવવા માટે જો નમાઝ તોડવી પડે તો એની ઈજાઝત છે. સારી નિય્યતવાળાને પોતાની નિય્યતનો બદલો મળીને રહે છે. જેણે કર્ઝ લીધું અને ગરીબીને લઈને અદા ન કરી શકે તો અલ્લાહ તઆલા આખેરતમાં એના તરફથી કોઈ બદલો આપી કર્ઝ આપનારને ખુશ કરી આપશે.

હઝરત મૈમૂનાથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જેણે કર્ઝ લીધું અને એને અદા કરી દેવાનો ઈરાદો રાખે છે અલ્લાહ તઆલા એની મદદ કરશે." *(જમ્ઉલ જવામિઅ, ૨૦૧૪૬)*

### ★ મુસલમાનની મદદનો બદલો ★

હઝરત હસન બિન અલી رضی اللہ عنہથી રિવાયત છે.

નબી ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ તઆલાએ જેના હાથો પર મુસલમાનની તકલીફનો નિકાલ કર્યો અલ્લાહ તઆલા એનાથી દુનિયા અને આખેરતની તકલીફ દૂર કરશે." *(ખતીબે તારીખમાં, ભાગ–૬, પેજ–૧૭૪)*

### ★ ખોરાકી રોકવાનો વબાલ ★

હઝરત ઉમરથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જેણે મુસલમાનોથી એમની ખાધા ખોરાકી રોકી લીધી અલ્લાહ તઆલા એને કોઢ અને ગરીબીમાં સપડાવશે." *(ઈબ્ને માજા, હદીષ : ૨૧૫૫)*

**ફાયદો** : જ્યારે ખાધા ખોરાકી રોકવાથી લોકો તકલીફમાં પડી જાય તો આ વબાલ છે.

### ★ કોઈને પ્રિય રાખવાનો બદલો ★

હઝરત અબૂ કુરશાફા رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જે કોઈ કૌમને પસંદ કરશે અલ્લાહ તઆલા એનો હશ્ર એમની જમાઅતમાં કરશે." *(તબ્રાની, ભાગ–૩, પેજ–૩)*

**ફાયદો** : નેક લોકોથી દિલી મહોબ્બત રાખવી જોઈએ જેથી એમની સાથે હશ્રમાં રહેવાનો મોકો મળે.

### ★ મૌત પહેલાં તૌબાનો બદલો ★

નબી ﷺએ ફર્માવ્યું, "જે મૌતની તકલીફ શરૂ થતાં પહેલાં અલ્લાહ તઆલા પાસે તૌબા કરી લે અલ્લાહ તઆલા એની તૌબા કબૂલ કરી લેશે." *(જમ્ઉલ જવામિઅ, હદીષ : ૨૦૪૪૪)*

**ફાયદો** : આપણા માટે તૌબાની મોહલત મૌતની તકલીફ શરૂ થતાં પહેલાંની રાખવામાં આવી છે પણ આપણને એ ખબર નથી કે આપણી મૌતની તકલીફ ક્યારે શરૂ થશે એટલે તૌબા પર તૌબા કરતાં જ રહેવું જોઈએ.

### ★ દેખાડો કરવાનો વબાલ ★

હઝરત જુન્દુબથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જે દેખાડો કરશે અલ્લાહ તઆલા એને એનો બદલો આપશે અને જે બીજાને દેખાડશે અલ્લાહ તઆલા એને દેખાડવાનો બદલો આપશે." *(મિશ્કાત શરીફ, પેજ–૪૫૪)*

**ફાયદો** : નેક અમલ અલ્લાહ તઆલાની રિઝા માટે કરવો જોઈએ બીજાને દેખાડવું એટલે કે લોકો એના વખાણ કરે તો અલ્લાહ તઆલા એના અમલનો બદલો આપશે નહીં, એટલે અમલમાં ઈખ્લાસ જરૂરી છે.

### ★ દુઆ કરવાનો બદલો ★

હઝરત અબૂ સઈદથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "મુસલમાન અલ્લાહ તઆલાથી કોઈ દુઆ કરે જેમાં પાપ અને સગાઈ તોડવું ન હોય અલ્લાહ તઆલા એના બદલે ત્રણમાંથી કોઈ એક આપે છે, કયાં તો દુનિયામાં એને એની દુઆનો બદલો આપી દેવામાં આવે છે અથવા એના માટે આખેરતમાં જથ્થો કરી લેવામાં આવે છે અથવા એના બરાબર કોઈ તકલીફ એનાથી ફેરવી દેવામાં આવે છે. લોકોએ વિનંતિ કરી, ત્યારે તો અમે એમાં વધારો કરીશું. ફર્માવ્યું, અલ્લાહ તઆલા પાક અને અધિક આપનાર છે." *(મુસ્નદે ઈમામ અહમદ, ભાગ–૩, પેજ–૧૮)*

**ફાયદો** : દુઆ જરૂરથી કબૂલી લેવામાં આવે છે. માંગવા પ્રમાણે અહીંયા ન મળે તો આખેરતમાં એનો બદલો મળશે. જીભ હલાવી ફાયદો લઈ લેવો જોઈએ.

### ★ મુસલમાનની ઈજ્જતનો બદલો ★

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જે મુસલમાન પોતાના ભાઈની ઈજ્જતનું રક્ષણ કરે અલ્લાહ તઆલાના કરમ પર હક્ક઼ છે કે ક઼િયામતના દિવસે દોઝખની આગથી એનું રક્ષણ કરશે. *(મિશ્ક઼ાત, હદીષ : ૪૯૮૨)*

### ★ મુસલમાનની તકલીફ બેકાર નથી ★

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જે મુસલમાનને માથાનો દુ:ખાવો થાય અથવા એને કાંટો વાગે અવા બીજું કંઈ થાય તો અલ્લાહ તઆલા ક઼િયામતના દિવસે એનો એક દરજ્જો બુલંદ કરશે અને એનો એક ગુનોહ માફ કરશે." *(ઈબ્ને અસાકિર, ભાગ–૩, પેજ–૩૬૦)*

**ફાયદો** : મુસલમાનને કોઈ પણ તકલીફ પહોંચે એ એના માટે બેકાર નથી જતી. અલ્લાહ તઆલા એનો બદલો પણ એને આખેરતમાં આપશે એટલે તકલીફ

પર સબ્રથી કામ લેવું જોઈએ.

### ★ બીમારીનો બદલો ★

હઝરત જાબિરથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે બીમારી મુસલમાન સ્ત્રી અને પુરૂષને આવી અલ્લાહ ﷻ એના ગુનાહો માફ કરી આપે છે." *(કન્ઝુલ ઉમ્માલ, ૬૮૩૮)*

### ★ તકીયો આપવાનો બદલો ★

હઝરત સલ્માનથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જે મુસલમાન પાસે એનો મુસલમાન ભાઈ આવે એ એની ઈજ્જત માટે તકીયો આપે અલ્લાહ તઆલા એની મગફેરત ફર્માવી આપશે." *(મજમઉ ઝ્ઝવાઈદ, ભાગ–૮, પેજ–૧૭૪)*

### ★ મુસાફો કરવાનો બદલો ★

નબી ﷺએ ફર્માવ્યું, "જે બે મુસલમાન મુલાકાત કરે, મિત્રનો હાથ પકડે અલ્લાહ તઆલાના કરમ પર હક્ક઼ છે કે એમની દુઆ કબૂલી લે અને હાથ અલગ થતાં પહેલાં એમની મગફેરત ફર્માવી આપે છે. અને જે લોકો અલ્લાહના ઝિક્ર માટે ભેગા થાય, ઈરાદો અલ્લાહને ખુશ કરવાનો હોય તો આકાશમાંથી એક અવાજ આપનારો અવાજ આપે છે કે ઉભા થઈ જાવ ! તમારી મગફેરત થઈ ગઈ ! તમારા પાપ નેકીઓથી બદલી દેવામાં આવ્યા. *(જમ્ઉલ જવામિઅ, હદીષ : ૧૯૫૬૭)*

### ★ બીમારીમાં અમલનો બદલો ★

નબી ﷺએ ફર્માવ્યું, "જે મુસલમાન બંદાને એના બદનમાં અજમાવામાં આવે તો અલ્લાહ તઆલા પોતાના ફરિશ્તાઓને ફર્માવે છે કે મારા બંદા માટે એના તંદુરસ્તીના અમલથી વધીને લખો." *(જમ્ઉલ જવામિઅ, હદીષ : ૧૯૫૬૪)*

**ફાયદો** : તંદુરસ્તીમાં વધારે નેક અમલ કરવામાં આવે તો એનો ફાયદો બીમારીમાં એ છે કે કરી ન શકે તો પણ એ પ્રમાણે સવાબ આપવામાં આવે છે. જે તંદરુસ્તીમાં પોતાના સમયની કદર નથી કરતો એ તકલીફમાં ઉપરોક્ત ફાયદો પ્રાપ્ત નથી કરી શક્તો.

### ★ પડોશીની ગવાહીનો દરજો ★

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જે મુસલમાન મરે અને એની નજીકના બે પડોશી એના માટે ગવાહી આપે કહે, અય અલ્લાહ ! અમે ભલાઈ જ જાણીએ છીએ ! તો અલ્લાહ તઆલા પોતાના ફરિશ્તાઓને કહે છે ગવાહ બની જાવ ! મેં એમની ગવાહી ક઼બૂલી લીધી અને જે એ બંને નથી જાણતા એ માફ ફર્માવી આપ્યું." *(દુર્રે મન્સૂર, ભાગ–૧, પેજ–૧૪૫)*

### ★ અલ્લાહના ખૌફમાં રડવાનો બદલો ★

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જે ઈમાનવાળાની આંખથી અલ્લાહના ખૌફથી આંસૂ નીકળે ભલે (એ અશ્રુ) માંખીના માથા જેવડું હોય, જેની ગરમી એના ચહેરાને પહોંચે (આંસૂ નીકળે ત્યારે ગરમ હોય છે) તો અલ્લાહ તઆલા દોઝખની આગ એના પર હરામ ફર્માવી આપશે." *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૧૯૫૧૪)*

**ફાયદો** : અલ્લાહ તઆલાની બારગાહમાં એના ખૌફથી રડવું પણ બેકાર નથી, એની પણ કદર કરવામાં આવે છે અને એનો પણ બદલો આપવામાં આવે છે.

### ★ મુસલમાનને ખુશ કરવાનો બદલો ★

હઝરત જાફર બિન મુહમ્મદ رضی اللہ عنہ થી પોતાના પિતા અને દાદાથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જે ઈમાનવાળાએ બીજા ઈમાનવાળા (ના દિલ)માં ખુશી દાખલ કરી અલ્લાહ તઆલા એ ખુશીથી એક ફરિશ્તો પેદા કરશે જે અલ્લાહની બંદગી કરશે, એની બુઝુર્ગી બયાન કરશે, એની તૌહીદનું એલાન કરશે. પછી જ્યારે એ ઈમાનવાળો ક઼બરમાં પહોંચશે તો બીજા ઈમાનવાળામાં દાખલ કરેલી ખુશી આવશે અને કહેશે, તું મને ઓળખે છે ? કહેશે તું કોણ છે ? વિનંતિ કરશે હું એ ખુશી છું જે તેં ફલાણામાં દાખલ કરી હતી, આજે હું એકાંતમાં તારો મિત્ર છું તારા ઈમાનના દાવા પર તને થોભાવીશ, તારી સાથે મેદાને મહેશરમાં હાજરી આપીશ, તારા રબથી તારી શફાઅત કરીશ અને તારી જન્નતનું ઠેકાણું તને બતાવીશ." *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૧૬૪૦૯)*

# બીમારીની ફઝીલત તથા બીમારપુર્સીનું ઈસ્લામમાં મહત્વ

ઈસ્લામ એવો સમૃદ્ધ મઝહબ છે કે જેમાં જિંદગીના દરેક પાસાંઓનું બારીક બારીક વર્ણન જોવા મળે છે. દુનિયાના કોઈ ધર્મમાં આવી માહિતી મળવી મુશ્કેલ છે. દરેક બીમાર થનાર પોતે નિરાશા અનુભવે છે પણ મુસલમાન બીમારે નિરાશ થવાની જરાય જરૂરત નથી ! બીમારી શું છે અને બીમારની શી ફઝીલત છે તથા બીમારની ખબર લેનાર (બીમારપુર્સી કરનાર)ને શું ઈનામ મળે છે તેને વાંચો અને તમારા ઈમાનને તાજુ કરો. ભાઈચારગીનો આવો અજોડ આદેશ બીજે ક્યાંય હોય તો દર્શાવો !

## ★ બીમારી પણ ખુદાની રહમત છે ★

બીમારી બે પ્રકારની હોય છે : એક શારીરિક (જિસ્માની) બીજી રૂહાની (આધ્યાત્મિક) બીમારી. ઈસ્લામનો સિદ્ધાંત આ વિશે એ છે કે સૌથી વધારે ખતરનાક તથા તબાહ કરવાવાળી બીમારી રૂહાની બીમારી છે. "નિફાક્" દિલી તથા રૂહાની બીમારી છે એટલે કે ઝબાન પર દોસ્તીની વાતો અને દિલમાં દુશ્મનીના જઝબાને નિફાક્ કહેવામાં આવે છે. આ સૌથી ખતરનાક અને તબાહ કરવાવાળી બીમારી છે. જેને આ બીમારી લાગી જાય તે દુનિયા અને આખેરતમાં તબાહ અને બરબાદ થઈ ગયો. હુઝૂર ﷺના પવિત્ર જમાનામાં જે લોકોને નિફાક્ની બીમારી લાગેલી એમના બારામાં ફર્માવવામાં આવ્યું, فی قلوبھم مرض "એમના દિલમાં બીમારી છે." આ જ નિફાક્ના કારણે આખેરતમાં ભયાનક અને દર્દનાક અઝાબ આપવામાં આવશે. ولھم عذاب علیم "એમના માટે દર્દનાક અઝાબ છે." યાદ રાખશો કે આ પ્રકારની બીમારીનો ઈલાજ એ છે કે સાચા દિલથી તૌબા કરીને સંપૂર્ણ રીતે ઈસ્લામમાં દાખલ થઈ જાય, કેવળ નમાઝ, રોઝા, અન્ય સારાં કામો અથવા શારીરિક તકલીફથી તેનો ઈલાજ શક્ય નથી.

રહી જિસ્માની બીમારી તો આ કોઈ ખતરનાક તથા તબાહ કરવાવાળી બીમારી નથી પરંતુ કેટલીક રૂહાની બીમારી એટલે કે ગુનાહોનો અસરકારક ઈલાજ છે. જિસ્માની બીમારી હકીકતમાં અલ્લાહની રહમત અને અલ્લાહનું ઈનામ છે, શર્ત એ છે કે બંદો સબ્ર તથા શુક્ર કરીને રાજી રહે. બુઝુર્ગોની શાન તો એ છે કે મોટામાં મોટી તકલીફને હસતા ચેહરે આવકાર આપે છે જેવી રીતે કે આરામ અને રાહતમાં આપણે ખુશ રહીએ છીએ. આપણા જેવા જો કે કમહિંમત તથા કમજોર લોકો તેમની બરાબરી નથી કરી શકતા પરંતુ ઓછામાં ઓછું એટલું તો કરી શકીએ છીએ કે તકલીફના સમયે સબ્રથી કામ લઈએ. અધીરાઈ અને બેસબ્રી જાહેર કરીને મળતા સવાબને હાથથી જવા ન દઈએ. બે સબ્રીથી આવેલી મુસીબત ટળી નથી જતી તો પછી બેસબ્રીથી શું ફાયદો ? બલ્કે નુકસાન એ થશે કે મળવાવાળો સવાબ જતો રહેશે અને સવાબથી મેહરૂમી મુસલમાનનું સૌથી મોટુ નુકસાન છે. وتوا سو بالصبر "મુસીબતની ઘડીમાં સબ્ર કરવાવાળા." બીજાને હુકમ આપવાવાળા ખોટમાં નહીં પરંતુ એમને ફાયદો જ ફાયદો છે. સૌથી મોટો ફાયદો એ છે કે રબની મદદ અને રહમત તેમની સાથે હોય છે.

ان اللہ مع الصابرین "બેશક ! અલ્લાહ સબ્ર કરવાવાળાઓની સાથે છે." કેટલાક કમનસીબ અને નાદાન એ લોકો જેઓ બીમારીની તકલીફોમાં સબ્રની જગ્યાએ બેકારની વાતો કરે છે એટલે સુધી કે કેટલીક વાતો કુફ્ર સુધી પહોંચી જાય છે. આ રીતે તો મુસીબત દૂર થવાને બદલે દીન પણ તબાહ અને દુનિયા પણ બરબાદ અને કુફ્રની લા'નત પણ માથા પર સવાર થાય છે. (અલ્લાહ તઆલાના પનાહમાં રાખે) મુસલમાન જ્યારે રંજોગમ અને મુસીબત તથા તકલીફ પર સબ્ર કરે છે તો સબ્ર કરવાના કારણે તેને અગણિત નેકીઓ અને બરકતો તથા દીની અને દુનિયાવી ફાયદાઓ મળે છે. આ બારામાં હુઝૂરે અકરમ ﷺના કેટલાક મુબારક આદેશો હદીષોની મોઅતબર

રજૂકર્તા : જનાબ હાફેઝ ઈલ્યાસ મલેક (જંબુસર)

(વિશ્વસનીય) કિતાબોથી લઈને પેશ કરવામાં આવે છે એમને ધ્યાનથી વાંચો અને અમલ કરવાની કોશિશ કરો અને ખૈરો બરકતના મોતીઓને પોતાના જીવનમાં ભરી દો. અલ્લાહ તઆલા તેના મહબૂબ ﷺના સદકામાં સૌને તૌફીક઼ આપે. આમીન આમીન યા રબ્બલ આલમીન.

### ★ બીમારના ગુનાહ માફ અને દુઆ ક઼બૂલ થાય છે ★

હદીષે પાકમાં છે : હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, **"બીમારના ગુનાહ માફ કરી દેવામાં આવે છે."**

બીજી હદીષમાં છે કે : હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે, **"જ્યારે બંદો ત્રણ દિવસ સુધી બીમાર રહે છે ત્યારે એ ગુનાહોથી એવો પાક અને સાફ થઈ જાય છે જેવો કે આજે જ પૈદા થયો છે."**

અક હદીષમાં છે : હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે, **"બીમારની દુઆ મક઼બૂલ અને ગુનાહ માફ થાય છે."**

આ હદીષોથી જાણવા મળે છે કે બીમારની દુઆ ક઼બૂલ થાય છે અને તેના ગુનાહ માફ કરી દેવામાં આવે છે. પરંતુ તેના માટે જરૂરી છે કે બીમાર સબ્ર અને શુક્રથી કામ લે. બંદો મુસીબતની સખત ઘડીમાં સબ્ર કરે છે ત્યારે મોટા મોટા અજરો સવાબનો હક્ક઼દાર બની જાય છે ત્યાં સુધી કે તંદુરસ્તીની હાલતમાં જે સારાં કામ કરતો હતો અને હવે બીમારીના કારણે નથી કરી શક્તો તો તેના નામએ આમાલમાં તેનો પણ સવાબ લખવામાં આવે છે. જેમ કે હુઝૂર અક઼દસ ﷺનો ઈર્શાદ છે કે, **"જ્યારે બંદો ઈબાદતના સારા તરીક઼ા પર હોય પછી બીમાર થઈ જાય ત્યારે અલ્લાહ તઆલા નેકીઓ લખવાવાળા ફરિશ્તાઓથી ફર્માવે છે કે તેના માટે તેવી જ રીતે આમાલ લખો જે બીમાર થયા પહેલાં કરતો હતો. આ ક્રમ ત્યાં સુધી ચાલતો રહે છે જ્યાં સુધી તે (બીમાર) સારો ન થઈ જાય અથવા પછી મૌત આવી જાય."** આ ઉપરાંત બીજી હદીષોમાં પણ આ રીતનો ઉલ્લેખ છે.

જાણવા મળ્યું કે બીમારી પણ મો'મિનના હક્ક઼માં નેઅમત અને રહમત છે. આ જ કારણથી બીમારીને બુરી કહેવાથી હદીષ શરીફમાં મના કરવામાં આવ્યું છે. રસૂલે અકરમ ﷺ એકવાર હઝરત ઉમ્મે સાઈબ رضی اللہ عنہاના ઘરે તશરીફ લઈ ગયા. અને ફર્માવ્યું, તમને શું થઈ ગયું કે ધ્રુજી રહ્યાં છો ? હઝરત ઉમ્મે સાઈબ رضی اللہ عنہاએ અર્ઝ કરી કે, "તાવ છે, અલ્લાહ તઆલા એમાં બરકત ન આપે !" સરકાર ﷺએ ફર્માવ્યું "તાવને બુરો ન કહો કે તે આદમીના ગુનાહોને એવી રીતે ખત્મ કરે છે જે રીતે ભઠ્ઠી લોખંડને." *(મુસ્લિમ શરીફ)*

બીમારી સબ્ર કરવાવાળા અને શુક્ર કરવાવાળા મો'મિન માટે આખેરતમાં નેકીઓનો મહાન ખજાનો છે. ઈમાનનો તકાઝો પણ એ જ છે કે મુસીબતની ઘડીમાં સબ્ર અને શુક્રથી કામ લઈએ. બીમારે જોઈએ કે જયારે કોઈ તબીઅત પૂછે તો કહે કે, الحمد لله على كل حال "અલ્લાહ તઆલાનો શુક્ર છે એ જે હાલમાં રાખે."

### ★ ઈસ્લામમાં બીમાર પુરસીનું મહત્વ ★

હદીષે પાકમાં છે : સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું કે, "ક઼યામતના દિવસે અલ્લાહ તઆલા ફર્માવશે, અય આદમની ઔલાદ ! હું બીમાર થયો ત્યારે તેં મારી ઈયાદત કેમ ન કરી ? બંદો અર્ઝ કરી કરશે, મૌલા તઆલા ! તું તો રબ્બુલ આલમીન છે ! ભલા હું તારી ઈયાદત કેવી રીતે કરતો ?! અલ્લાહ તઆલા ફર્માવશે, શું તને ખબર ન હતી કે મારો ફલાણો બંદો બીમાર છે તો પણ તેં એની ઈયાદત ન કરી ? કેમ તને ખબર ન હતી કે જો તું એની ઈયાદત માટે જતો તો તું મને તેની પાસે પામતો !"

આ હદીષનો મતલબ બયાન કરતાં હઝરત ઈમામ નવવી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, "અલ્લાહ તઆલાએ બીમારીને તેની જાતે પાકની તરફ નિસ્બત ફર્માવી અને મુરાદ બંદાની જાત છે. તેનો હેતુ બંદાની શફાઅત જાહેર કરવું છે અને એ બતાવવું છે કે બીમાર હાલતમાં બંદો અલ્લાહ તઆલાથી ખૂબ જ નિકટ હોય છે.

અહલે સુન્નત વ જમાઅતનો અક઼ીદો છે કે અલ્લાહ

તઆલા જિસ્મો જિસ્માનિયત અને જિસ્મને લગતી તમામ બીમારીઓથી પાક છે, ન ક્યારે પણ બીમાર થયો ન થશે, તેની બીમારપુરસી કરવાનો સવાલ જ પેદા નથી થતો ! તો પણ સવાલ એવા અંદાઝથી કર્યો કે તેનાથી બીમારપુરસીની એહમિયત તથા ફઝીલત સારી રીતે સ્પષ્ટ થઈ જાય. સાથો સાથ એ પણ જાણ થાય કે આ અમલે ખૈરથી જાણી જોઈને વિના કારણે ગફલત કરવી અલ્લાહ તઆલાની સખ્ત નારાજગીનો સબબ છે. યાદ રાખશો કે કયામતના ભયાનક જાનને પીગળાવી દેનારા દિવસે જ્યાં મોટા મોટા આ'માલની પૂછતાછ થશે, નમાઝો કેમ ન પઢી ? રોઝાઓ કેમ ન રાખ્યા ? હજ્જ કેમ ન કરી ? ઝકાત કેમ ન આપી ? આ પરેશાની અને હૈરાનીના આલમમાં બીમારપુરસીથી ગફલત કરવાવાળાથી અલ્લાહ તઆલા ગઝબનાક થઈને પૂછશે કે તે બીમારની ઈયાદત કેમ ન કરી ? આનાથી જાણવા મળ્યું કે બીમારની બીમારપુરસીનું ઘણુ મહત્વ છે, આનાથી ગફલત મહાન મહેરૂમી છે. આ હદીષ શરીફથી એ પણ જાણવા મળ્યું કે બીમારીની હાલતમાં બીમારને બારગાહે ઈલાહીમાં કુર્બ (નજદીકી) મળે છે, એટલા માટે બીમારપુરસી કરવાવાળાને અલ્લાહના કુર્બે ખાસથી નવાઝવામાં આવે છે. અને એ પણ જાણવા મળ્યું કે બીમાર એની બીમારીની હાલતમાં રહમાન તથા રહીમ પરવરદિગારની રહમત અને શફકતનો હક્કદાર થાય છે. જ્યારે બીમારપુરસી કરવાવાળો એની પાસે જાય છે તો એને પણ રહમતનો હિસ્સો મળે છે. આજ કારણે હુઝૂરે અકરમ ﷺએ મુસલમાનને ખાસ કરીને બીમારપુરસીનો હુકમ આપ્યો છે.

### ★ બીમારપુરસીનો હુકમ ★

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે, "બીમારોની ઈયાદત કર્યા કરો અને જનાઝાઓમાં જતા રહો, આ વાતો તમોને આખેરતની યાદ અપાવશે."

બીમારની ઈયાદત અને જનાઝાઓમાં હાજરી આપવામાં દીની, દુનિયાવી અને આખેરતના ઘણા બધા ફાયદાઓ છે. એ ફાયદાઓમાંથી એક ફાયદો એ પણ છે કે આદમી જ્યારે પોતાની આંખોથી બીમાર અને મરવાવાળાની ભયાનક હાલત જુએ છે તો ક્યારેક ક્યારેક તેના પર એની અસર થાય છે, જેના કારણે નાશવંત દુનિયા અને પોતાની જિંદગીના બારામાં સોચવા પર મજબૂર થઈ જાય છે અને ઘણી વખતે એને વિચાર આવે છે કે એક દિવસ મારો પણ આ જ હાલ થવાનો છે. જ્યારે જ્યારે દિમાગમાં આ સોચ પેદા થશે ત્યારે દુનિયાના એશો આરામ અને લિજ્જતોથી ઉચાટ થઈ જશે. લોભ, લાલચ, નફ્સની ખ્વાહિશાત (મનેચ્છાઓ)ની જગાએ દિલમાં અલ્લાહ તઆલાનો ખૌફ અને આખેરતના હિસાબો કિતાબની ચિંતા તથા ડર પેદા થશે. જાહેર છે કે જ્યારે ઈન્સાનમાં આવી હાલત પેદા થઈ જશે તો પોતે પરહેઝગારી, તહારત (પાકી) રિયાઝત તથા ઈબાદતમાં વ્યસ્ત થઈ તે આખેરતની તૈયારીમાં લાગી જશે કે જે એની પેદાઈશનો અસલી મકસદ છે. હવે તે એવાં કામોથી નફરત કરશે જે અલ્લાહ તઆલાની નારાઝગીનો સબબ હોય. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, **"જે માણસ દિવસમાં મૌતને સિત્તેર (૭૦) વાર યાદ કરશે તેનું દિલ જીવંત થઈ જશે."** હકીકતમાં દિલની જિંદગી અલ્લાહ તઆલાના ખૌફથી છે અને ખુદાનો ખૌફ એ મહાન દૌલત છે જે અલ્લાહ તઆલાની રઝા હાંસલ કરવાનો મજબૂત ઝરીયો છે. કુર્આન મજીદમાં ઈર્શાદ ફર્માવ્યું :–

رضی اللہ تعالیٰ و ارضاہ عنا "અલ્લાહ તઆલા એમનાથી રાજી અને એ લોકો અલ્લાહ તઆલાથી રાજી." (અલ્લાહ તઆલાની રઝાની આ બશારત એ લોકો માટે છે જે પોતાના રબથી ડરે છે.)

જે દિલમાં અલ્લાહનો ખૌફ નથી તે વગર બ્રેકની ગાડી જેમ છે, જેનો કોઈ ભરોસો નહીં કે ક્યારે કોઈ ખાડામાં પડી જાય, કોઈથી ટકરાઈ જાય ! આવી ગાડી હમેશાં કન્ટ્રોલથી બહાર થઈ જાય છે, પોતાના સવારોને ક્યારે અને ક્યાં લઈ જઈને મારે કશું કહી ન શકાય ! જેના દિલમાં અલ્લાહ તઆલાનો ખૌફ નથી તે મઝહબના કન્ટ્રોલથી બહાર થાય છે, શૈતાન તેને

ગુમરાહી અને બદ્અમલીના કાંટાળા મેદાનમાં રડખતો છોડી દે છે. અલ્લાહ તઆલા નફ્સ અને શૈતાનની બુરાઈથી બચાવે અને દરેક દિલમાં અલ્લાહનો ખૌફ પેદા કરે. (આમીન)

**★ બીમારપુરસી કરનાર માટે ખુશખબરીઓ ★**

હદીષે પાકમાં છે :– "જ્યારે કોઈ માણસ બીમારની ઈયાદત માટે જાય છે ત્યારે આસ્માનથી પોકારવાવાળો પોકારીને કહે છે, તું સારો છે અને તારું ચાલવું ઘણુ પવિત્ર છે તેં જન્નતમાં પોતાના માટે ઠેકાણુ બનાવી લીધું." સુબ્હાનલ્લાહ ! બીમારની ઈયાદત કેટલો પાકીઝા અમલ છે કે આસ્માનવાળા એ પાકીઝા અમલથી ખુશ થઈને તેને મુબારકબાદ આપે છે.

**★ બીમારપુરસી કરવાવાળો જન્નતના બાગો બહારમાં હોય છે ★**

હઝરત ષૌબાન رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે, "જ્યારે મુસલમાન પોતાના મુસલમાનભાઈની બીમારપુરસી માટે જાય છે તો પાછો વળતા સુધી જન્નતના બાગો બહારમાં ફરતો રહે છે અને જન્નતના મેવા તથા ફળોને ખાતો રહે છે." અર્થાત અલ્લાહની રહમતના ફળોથી પોતાના દામને અમલને ભરી લે છે. બીમારની ઈયાદત મો'મિનનો રૂહાની ખોરાક છે જેનાથી રૂહને ખાસ ખુશી તથા ચૈન મળે છે.

**★ બાવુઝૂ બીમારપુરસી કરવાનો મહાન ફાયદો ★**

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે રહમતે આલમ ﷺએ ફર્માવ્યું કે જેણે સારી રીતે વુઝૂ કરી કોઈ મુસલમાનભાઈની ઈયાદત માટે ગયો સવાબ મળવાની ગરઝથી તો તેને **જહન્નમથી ૭૦ વરસ દૂર કરી દેવામાં આવશે** એટલે કે જહન્નમથી એવી રીતે દૂર કરી દેવામાં આવશે કે દૂરનો વાસ્તો પણ ન રહે. વુઝૂની સાથે ઈયાદત કરવાવાળાને આ મહાન ફાયદો પણ મળશે.

હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી મરવી છે કે એમણે ફર્માવ્યું કે મેં હુઝૂરે અકરમ ﷺને ફર્માવતાં સાંભળ્યા છે કે જ્યારે કોઈ મુસલમાન સવારે કોઈ બીમાર મુસલમાનની ઈયાદત માટે ગયો તો સિત્તેર હજાર ફરિશ્તાઓ સાંજ સુધી તેના પર દુરૂદ મોકલે છે અને જો સાંજે બીમારપુરસી કરી તો સવાર સુધી દુરૂદ મોકલે છે એટલે કે તેના માટે રહમત અને મગફિરતની દુઆ કરે છે અને તેના માટે જન્નતમાં એક બગીચો છે.

અલ્લાહ તઆલાના મહબૂબ બંદાઓની દુઆઓ વધારે પ્રમાણમાં કબૂલ થાય છે. ફરિશ્તાઓ અલ્લાહ તઆલાના મા'સૂમ (બેગુનાહ) અને પ્યારા બંદાઓ છે એમની મુબારક જબાનથી નીકળેલી દુઆઓ જરૂર કબૂલ થશે, પછી સો બસો નહીં સિત્તેર હજાર ફરિશ્તાઓ એક જબાને હમેશાં ૧૨, ૧૨ કલાકો સુધી બીમારપુરસી કરવાવાળાના હક્કમાં બખ્શિશ તથા રહમતની દુઆઓ કરે છે.

અઝીમ મુહદ્દિષ ઈમામ હકીમે પોતાની કિતાબમાં રિવાયત નકલ કરી છે કે, "રાત અને દિવસના કોઈપણ સમયમાં જ્યારે મુસલમાન કોઈ મુસલમાનની ઈયાદત માટે જાય છે તો અલ્લાહ તઆલા સિત્તેર હજાર ફરિશ્તાઓને મોકલી આપે છે જેઓ જો બીમારપુર્સી રાત્રે કરવામાં આવે તો સવાર સુધી અને દિવસે કરવામાં આવે તો સાંજ સુધી તેના માટે રહમતની તથા મગફિરતની દુઆ કરે છે."

હદીષ શરીફમાં આવ્યું છે કે, "હુઝૂર અકરમ ﷺના મઝારે પુર અન્વાર પર અલ્લાહ તઆલાના હુકમથી દરરોજ સવાર સાંજ સિત્તેર હજાર ફરિશ્તાઓ દુરૂદો સલામ પેશ કરવા માટે આવે છે અને જાય છે. આપણા હુઝૂરે અકરમ ﷺનો અલ્લાહ તઆલાની બારગાહમાં એવો એ'ઝાઝ તથા ઈકરામ (મોભો, સન્માન) છે જેની મિષાલ ક્યાંય નથી મળતી. એ જ રસૂલે આ'ઝમ ﷺનો સદકો છે કે આપની ઉમ્મતે મર્હૂમાને એ લોકો જે પોતાના મુસલમાન ભાઈની ઈયાદત માટે જાય છે એ દિવસે સવાર સાંજ સિત્તેર હજાર ફરિશ્તાઓ તેમના પર દુરૂદ મોકલે છે. હુઝૂર અકરમ ﷺના સદકા તુફૈલમાં આપની ઉમ્મતને એટલો મહાન મર્તબો મળ્યો કે જેની અઝમતનો અંદાઝો કરવો મુશ્કેલ છે.

અલ્લાહ તઆલા આપણને બીમારીમાં સબ્ર તથા બીમારોની બીમારપુર્સી કેવળ તેની રઝાને ખાતર કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

# Fear of ALLAH

**Fatimah Zehra**
*-Leicester (U.K.)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**"Innamal Mu'minul Ladheena Idhaa Dhukiral Laahu Wajilat Quloobuhum Wa Idhaa Tuliyat 'Alaihim Aayaatuhu Zaadat-Hum Imaanaw Wa'Alaa Rabbihim Yatawakkaloon."** Previously, the Mercy of Allah Az Zawajjal was mentioned, and how His Divine Mercy is incomparable. We, as Muslims and of the Ummah of Rasoolullah Sallallaho 'Alaihi Wasallam, are generally under the notion that regardless of our thoughts, our deeds, our actions, our attitude and our behaviour, Allah the Almighty will bestow us with His Blessings and free us from all our sins and wrongdoings. O Muslims! Be aware that Allah says in the Holy Qur'an, **"Innamal Mu'minul Ladheena Idhaa Dhukiral Laahu Wajilat Quloobuhum.."** *'Only they are believers whose heart tremble when Allah is mentioned..'* **"..Wa Idhaa Tuliyat 'Alaihim Aayaatuhu.."** *'and when His Signs are recited to them..'* **"Zaadat-Hum Imaanaw Wa'Alaa Rabbihim Yatawakkaloon."** *'their faith get increased and upon their Lord they put trust.'* From this verse, it is clear for all to understand that along with the belief in the One Creator, Muslims must also have the fear of Allah Az Zawajjal.

As we lead our lives and perform our daily tasks, it may become second nature for us to think that we are alone; there is no one to see us when we are in solitude, whether we are eating, drinking, sleeping, waking, working and so on. However, Allah has appointed two Angels, Kiraaman and Kaatibeen, who sit upon our shoulders and record every little thing we do, no matter how trivial. It is important to bear in mind that Angels do not require food, fluid, rest or sleep, thus they do not require breaks; they carry out the tasks that Allah has allocated to them without pause or delay. We may lead our lives as we wish but we will surely taste death, as Allah himself declares, **"Kullu Nafsin Dhaa-iqatul Maut"** *'Every soul is to taste death'*, and when we die, we shall have to answer for our deeds, **"Thumma Ilayna Turja'oon"** *'then you shall return to Us.'* On the Day of Judgement, we will be presented with our Book of Deeds that the Angels Kiraaman Kaatibeen had faithfully recorded, and our deeds shall be clearly written; not only this, but our very body parts will testify for or against us. On that Day of Judgement, when our own mother and father, our brothers and sisters, spouse/s and children are vying to testify against us in order to rectify themselves, the only thing that will save us is our good deeds, and those good deeds only come about when we instill the fear of our Lord, Almighty Allah, in to our hearts. Remember! On that Day, there will only be one ruler, one judge, one arbiter, and that will be Allah Az Zawajjal, and He is the only One who will determine our final destination. So then, who should we fear more? Our Lord, to Whom we must answer in an afterlife that will never cease, or this world and the people in it, who will perish in the blink of an eye ?

You ask yourselves that where has it been written that we must fear Allah? Surely it is sufficient for us to believe and have faith in Him? Let us look no further than the direct Words of Allah - the Holy Qur'an - where there are innumerable verses relating to Allah and the Allah-fearing. It is in Surah Al-Hashr, **"Yaa**

**Ayyuhal Ladheena Aamanut Taqul Laaha Wal Tandhur Nafsum Maa Qaddamat Lighad.."** *'O believers! Fear Allah and let every soul should see that what it sent forth for the morrow..'* **"Wattaqul Laah. Innallaaha Khabeerum Bimaa Ta'maloon."** *'And fear Allah. Undoubtedly, Allah is aware of your doings.'* From this verse, we see that Allah Az Zawajjal orders His slaves to fear Him first and foremost, and then immediately reminds us of the Hereafter; Allah tells us that the preparations we make for this world, the effort and worry that we put in it, it is all in vain, for this world is only for a few moments, whereas there is the afterlife, that is never-ending. What are we doing in preparation for a life that will never end? Hence, it is feasible that if we have the fear of Allah in our hearts, then we shall surely shun the ways of the world in order to ascertain our place in Paradise in the Hereafter.

It is absolutely imperative for us to know that Allah is OmniPresent, He is the All-Seeing, the All-Knowing and the Wajibul-Wujood (Indispensable - He is everywhere at every moment); hence Allah knows exactly what we are doing at every moment throughout the day, throughout our lives. Keeping this in mind, we should also be aware of our actions and should not do anything that we will be ashamed to recount nor should we do anything outside of our normal behaviour: there are some Muslims who will perform good deeds or recount their good deeds in front of other people merely to raise their own status in the eyes of other people (in other words, showing off), yet those very good deeds are abandoned when in solitude. Indeed, Allah sends no blessings or mercy unto these people as they do not have His fear in their hearts. Rasoolullah Sallallaho 'Alaihi Wasallam was once asked, "Who are your family, O Muhammad (Sallallaho 'Alaihi Wasallam)?", to which the Prophet of Allah Sallallaho 'Alaihi Wasallam replied, "Everyone who fears Allah belongs to the lineage of Muhammad."

Shaikh 'Abdul Qadir Jilani Rehmatullahe 'Alaih once said, "There is no one on the face of the earth whom I fear or pin my hopes on, be it one of the jinn, human beings, animals, insects or any other creature. I am not afraid of anyone other than Allah Az Zawajjal, for **"Fa'-'Aalul Limaa Yureed"** *'He accomplishes what He desires.'*" It is stated in the Holy Qur'an, **"Laa Yus-alu 'Ammaa Yaf'aloo Wahum Yas-aloon."** *'He is not questioned as to what He does, while they all shall be questioned.'* This verse signifies that Allah cannot be questioned concerning what He does, for He is the Master, the Creator and the Arbiter of all arbiters; however those who fear Allah do so for they know that one day, they shall return to Him and shall be questioned. Everywhere one looks in the Qur'an and Ahadith, believers have been informed that they must remain in fear (of Allah Az Zawajjal) until their Book of Deeds has been given to them (in their right hand), granting them safety from the Hellfire.

The ones who fear Allah do so in all aspects of their lives, be it private, public or social, and they are always in wait for the moment they can worship Allah, remember Him and fear Him. These believers hearts tremble from the thought of Allah throughout the day and the night; they are afraid that some calamity might befall them that may stop them from worshipping and fearing their Lord, or that may lead them to failing to be patient, which may cause them to disbelieve in Allah; they fear that Malik-ul-Maut (the Angel of Death) may come to them while they are committing wrongdoings and so,

Allah may reject them, as surely Allah has foreknowledge of their doings. These believers do what they do with hearts full of fear, as has been stated in Surah Al-Mu'minoon, **"Wal Ladheena Yu'toona Maa Aataw Waquloobuhum Wajilatun Annahum Ilaa Rabbihim Raaji'oon"** *'And those who give what they give and their hearts are trembling because they are to return to their Lord.'* It has been narrated by Hazrat Abu Dharr Radi Allaho 'Anhu that Rasoolullah Sallallaho 'Alaihi Wasallam stated, "Fear Allah wherever you are; if you follow an evil deed with a good one, you will obliterate it; and deal with people with a good disposition." It has also been narrated in Hadith e Qudsi that Rasoolullah Sallallaho 'Alaihi Wasallam advised, "Let not any one of you belittle himself." They (the gathering) asked, "O Prophet of Allah (Sallallaho 'Alaihi Wasallam)! How can any one of us belittle himself?" Rasoolullah Sallallaho 'Alaihi Wasallam replied, "When he finds a matter concerning Allah about which he should say something, he does not say it, so Allah says to him on the Day of Resurrection, 'What prevented you from saying something about such-and-such and such-and-such?' he replies, '(It was) out of fear of the people.' Then Allah says, 'Rather it is I Whom you should more properly fear.'" Furthermore, it has been narrated on the authority of Hazrat Abu Bakr Siddique Radi Allaho 'Anhu that Rasoolullah Sallallaho 'Alaihi Wasallam stated, "When people see something objectionable and do not change it, Allah will soon include them all in His Punishment."

My dear brothers and sisters! There is much knowledge and wisdom to be learnt from the above Ahadith. First of all, we have been advised that if we are to commit a sin, we must follow it by a good deed, and this, in turn, will habituate us in to performing only good deeds whilst abhorring bad deeds; simultaneously, we should be good towards others which aids us in to curbing our baser instincts to be selfish, unreasonable and greedy (which are the bases for callous behaviour). In addition to this, we have been informed that if we are to hear anything or see anything that is against our belief and our Creator, we must speak out against it in the correct manner and right any misgivings; indeed Allah loves the person who loves and fears Him, and He brings them closer to Him. Allah advises us in the Holy Qur'an to care not for anyone but ourselves, for none can wrong the one who is on the righteous path (as Allah protects such a person). We should fear none but Allah, the Almighty.

On a final note, Shaikh 'Abdul Qadir jilani Rehmatullahe 'Alaih has said, "Every heart that has no fear (of Allah) is like a town without trees or sheep without a shepherd. Such a town is nothing but ruins and such sheep are doomed to be food for the wolves. When a person is afraid, he keeps wandering throughout the night. He cannot settle in one place so he is always on the move. The destination of the travel of the people of Allah is the abode of the True One."

All praises are due to Allah, we praise Him, we seek His Help, and we supplicate to Him and ask for His Mercy and His Forgiveness. May Allah grant us faith, hope and ultimate fear in Him for He alone will surely alleviate us from distress, show us compassion, kindness and mercy. May He forgive our sins and guide us away from the temptations and desires of the world and its belongings; and guide us on to the righteous path. Aameen. Allahumma Aameen. *Wa Maa 'Alayna Illal Balaag*

References: Qur'anic Translation: Kanzul Iman

કાર્યાલય

# પોતે આશિકે રસૂલ અને દિલમાં લાગણી ગુસ્તાખે રસૂલની ?!

દૌલત કમાઈ લેવી જ મહત્વની વાત નથી પણ કમાણીને સાચવી રાખવી, લૂંટાવાથી, વેડફાવાથી બચાવવી અગત્યનું છે અને તેની કાળજી સૌ લે જ છે અને જે કાળજી નથી લેતા તેઓ બર્બાદ થઈ જાય છે. તે જ પ્રમાણે ઈબાદત કરી નાખવી એ બહુ મોટી વાત નથી ! નમાઝો પઢવી, રોઝા રાખવા, કુર્આને પાકની તિલાવત કરવી એ તો જેને શક્તિ મળી રબની તૌફીક મળી તો થઈ જાય, પણ એને બચાવવી અને રબની બારગાહમાં કબૂલ થાય તેની કાળજી રાખવી, નેકીઓના ખજાનાની રક્ષા કરવી એ અતિ અગત્યનું છે. તે પણ રમઝાન શરીફ જેવા મુબારક મહિનામાં લોકો ઈબાદતમાં અધિક મહેનત કરે છે, તકલીફો વઠે છે, નમાઝો, રોઝા, તિલાવત, શબે કદ્રમાં નફલ નમાઝો, એ'તેકાફ, ઝિક્રો અઝકાર વગેરે ખૂબ કરે છે તો એ નેકીઓને બચાવવા પ્રબંધ કરવો અતિ આવશ્યક બને છે. નેકીઓ બર્બાદ થવાના કેટલાક માર્ગો છે જેમાં રિયાકારી પણ છે કે રિયાકારની ઈબાદત બારગાહે રબમાં સ્વીકાર્ય નથી. જો કે કોઈ રિયાકાર પણ નથી, દેખાડો કરવા ઈબાદત નથી કરતો, સાચે સાચ રબની રઝા માટે કોશિશ કરે છે, છતાં જો તેના પેટમાં હરામ લૂકમો જશે તો ઈબાદત ફોગ થઈ જશે, રબની બારગાહમાં ન દુઆ કબૂલ થશે ને ઈબાદત ! આ ખુદા વ રસૂલનું ફર્માન છે.

**શરીઅતનો હુકમ છે કે** : વહાબી દેવબંદી વગેરેનું ઝબહ કરેલ જાનવર મુરદારના હુકમમાં છે. વળી ભલે સુન્ની મુસ્લિમે ઝબહ કર્યું પણ વેચનાર, રાંધનાર, સપ્લાય કરનાર, લાવનાર, કાચુ કે પાકુ, ટુકડા કે ટીક્કા પીરસનાર આપનાર ગૈર મુસ્લિમ કે બદ્અકીદા વહાબી છે તો પણ તે માંસ મુરદારના હુકમમાં છે, તેને જેણે ખાધુ હરામ ખાધુ. "ઝબહથી લઈને પીરસાતા સુધી માંસની આઈટમ સતત સુન્ની મુસલમાનની નજરો તળે રહે, પળવાર માટે પણ નજરોથી ઓજલ ન થાય તો હલાલ, નહીં તો હરામ !" આ હુકમ શરીઅતનો છે અને એને જાણવું ફર્ઝ છે. *(જુઓ બહારે શરીઅત, ફતાવા રઝવિય્યહ વગેરે)*

આ એવો મસ્અલો તથા શરીઅતનો હુકમ છે જેમાં ઉલમામાં કોઈ જ મતભેદ નથી, સર્વનો એ જ ફેંસલો છે. અફસોસ તથા આશ્ચર્યની વાત છે કે એક ઠેકાણે આ મસ્અલો જાહેર કરતાં કોઈ બદ્અકીદાને નહીં, પણ કહેવાતા અમુક સુન્ની ભાઈઓને તકલીફ થઈ ! જ્યારે કે મસ્અલો જાહેર કરનારનો આભાર માનવો જોઈએ કે ઈબાદતોને બચાવવાનો માર્ગ જાણવા મળ્યો, પણ એથી ઉલ્ટુ કેટલાક બબડી ઉઠયા કે, "રમઝાન જેવા મુબારક મહિનામાં આ શું ફિત્ના ?! અને કેવી વિખવાદની વાતો ?!" તો એવા લોકો નોંધ કરી લે કે, **"શરીઅતના હુકમને ફિત્નો કહેવું પોતાના ઈમાનને વિદાય કરવા સમાન છે."** જેથી જેણે ભૂલથી નાસમજીમાં એવું કહી દીધું હોય તો તેણે સત્વરે બારગાહે રબમાં તૌબા કરી લેવી જોઈએ. જાહેર ગુનાની જાહેરમાં તૌબા અને છુપાની છુપી રીતે તૌબા કરે, એમાં જ તેની બંને જહાનમાં ભલાઈ છે.

વળી મશ્હૂર સુન્ની ગામની એક વ્યક્તિ તરફથી દૈનિક વર્તમાન પત્ર "ગુજરાત ટુ ડે"માં તા. ૧૬/૧૦/૨૦૦૮ના રોજ "સમૂહ લગ્ન"ની જાહેરાત કરવામાં આવી તેમાં તાકીદથી લખ્યું કે, "કોઈ પણ જાતની ફિર્કાબંદીનો ભેદભાવ રાખવામાં આવશે નહીં, બલ્કે ભાગ લેનારાઓને વિવિધ ભેટો આપવામાં આવશે....વગેરે." ફિર્કાઓ એટલે વહાબી, દેવબંદી કહેવાતા અહલે હદીષ, મૌદૂદી, શીઆ, રાફઝી, ખારજી....વગેરે. તો આ તે લોકો છે જેઓ અલ્લાહ ﷻ તથા તેના રસૂલ ﷺની શાનમાં ગુસ્તાખી કરીને ઈસ્લામથી ખારિજ (આઉટ) થયેલા અને મુર્તદના હુકમમાં છે. અને શરીઅતનો સર્વ સંમત સર્વ ઉલ્માનો કુર્આન, હદીષ તથા બુઝુર્ગો–ઉલમાના કથનોથી એકમતિએ ફેંસલો છે કે મુર્તદના નિકાહ મુર્તદ સાથે, મુર્તદ તથા મુસ્લિમ વચ્ચે, મુર્તદ તથા કાફિર સાથે બલ્કે કોઈની સાથે થશે નહીં, જે થશે તે હરામકારી થશે, ઔલાદ પેદા થશે તે હરામની ગણાશે. આવા નિકાહમાં વચ્ચે રહેનાર, નિકાહ પઢાવનાર, હાજરજનો સૌ ઝિનાના દલાલ ગણાશે. તો આવો ભેળસેળિયો સમૂહ લગ્નનો પ્રોગ્રામ કોઈ રીતે જાઈઝ નથી. અને જેઓ શરીઅતથી બેપરવા છે અને મનમાની કરવા ચાહે છે તેઓ રબના ગઝબને નોંતરી રહ્યા છે. યતીમ, બેવાઓ, નિરાધારોની મદદ કરવી સારું કામ છે પણ મનમાની રીતે નહીં ! શરીઅતના કાનૂનોને ધ્યાનમાં રાખી કરવામાં આવે, એમાં જ સૌની ભલાઈ છે.

વધુ પેજ નં. ૧૩.....પર

કાર્યાલય

# નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન

### ★ બિસ્મિલ્લાહ પઢવાના ફાયદા ★

હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, જે પણ મહત્વનું કામ **બિસ્મિલ્લાહ શરીફ** પઢીને શરૂ કરવામાં આવે તે અપૂર્ણ તથા અધૂરૂ નથી રહેતું. ખાતાં પીતાં પહેલાં બિસ્મિલ્લાહ શરીફ પઢવી એ સુન્નત છે. કોઈકે હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ પાસે નિશાની માંગી કે આપ ઈસ્લામની દા'વત આપો છો તો કોઈ નિશાની બતાવો ! તો અમે ઈસ્લામ સ્વીકારી લઈએ. હઝરત ખાલિદ رضی اللہ عنہએ કહ્યું, મારી પાસે કાતિલ ઝહેર લાવો ! તેની એક થાળી લાવવામાં આવી, આપે તેને હાથમાં લીધી અને **બિસ્મિલ્લાહ** પઢીને બધું પી ગયા અને અલ્લાહના ફઝ્લથી સલામતી સાથે ઉભા થઈ ગયા. આ જોઈને મજૂસી (અગ્નિપૂજક)એ કહ્યું, આ સાચો ધર્મ છે. *(તફસીરે કબીર, ૧/૧૭૫)*

જાપાની વૈજ્ઞાનિક મસારુ એમૂટોએ જાહેર કરતાં કહ્યુંકે મુસલમાન ખાતાં, પીતાં તથા દરેક કામ કરવાથી પહેલાં **બિસ્મિલ્લાહ** પઢતા હોય છે. તેમણે કહ્યું કે જે પાણી પર **બિસ્મિલ્લાહ** પઢવામાં આવે તેમાં વિચિત્ર પ્રકારનો ફેરફાર અસ્તિત્વમાં આવે છે. લેબોરેટરી ટેસ્ટ વડે સામાન્ય પાણીને અદ્યટન સુક્ષ્મદર્શક વડે જોવામાં આવ્યું અને તેના પર **બિસ્મિલ્લાહ** પઢયા બાદ જોવામાં આવ્યું તો તેના રજકણોમાં તબદીલી અસ્તિત્વમાં આવી ચૂકી હતી. **બિસ્મિલ્લાહ** પઢયા બાદ પાણીનાં ટીપાંઓમાં ખૂબસૂરત બિલ્લોર (ચમકીલા તત્વો) બની ગયાં હતાં. તેમણે કહ્યું કે પાણી પર કુર્આન મજીદની આયતો પઢાવી તો એમાં પણ અજબ પ્રકારનો ફેરફાર અસ્તિત્વ પામ્યો. તેમણે કહ્યું કે પાણીમાં અલ્લાહ તઆલાએ વિચિત્ર પ્રકારની ક્ષમતાઓ રાખી છે, પાણીમાં શ્રવણ શક્તિ, એહસાસ, યાદ શક્તિ તથા આસપાસના વાતાવરણની અસર પામવાની ક્ષમતા છે. જો પાણી પર કુર્આન મજીદની આયતોની તિલાવત કરવામાં આવે તો તેમાં વિવિધ બીમારીઓથી ઈલાજની ક્ષમતા પેદા થઈ શકે છે. પાણી વાતાવરણની નેગેટીવ તથા પોઝિટિવ અસરોને સ્વીકારે છે. ડો. એમૂટોએ કહ્યું, પૃથ્વીના પટ પરની સર્વ મખ્લૂકાત ચાહે નિર્જીવ પદાર્થો પથ્થર વગેરેમાં માહોલની અસર સ્વીકારવાની ક્ષમતા છે. સૃષ્ટિનું દરેક રજકણ સમજ ધરાવે છે અને એ જ સમજના લીધે તે પોતાના ખાલિકની તસ્બીહમાં વ્યસ્ત રહે છે.

### ★ જોડા બેસીને પહેરવા ★

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. આપ ﷺએ ફર્માવ્યું કે, "જોડાને બેસીને પહેરો, ઉભા ઉભા ન પહેરો." *(અબૂ દાઉદ)*

આ હદીષમાં જે પુષ્કળ હિકમતો છે એમાંથી અમુક આ પ્રમાણે છે : અમુક વખતે માનવ શરીરનું સંતુલન સચવાતુ નથી. ઊભા રહીને જોડા પહેરતી વખતે એક પગ પર વજન અધિક આવે છે અને બીજા પર ઓછુ. એટલા માટે સંતુલનને સાચવવા માટે બેસવાથી વધીને કોઈ સ્થિતિ સારી નથી.

એવું પણ બને છે કે અમુક વખતે જોડામાં કોઈ મુઝી જાનવર, હાડકુ, કાંકરી, કાંટા વગેરે પડેલ હોય છે અને એકદમ પગ જોડામાં નાખતાં પુષ્કળ તકલીફનો સામનો થઈ શકે છે. પરંતુ બેસીને પહેરવામાં જોડાને હાથમાં લઈને પહેરવામાં આવે છે જેથી જોડામાં ભરાયેલી દરેક ચીજ જોઈ શકાય છે.

### ★ તરવું બેહતરીન કસરત ★

હુઝૂર ﷺ સાદી મુજાહિદાના જિંદગી જીવતા હતા અને હમેશાં શક્તિ સાચવવા કોશિશો કરતા, જેમ કે એકવાર તળાવમાં આપ ﷺ અમુક સહાબા સાથે તરી રહ્યા હતા. આપ ﷺએ તરનારાઓમાં દરેકની જોડી નિશ્ચિત કરી આપી કે દરેક પોતાના જોડની તરફ તરીને પહોંચે. આપ ﷺની સાથે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ નિશ્ચિત થયા. આપ તરતા તરતા તેમના સુધી પહોંચી ગયા અને જઈને તેમની ગરદન પકડી લીધી. *(મિશ્કાત, આદાબે ઝિંદગી)*

### ★ મેજર આર્થર ગિલોન લીઓનાર્ડનું મંતવ્ય ★

હકીકતમાં તરવાથી દિમાગી ક્ષમતાઓ શારીરિક માનસિક સુકૂન, ચિંતનનું ઊંડાણ, લોહીની તાજગી, શરીરની હાથ પગની હરકતમાં મજબૂતી.... વગેરે સર્વ ચીજો હાંસલ થાય છે.

અને પયગંબરે ઈસ્લામે એ ચીજો કર્યા બાદ તા'લીમ આપી કે જો કોઈ જીવનનાં કાર્યોની સાથો સાથ રાહત માટે હરવું ફરવું હોય તો પણ એવો તરીકો અપનાવવો જેનાથી તંદુરસ્તીમાં તથા અખ્લાકી ક્ષમતામાં વધારો થાય.

કાર્યાલય

## શીઆઓ જેમ દેવબંદીઓ પણ ક્યારે ઈદ કરે છે તેની નોંધ લેશો નહીં !

રમઝાન શરીફનો ૨૯મો રોઝો છોડયા બાદ ચો તરફથી ચાંદ બાબતે ફોનથી ખબરો મળી જેમાં ક્યાંક વાદળો હતાં તો ક્યાંક આકાશ ચોખ્ખુ હતું છતાં ચાંદ જોવા ન મળ્યો. પણ ઈશાની નમાઝ આગળ આગળ ખબર મળી કે અમદાવાદ ચાંદ કમિટીએ T.V. પર ડિકલેર કર્યું કે ચાંદ થઈ ગયો અને કાલે ઈદ મનાવાશે એ સમાચાર કોઈ ચેનલવાળાએ વહેતા કરી આપ્યા. અમદાવાદ તપાસ કરતાં ખબર મળી કે ચેનલવાળાએ બાફી માર્યું છે અને ગલત સમાચાર આપ્યા છે ! કેટલા સમય બાદ તેનું કરેકશન થયું. પણ આ કેવા ગૈર જિમ્મેદાર, ચેનલવાળા કે તદન ખોટા સમાચાર જાહેર કરી દીધા ?! હવે જેઓ શહેરમાં એને સાંભળી મસ્જિદેથી એ'તેકાફ છોડી નીકળી ગયા હશે તેનું શું ? વળી સમગ્ર ગુજરાતની પબ્લિક ગેર માર્ગે દોરાઈ તેનું શું ?! આટલા જ માટે શરીઅતે તાર, ટેલીફોન, ટી.વી.ની ખબરો પર ભરોસો કરી ઈદ વગેરેની જાહેરાત કરવાની ના પાડી છે કે ગલત સમાચાર તથા અફવાઓ પણ એમાં વહેતી થઈ શકે છે, જેનું તાજુ દષ્ટાંત આ છે.

વળી છેવટે દેવબંદીઓના જંબુસર મર્કઝથી ઈદ જાહેર થઈ ગઈ. કહે છે કે દેવલા (તા. જંબુસર)ની કોઈ વ્યક્તિએ ચાંદ જોઈ કાઢયો અને તેની સાથે કહેવાય છે કે બીજા મોલ્વીઓનાં નામો જોડી દઈ ચાંદના ગવાહો ખડા કરી દેવામાં આવ્યા અને રાતોરાત ફોન ફેક્સથી ગામે ગામ ખબર પહોંચી અને દેવબંદીઓમાં સૂરત–ભરૂચ તરફ ઈદ જાહેર થઈ ગઈ, રાતોરાત વ્હીસલો વગાડી રમઝાનની મુબારક ૩૦મી રાતને અંજપાની તથા હંગામાની રાત ફરી ચોથા વરસે પણ આ લોકોએ બનાવી દીધી ! અમને તો ક્યાંથી ખબર પડે પણ દેવબંદીઓમાં જ એમના પર અવિશ્વાસ ઉભો થતાં અંદરો અંદર લડાઈઓ થઈ અને ખોટા ગવાહો ઉભા કરાયા એવા જાહેરમાં આક્ષેપો થયા તો જાણવા મળ્યું.

વળી કેટલે ઠેકાણે તો તેઓમાં ૩૦ મો રોઝો ન રાખવામાં આવ્યો પણ ઈદ તેમના હિસાબે ૨ શવ્વાલના કરવામાં આવી ! આ શરીઅતની મઝાક નથી તો શું છે ?! શા માટે મારી મચડીને રમઝાનને ભગાડવા દર વર્ષે તનતોડ કોશિશો થાય છે ? રમઝાનની શરૂમાં ચાંદ બાબતે આવું કાંઈ જ નથી થતું ! તો ૨૯મા રોઝા પછી એક રોઝો અધિક થાય તો શું ગુનોહ થવાનો છે કે ગમે તેમ કરી ઈદ જાહેર કરી દેવામાં આવે છે ?

શરીઅતનો હુકમ છે કે, "ઈદના ચાંદની ગવાહી જો દિવસમાં ઝવાલ પહેલાં મળી જાય તો તે જ દિવસે ઈદની નમાઝ પઢવી જરૂરી છે અને જો આંધી, તોફાન હોય તથા ઈદગાહમાં જવું મુશ્કેલ હોય તો બીજા દિવસે ઈદની નમાઝ પઢી શકે છે." પણ ચાંદ જોયા વિના તથા ગવાહી વિના જ ફોન, ફેકસ પરના સમાચારો પર ઈદ જાહેર કરી ૩૦ મો રોઝો તો ન રાખ્યો પણ ઈદની નમાઝ એક દિવસ પછી પઢવામાં આવી ! આવા બનાવો પણ બન્યા. જેમ કે આ જ લોકોએ બકરા ઈદ વખતે એકવાર એવું કર્યું હતું કે ઈદની નમાઝ પઢયા પણ સર્વેએ કુર્બાની બીજા દિવસે કરી. આ શું શરીઅતને ખિલૌના સમજી બેઠા છે કે મન ફાવે તેમ કરે ! અસલમાં એમને જ એમના ગવાહો બનનારા તથા જાહેરાત કરનારાઓ પર વિશ્વાસ નથી બેસતો જેથી આમ થાય છે.

**સુન્ની ભાઈઓને અમારી નમ્ર વિનંતિ છે** : કે "શીઆ" લોકો બે દિવસ અગાઉ ઈદ કરે છે તો આપણે નોંધ લઈએ છીએ કે એમણે ક્યારે ઈદ કરી ?! નહીં ! તો એ જ રીતે આ બદ્અક઼ીદા વહાબી દેવબંદી વગેરે પણ જ્યારે અને જેવું કરે, કર્યા કરે ! એમની પણ નોંધ ન લેવી. બસ ! સુન્નીઓમાંથી જ્યાં ચાંદ જોવા મળે કે ગવાહી મળ તો તે જગાના લોકોએ ઈદ કરવી, નહીં તો ખોટા ફોન તથા ખોટી ચર્ચાઓથી સર્વ સુન્નીઓએ દૂર રહેવું.

મુજાહિદે અહલે સુન્નત

# મર્હૂમ હાજી વલીભાઈ ગોરજીના ઈન્તેકાલ પર...

## યુ.કે.માં તા'ઝીયતો જલસો

**બ્લેકબર્ન (યુ.કે.)**થી જનાબ હાફેઝ નિષાર સાહબ ગોરજી લખી જણાવે છે, "અમારા વાલિદે બુઝુર્ગવાર જનાબ હાજી વલી મુહમ્મદ ગોરજી–થામ (તા. જિ. ભરૂચ) મુકામે તા. ૪/૧૦/૨૦૦૮ (૩ શવ્વાલ હિ.સ. ૧૪૨૯)ના રોજ શનિવારે રાત્રે જન્નતનશીન થઈ ગયા છે તેના અનુસંધાનમાં તા. ૬/૧૦/૨૦૦૮ રવિવારે સવારે ૧૦ વાગ્યે મસ્જિદે ગૌષિયા, લેમિંગ્ટન રોડ–બ્લેકબર્ન, યુ.કે. ખાતે એક તા'ઝીયતી જલસો રાખવામાં આવેલ જેમાં યુ.કે.ના નામાંક્તિ સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામ, હુફ્ફાઝે કિરામ વ અઈમ્મા હઝરત તથા વિશાળ સંખ્યામાં સુન્ની અવામે હાજરી આપી હતી અને મર્હૂમની દીની ખિદમતોની ભરપૂર પ્રસંશા કરી હતી. તેમજ મર્હૂમના તક્વા તથા ઈમાનદારીથી સર્વેને પ્રેરણા લેવા અપીલ કરી હતી. અને ખાસ કરીને દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામના માટે મર્હૂમે જે જદ્દો જેહદ કરી હતી, તેને દુનિયામાં નામવાર કરવા માટે આપે જે સિંહફાળો આપ્યો છે તેની ખૂબ સરાહના કરી હતી. તેમજ અહલે સુન્નત વ જમાઅતની એક અઝીમ જરૂરત છોકરીઓ માટેનો મદરસો **"અલ્ જામિઅતુસ્સિદ્દીક઼ા અલ્ બનાત"** તથા છોકરાઓ માટેની સ્કૂલ, હાઈસ્કૂલએ આપની જ મજબૂત હિંમતનું ફળ છે તેની પણ પ્રસંશા કરી મર્હૂમની મગફેરત માટે દુઆઓ ગુજારી હતી. નીચે પ્રમાણે ઉલમા, હુફ્ફાઝ વગેરેએ ખાસ હાજરી આપી હતી :–

હઝરત સૈયદ ઝુબેરબાબા સાહબ શીરાઝી ક઼ાદરી સાહબ કિ઼બ્લા

**❑ બ્લેકબર્ન ❑**

મૌલાના ઐયૂબ ચિશ્તી પાકિસ્તાની

મૌલાના હાફિઝ ગુલામ મોહ્યુદ્દીન

મૌલાના મુહમ્મદ શફીઅ સાહબ

મૌલાના હાફિઝ ક઼ારી મહબૂબ રિઝવી

હાફિઝો ક઼ારી ઈલ્યાસ સાહબ હલદરવી

હાફિઝો ક઼ારી ઈલ્યાસ સાહબ

મૌલાના સલીમ સાહબ રિઝવી *(ખતીબો ઈમામ મસ્જિદે ગૌષિયા)*

મૌલાના હાફિઝો ક઼ારી ખૈરુદ્દીન રિઝવી

હાફિઝો ક઼ારી હનીફ સાહબ માંચવાળા

મૌલાના ઈદરીસસાહબ દયાદરવી

મુહમ્મદ અક઼ીલ સાહબ *(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)*

હાફિઝો ક઼ારી અ. હમીદ સાહબ

હાફિઝો ક઼ારી ખુશ ઈલ્હાન રાશિદ મેહમૂદ સાહબ (પાકિસ્તાની)

મૌલાના મુહમ્મદ સિદ્દીક઼ મિસ્બાહી

હાફેઝ અબ્દુલ્લાહ સાહબ બંગલાવાલા

હમદર્દે કૌમ આલી જનાબ અલ્હાજ અબ્દુલ્લાહ પટેલ *(સેક્રેટરી : મસ્જિદે ગૌષિયા)*

આલી જનાબ અલ્હાજ ઈકબાલભાઈ માંચવાળા *(પ્રમુખ : મસ્જિદે ગૌષિયા)*

**❑ પ્રેસ્ટન ❑**

ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી *(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, યુ.કે.)*

મૌલાના અબ્દુલ્લાહ સાહબ નબીપુરી

મૌલાના હાફિઝ ઐયૂબ પગુથણવી

હાફિઝો ક઼ારી રફીક઼ ક઼ાઝી સાહબ

મૌલાના ઝાહિદ સાહબ મિસ્બાહી

સલીમભાઈ ઘીસા સાહબ

**❑ બોલ્ટન ❑**

મૌલાના મુહમ્મદ હનીફ સાહબ રિઝવી

મૌલાના ઈકબાલ સાહબ મિસ્બાહી

મૌલાના ઐયૂબ સાહબ અશરફી

મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી

મૌલાના ઈસ્માઈલ રિઝવી ખોજબલવી

મૌલાના હાફિઝો ક઼ારી ઉષ્માન સાહબ

મૌલાના હાફિઝો ક઼ારી મેહમૂદ સલાદરા

મૌલાના ક઼ારી ઈબ્રાહીમ કાવીવાળા

હાફેઝ અબ્દુલમજીદ વાગરાવાળા

મૌલાના ઈબ્રાહીમ જર્મન સાહબ હેલીફેક્સ

મૌલાના હાફિઝ ક઼ારી મક઼સૂદ સાહબ ડયુઝબરી

મૌલાના અબૂ ઝહરા રિઝવી–માંચેસ્ટર

મૌલાના હાફિઝ મુહમ્મદમિયાં સાહબ બર્મીંગહામ

મૌલાના હાફિઝ ન્યાઝ અહમદ સાહબ બમી઼ગહામ

મૌલાના સીરાજ સાહબ રિઝવી ઓલ્ડહામ

**તેમજ અન્ય ઘણા ચાહનારા બિરાદરો, સગા સંબંધીઓ, થામ ગામના બિરાદરો હાજર રહ્યા હતા. સૌનો અમો આભાર માનીએ છીએ. મૌલા તઆલા જઝાએ ખૈર અતા કરે.**

*લિ. (હાફેઝ) નિષાર વલી ગોરજી–બ્લેકબર્ન, યુ.કે.*

## બરકાતે ખ્વાજાની ટપાલ

કાર્યાલય

### ★ હજ્જે બૈતુલ્લાહ મુબારક હજો ! ★

**દયાદરા** : થી ''બરકાતે ખ્વાજા'' (માસિક) તથા સંસ્થાના ખાસ ચાહક–સહાયક જનાબ નસીર મુહમ્મદ શેઠ (રિ. મામલતદાર) તથા તેમનાં પત્ની સાહેબા મેહરૂનબેન શેઠ તથા નેક દુખ્તર હલીમાબેન શેઠ હજ્જો ઝિયારત માટે જઈ રહ્યાં છે. તેઓ સર્વ સગાં સ્નેહીઓ તથા સર્વ મુસ્લિમ બિરાદરોથી જીવનમાં કોઈ ભૂલચૂક થઈ હોય તેની માફી માંગે છે તો સર્વે તેમને માફ કરશો. દુઆ છે કે રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં તેમની હજ્જને આસન ફર્માવે અને હજ્જે મબરૂર ફર્માવે. (આમીન) *–તંત્રી*

**જાલના** : (મહારાષ્ટ્ર)થી ''બરકાતે ખ્વાજા'' તથા ''ઈસ્લામિક વેલ્ફેર મિશન'' તથા ''અંજુમન રઝાએ મુસ્તફા'' દયાદરાના ચાહક જનાબ હાજી અ. અઝીઝ મમદાણી મેમણ ચિશ્તી રિઝવી (સંજરી બોરવેલ સ્ટોર્સ)નો પત્ર છે કે પોતે તથા ઘરના ત્રણ સભ્યો રમઝાન શરીફમાં ઉમરા કરવા જવાના છે. ઉમ્મીદ છે હવે સહીહ સલામત ઉમરા તથા ઝિયારત (હરમૈન શરીફૈનની) કરીને પરત આવી ગયા હશે. અલ્લાહ કબૂલ ફર્માવે. (આમીન) *–તંત્રી*

### ★ મખરજ વિશે બોધદાયક લેખ ★

સલામ બાદ લખવાનું કે ''બરકાતે ખ્વાજા (માસિક)માં સપ્ટે.–૦૮ના અંકમાં ''કુર્આન પઢવા માટે આટલું તો જરૂર શીખો'' (હુરૂફોના મખારિજનું) વર્ણન બહુ સુંદર રીતે રજૂ કરેલ તે બહુ બોધદાયક છે અને તેની એના પ્રતિ ખૂબ ખૂબ જરૂર હતી તે જરૂરત એક દીની તા'લીમની આપે પૂરી કરેલ છે. અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં દુઆ કરું છું પરવરદિગારે આલમ તેના પ્યારા હબીબ ﷺના સદકા અને તુફૈલથી આપની તમામ દીની દુનિયવી નેક જાઈઝ તમન્ના, દિલી મુરાદ પૂરી કરે અને ''બરકાતે ખ્વાજા'' (માસિક)ને દીની દુગની રાત ચોગની તરક્કી અતા ફર્માવે. (આમીન) *–કડીવાર નૂર મુહમ્મદ (રાજકોટ)*

### ★ શાદી મુબારક ★

**પેટલાદ** : ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા હેઠળ ચાલતા મદરસાઓના વિઝિટર જનાબ આકિબખાનના ભાઈ અને પઠાણ કલીમુલ્લાહખાન રહીમખાનના નેક ફરઝંદ મુહમ્મદ હનીફખાન અઝહરીની શાદી તા. ૧૪/૧૦/૦૮ મંગળવારે અહસનુલ્લાહ ખાનની નેક સાહબઝાદી ફહીમબાનુ અઝહરી સાથે રાખવામાં આવી. એના નિમિત્તે તા. ૧૩/૧૦/૦૮ના પઠાનવાડામાં નઅતિયા મુશાયરો રાખવામાં આવ્યો હતો. (મુબારકબાદ !) *–તંત્રી*

**નબીપુર** : મુકામે હાજી સઈદ સુલેમાન કડુજીના નેક ફરઝંદ ફૈઝલની શાદી તા. ૨૦/૧૦/૦૮ (૧૯ શવ્વાલ હિ.સ. ૧૪૨૯)ના રોજ મુહમ્મદ ઈસ્માઈલ અફીણવાળાની નેક દુખ્તર સુલ્તાના સાથે નબીપુર ખાતે રાખવામાં આવેલ છે. (મુબારકબાદ !) *–તંત્રી*

**નબીપુર** : લિયાકત હાજી અહમદ પટેલ (વડવા)ના નેક ફરઝંદ નાસિરહુસૈનની શાદી મુબારક અનિસા ફાતેમા (D/o. પ્રેસ્ટન, યુ.કે. નિવાસી હાજી ઐયૂબ આદમ પાલેજવાળા સાથે તા. ૧૯/૧૦/૨૦૦૮ના રોજ રાખેલ છે. (મુબારકબાદ !) *–તંત્રી*

### ★ તશરીફે જહાં મરહબા ! ★

જનાબ મકસૂદભાઈ એમ. શેખ. (સરખેજ)ને ત્યાં તા. ૧૧/૯/૦૮ના રોજ બેબીનો જન્મ થયો છે જેનું નામ ''ઝયનબ'' રાખ્યું છે. મુબારકબાદ ! મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં બેબીને નામની બરકતોથી નવાઝે અને નેક સાલેહ બનાવે, બંને જહાનમાં આબાદ રાખે. –તંત્રી

**દેવલીયા** : તા. તિલકવાડાના ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના ગ્રાહક જનાબ રાઠોડ બસીરભાઈ સાદિકભાઈની પુત્રી ઉલ્ફતબાનુને પુત્રનો જન્મ થયેલ છે. આ ખુશીમાં પ્રસંગે ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને રૂા. ૧૦૦/– ઈમદાદ મળેલ છે. (જઝાકલ્લાહ !) રબ તઆલા ઔલાદને નેક સાલેહ બનાવે. (આમીન) *–તંત્રી*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**ભરૂચ** : જનાબ હાફેઝ ઈબ્રાહીમ કહાનવાળા (વિઝિટર ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા) જણાવે છે કે હાજી મહબૂબભાઈ સરનારવાળા ૧૦ રમઝાન શરીફ હિ.સ. ૧૪૨૯ના રોજ રોઝાની હાલતમાં સાઉથ આફ્રિકા ખાતે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમ ચુસ્ત, સુન્ની, દીનદાર હતા.

**દયાદરા** : ખાતે જનાબ ઈસાભાઈ ભટાના અહલિયા ''હમીદાબેન''નો ઈન્તેકાલ બુધવાર (૭ શવ્વાલ હિ.સ.

૧૪૨૯) તા. ૮/૧૦/૦૮ના રોજ થયો છે. તથા ''યાકૂબ ઉમરજી જીવા''નો ઈન્તેકાલ શનિવાર (૧૦ શવ્વાલ હિ.સ. ૧૪૨૯) તા. ૧૧/૧૦/૦૮ના રોજ થયો છે જેમની દફનવિધિ તા. ૧૨/૧૦/૦૮ના સવારે રાખવામાં આવી. તથા તા. ૧૪/૧૦/૦૮ (હિ.સ. ૧૩ શવ્વાલ, ૧૪૨૯)ના રોજ ''ફાતિમા અહમદ ગાજરાવાળા''નો લગભગ ૭૫ વરસની વયે તથા તા. ૧૫/૧૦/૦૮ના ''યુનુસ અહમદ સૂફી''નો ઈન્તેકાલ થયો છે.

**નબીપુર** : મુકામે અબ્દુલ્લાહભાઈ કારભારીને હાર્ટ એટેક થતાં શનિવાર તા. ૧૧/૧૦/૦૮ના રોજ ઈન્તેકાલ થયો છે જેમની દફનવિધિ રવિવાર તા. ૧૨/૧૦/૦૮ના સવારે રાખવામાં આવી.

**વાગરા** : ખાતે તા. ૪/૧૦/૦૮ શનિવાર (૩ શવ્વાલ હિ.સ. ૧૪૨૯)ના રોજ યાદગાર હોટલવાળા હાજી તૈયબઅલી સાહબનો ઈન્તેકાલ થયો છે. મર્હૂમ નેક સીરત સુન્ની દીનદાર હતા. ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાના કામમાં સારો સહકાર કરતા હતા.

**વડોદરા** : જનાબ ઈમરાનખાન પઠાણના વાલિદ સાહબ સિકંદરભાઈ તા. ૭/૧૦/૦૮ મંગળવારે સવારે નવ વાગે ઈન્તેકાલ કરી ગયા. મર્હૂમના ઈસાલે સવાબ અર્થે મર્કઝ નૂરાની મસ્જિદમાં તા. ૯/૧૦/૦૮ના રોજ ઝિયારત રાખવામાં આવી.

**દહેગામ** : (તા. જંબુસર) મુકામે હાજી અલી રાજા (ગ્રાહક નં. એ/૧૦૨) તા. ૧૬/૯/૦૮ મંગળવારે ઈન્તેકાલ કરી ગયા છે. મર્હૂમ સુન્નિયતના ચાહક હમદર્દ હતા. તેમના ઈસાલે સવાબ અર્થે ૧૦૧/– રૂા. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદને લિલ્લાહ મળ્યા છે.

**મકતમપુર** : (ભરૂચ)થી ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના ચાહક ઈસ્માઈલભાઈ ઝંઘારવાળાના સસરા યૂસુફ અલીભાઈ તલાટી નેરીવાલા (વોરાસમનીવાળા) ૯૦ વરસની વયે તા. ૨૮/૬/૦૮ના રોજ ઈન્તેકાલ કરી ગયા. મર્હૂમ દીની કામો મસ્જિદ, મદરસા, દરગાહ, કબ્રસ્તાન વગેરે ક્ષેત્રે ખૂબ જ સક્રિય કાર્યકર્તા હતા. તેમની કામગીરી નોંધનીય છે અને તેમના જવાથી ન પૂરાય તેવી ખોટ ઉભી થઈ છે. મર્હૂમના સવાબ અર્થે જનાબ ઈસ્માઈલ પટેલ ઝંઘારવાળા તરફથી રૂા. ૧૦૧/– લિલ્લાહ ''બરકાતે ખ્વાજા (માસિક)ને મળ્યા છે. (જઝાકલ્લાહ !) *–તંત્રી*

**નડિયાદ** : મેમન મુહમ્મદ યૂનુસ હુક્કાવાળા (ગ્રાહક નં. ૬૬૩૭) જણાવે છે કે મેમન જમાઅતના ટ્રસ્ટી જનાબ મેમન હાજી વલી મુહમ્મદ હાજી હુસૈનભાઈ હુક્કાવાળા ૯૨ વરસની વયે તા. ૧૮/૭/૨૦૦૮ના રોજ ગુજરી ગયા જેમની નમાઝે જનાઝા ખલીફા શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ સલાહુદ્દીનબાપુ અશરફી સાહબે પઢાવી. મર્હૂમના સવાબ અર્થે રૂા. ૨૦૦/– લિલ્લાહ મળ્યા છે. (જઝાકલ્લાહ !)

*મૌલા તઆલા ઉપરોક્ત સર્વ સુન્ની મુસ્લિમ મર્હૂમોની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ✪ ખાનએ ખુદા માટે અવશ્ય સહકાર કરો ! ✪

ભરૂચના હાર્દસમા વિસ્તારમાં રેલ્વે સ્ટેશનની સામે આવેલી **''ઔલિયા મસ્જિદ''** કે જે સુન્નીઓની શાન સમી મસ્જિદ છે જેમાં આરામ ફર્માવી રહેલા મહાન બુઝુર્ગ હઝરત પીર નસીરુદ્દીન જમાલુદ્દીન رحمۃ اللہ علیہ ઔલિયાની ઐતિહાસિક સુન્ની મસ્જિદ છે જેને **''સ્ટેશન મસ્જિદ''** પણ કહેવામાં આવે છે. આ મસ્જિદ ઘણી જૂની જર્જરીત થઈ ગઈ છે. ઈ.સ. ૧૯૭૦ અને ૨૦૦૧માં આવેલ ધરતીકંપથી મસ્જિદની દિવાલો અને સ્લેબમાં તિરાડો પડી ગઈ છે. તો રમઝાન બાદ આ મસ્જિદને શહીદ કરીને નવી બનાવવાની છે. આ અંગે જરૂરી પરવાનગી મેળવી લીધી છે. અલ્લાહના ઘરના તા'મીરી કામમાં ખુલૂસ દિલથી તન મન ધનથી મદદ કરી બંને જહાનમાં કામયાબી અને સવાબે જારિયા હાંસલ કરવાની પુરજોશ અપીલ છે. આપના તથા મર્હૂમોના સવાબ અર્થે દિલ ખોલીને લિલ્લાહ, ઈમ્દાદ કરી સવાબે જારિયાનો હક્કદાર બનશો.

**[બાંધકામ એરિયા : ૪૭૩૫ ચો. ફૂટ, અંદાજિત ખંર્ચ : રૂા. ૧,૪૨,૦૫,૦૦૦/– છે.]**

બેન્ક ડ્રાફ્ટ, ચેક તથા મટીરીયલ.... વગેરે આપની લિલ્લાહ ઈમદાદ નીચેના સરનામે મોકલવા વિનંતિ છે.

બેંક ચેક A/c. Payee ''પીર નસીરુદ્દીન જમાલુદ્દીન દરગાહ શરીફ મસ્જિદ ટ્રસ્ટ''ના નામનો મોકલશો.

સંપર્ક કરો : (ટ્રસ્ટી) :– **જનાબ ઈશાક વલી કારા બાપુ**, ઘર નં. ૧૨૭૮, નરશીપુરા, ભરૂચ, મો. ૯૮૨૪૧૫૮૬૩૯

(૨) **મુતવલ્લી યૂસુફભાઈ ઉમરજી સૂફી**

**પીર નસીરુદ્દીન જમાલુદ્દીન દરગાહ એન્ડ મસ્જિદ ટ્રસ્ટ, રજી નં. બી/૩૭, રેલ્વે પાસે–ભરૂચ**

## બેંક એકાઉન્ટમાં રકમ નાખો તો....

આપ "બરકાતે ખ્વાજા" (માસિક)નું તથા અંજુમનની કિતાબો, મેમ્બર ફી વગેરે માટે રકમ જમા કરો તો હવે SBIમાં પણ સર્વિસ ચાર્જ એક એન્ટ્રીનો રૂા. ૨૫/– કપાય છે જેથી બેંકમાં પૂછીને એટલી રકમ ઉમેરીને લવાજમ, મેમ્બર ફી કે ઝકાત વગેરેની રકમ જમા કરવી, નહીં તો તમારી ઝકાત વગેરે ઓછું પહોંચશે તથા સંસ્થાને નુકસાન થશે.

[A/c No. 10328886242, Sabbir Ali Patel (લખવું) ભરૂચ બ્રાન્ચ]

### આંગડીયા તથા કુરીયર થકી ટપાલ કે રકમ મોકલવાનું સરનામુ

**પટેલ શબ્બીર અલી રઝવી,** C/o. ઈન્ડિયન ફૂટવેર, હોટલ પ્રેસિડન્ટ નીચે, રેલ્વે સ્ટેશન સામે, **ભરૂચ**, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

### બરકાતે ખ્વાજા (માસિક) નોંધાવવા સંપર્ક કરો :

૧. **મુલ્લા એગ્ઝ માર્ટ**, રેલ્વે સ્ટેશન મસ્જિદ પાસે, મુ. બીલીમોરા (ફોન : ૨૮૫૪૪૪) ઉપરાંત અંજુમને રઝાએ મુસ્તફા તથા ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને મેમ્બર ફી, ઈમદાદ, ઝકાત, સદકા, કુર્બાનીની ખાલની રકમો વગેરે પણ અહીં નોંધાવી શકશો

૨. **રઝવી કિતાબ ઘર**, C/o. મુહમ્મદ ઈકબાલ રઝવી, ઠે. ખારાકૂવા, મુ. પેટલાદ

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**(૧) મેમણ સિનિયર સિટીઝન :** જ.તા. ૧૪/૬/૧૯૪૪, ઉમર–૬૪ વર્ષ, સંપૂર્ણ તંદુરસ્ત, એજ્યુ. B.Pharm, મુંબઈ, મસ્કત, ઓમાન, દુબઈ તથા શાહજાહ ખાતે, ૩૨–વર્ષનો કેમિસ્ટનો અનુભવ, છેવટમાં રિટાયર્ડ પોલીસ ઓફિસર તરીકે હાલ એકલા ધોરાજી રહેઠાણ, મેરેજ માટે સૌની પરવાનગી, પુત્રો, પત્ની ફોરેનમાં રહે છે. સર્વ રીતે સદ્ધર પાર્ટી છે. મધ્યમ વયની, સુન્ની, દીનદાર, નેક ઔરત માટે જાહેરાત છે. સંપર્ક ફોન નં. ૦૨૮૨૪–૨૨૨૭૧૯

**(૨) મેમણ યુવક :** ઉમર વર્ષ–૪૦, ઊંચાઈ, ૫.૩', બીજવર, નિઃસંતાન, અભ્યાસ નોન મેટ્રીક, માંબાપની એક જ ઔલાદ, માં બાપ નથી, આર્થિક સ્થિતિ કમજોર, સૂરતમાં નાની પર્સની દુકાન ચલાવે છે. વિધવા–તલાક શુદા પસંદગી પાત્ર.

**નોંધ :** વધુ માટે **'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

### બરકાતે ખ્વાજા (માસિક) લવાજમ નોંધાવવા સંપર્ક કરો

| | |
|---|---|
| **વાડીનાર** : હાજી હુસૈનભાઈ બેડીવાળા | મો. ૯૮૭૯૫૧૩૧૯૨ |
| **વાડીનાર** : હાજી નૂર મુહમ્મદભાઈ વારીયા | મો. ૯૮૨૫૧ ૧૯૦૯૨ |
| **ભરાના** : હાજી બશીરુદ્દીન બાપુ | મો. ૯૮૨૫૬ ૫૨૬૧૦ |
| **જામનગર** : મુશ્તાકબાપુ મોરબીવાળા (ગુલાબનગર) | મો. ૯૮૨૪૮ ૬૭૦૧૩ |
| **વાલાસણ** : જનાબ ઉષ્માનભાઈ | મો. ૯૯૨૫૩ ૩૧૪૧૨ |
| **ઓખા** : આરિફભાઈ મેમણ (આણંદવાળા) | મો. ૯૪૨૬૪ ૪૬૨૧૨ |

### ભૂલ સુધારો

**"બરકાતે ખ્વાજા" (માસિક)** પેજ નં. ૨૦ લીટી નં. ૯ તથા ૧૦ વચ્ચે "અશ્હદુ અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ" કહેવું, પછી બે વાર" આટલુ ઉમેરશો. તથા પેજ નં. ૧૫ લીટી છેલ્લી, કોલમ–૧માં ﷺને બદલે رضی اللہ عنہ કરી લેશો.

## મૌતુલ આલિમ મૌતુલ આલમ

આલિમનું મૃત્યુ એ આલમનું મૃત્યુ છે. પોરબંદર મુકામે ૧૭ રમઝાન મુબારક અંગ્રેજી તા. ૧૯/૯/૨૦૦૮ના રોજ એક દિલને હલાવી નાખે તેવો બનાવી બની ગયો. એ દિવસે હઝરત કિબ્લા મુફ્તી આલે મુસ્તફા સાહબ (સદર મુફ્તી દારુલ ઈફ્તા દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદર) આ ફાની જગતને અચાનક છાતીમાં દુઃખાવો થયા બાદ અલવિદા કહી આપણી સમક્ષથી ચાલી ગયા. ૪૨ વર્ષની ભર યુવાનવયે આ ઈલ્મે દીનથી સમૃદ્ધ, ફિક્હના ઈલ્મથી સજ્જ, તક્વા પહેરેઝગારીના પયકર, અહલે સુન્નતના દર્દથી જેમનું દિલ લબરેઝ હતું, મસ્લકે આ'લા હઝરતના શયદાઈ, કાબિલ મુદર્રિસ, મુદબ્બિર, મુફક્કિર હસ્તીની વિદાયના સમાચારથી ગુજરાતભરના સુન્નીઓએ દુઃખદ આઘાત અનુભવ્યો છે. તેમની દફનવિધિમાં પુષ્કળ પબ્લિક એકત્ર થઈ ગઈ હતી. ગુજરાતમાં ઠેર ઠેર કુર્આન ખ્વાની તથા દુઆઓ કરવામાં આવી. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. પોરબંદરવાસીઓ તથા દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદરને તેનો નેકઅમલ બદલ અતા કરે. (આમીન) –*તંત્રી*

# આ છે અમારા સહાયક મુજાહિદો !

**અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા), ઈસ્લામિક વેલ્ફેર મિશન (દયાદરા), બરકાતે ખ્વાજા મંથલી (દયાદરા) તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)ને ચંદામાં સહાય કરનારાઓના અમો આભારી છીએ.**

| નામ | શહેર |
|---|---|
| મુહમ્મદ હનીફ જી. બેલીમ (સાવન રેડીયો) | પાટડી |
| ઈબ્રાહીમભાઈ એચ. માજોઠી | મીઠાપુર |
| અબ્દુલ ગફ્ફાર એસ. કાઝી | કોઠી (વાંકાનેર) |
| મૌલાના સિરાજુલ હુદા | ઝાલોદ |
| હાફેઝ ફારૂક ઈસ્માઈલ પટેલ | બોડેલી |
| ક઼ારી શાહિદ રઝા કાપડવાળા | કોઠી (વાંકાનેર) |
| અબ્દુલ હમીદ મુલ્લા | બીલીમોરા |
| ઓસામા મુહમ્મદભાઈ/ઈકરામભાઈ | સૂરત |
| મકસૂદભાઈ રાજવાની/અલ્તાફ સૂર્યા | સૂરત |
| મકતબે રઝા | સૂરત |
| મૌલાના મુખ્તાર અહમદ | કોસંબા |
| મુહમ્મદ આકિબ ખાન બરકાતી | પેટલાદ |
| હાજી ઈદ્રીસભાઈ ગોધા | સાંસરોદ |
| મેહબૂબભાઈ બાવાલા | સાંસરોદ |
| ઈસ્માઈલભાઈ કડુજી | નબીપુર |
| હાફેઝ ગુલામ મરચી | નબીપુર |
| સલીમભાઈ જોંહા | હલદરવા |
| શબ્બીર માસ્તર | કુરચણ |
| માસ્તર દાઊદભાઈ ઝંઘારવાલા | ભરૂચ |
| યૂસુફ અલી ગડીમલ | ભરૂચ |
| મોઈનભાઈ (હાજીપીર કિરમાની) | ભરૂચ |
| સૈયદ હશ્મતબાપુ મજુમિયાં બરકાતી | જંબુસર |
| ઝાકિરભાઈ શેખ | જંબુસર |
| હાજી અલ્લાહરખા ફ્રુટવાલા | જંબુસર |
| હાફેઝ મહબૂબ ઝંઘારવી | કરજણ |
| હાફેઝ મુબારક લુવારાવાલા | તીલકવાડા |
| મૌલાના સૈયદ અખ્તર દહીઅપવાળા | ભાલેજ |
| જનાબ ક઼ારી શમીમ સાહબ | આમોદ |
| ઈરફાનભાઈ M.R. | ભાવનગર |
| અબ્દુલ લતીફ | ભાવનગર |
| ઉષ્માનગની | વડોદરા |

| નામ | શહેર |
|---|---|
| અબ્દુલ કાદર રઝવી | નડિયાદ |
| સૈયદ ફારૂકઅલી મહેરઅલી (ટીનાભાઈ) | હાડગુડ |
| રઝા પેન એન્ડ કિતાબ ઘર | જુનાગઢ |
| મુફ્તી મુહમ્મદ હુસૈન સાહબ | જામનગર |
| રોશન અલી | અંજાર |
| હાફેઝ સલીમ સાહબ રઝવી | ખંભાત |
| અબૂબક્રભાઈ ઈસ્માઈલ પટેલ | દેડીયાપાડા |
| તારીકભાઈ શેખ | ભરૂચ |
| હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલા | ભરૂચ |
| ઈબ્રાહીમભાઈ ખત્રી | ઉમલ્લા |
| તયબાહ સ્ટેશનરી *(ઈશાકભાઈ કોલવણાવાલા)* | ભરૂચ |
| અબ્દુલ રઝ્ઝાકભાઈ | ભાવનગર |
| મુશ્તાકભાઈ મુન્શી | વાગરા |
| ઈમ્તિયાઝ ડી. બાલા | કિલ્લાપારડી |
| હાફેઝ યાકૂબ ચાંચવેલી | મોડાસા |
| હાજી મુહમ્મદ યૂસુફ માસ્તર | વોરાસમની |
| હાફેઝ શબ્બીર સાહબ સારણવાલા | વડોદરા |
| વ્હોરા અ.અઝીઝ અ. સત્તાર ઉર્ફે પેન્ટર લાલા | આણંદ |
| વ્હોરા કૈયુમભાઈ અબ્દુલ ઘંટીવાલા | નરસંડા |
| મૌલાના ઝૈનુલ આબેદીન | પીપળીયારાજ |
| હાફેઝ અ. કાદિર સાધીવાલા | વણાકબારી |
| આફતાબભાઈ મુબલ્લિગ | વડોદરા |
| સલીમ રઝા પેટલાદી | અમદાવાદ |
| શરીફખાન એસ. ગરાસીયા | રાજપીપલા |
| ઈરફાનભાઈ (માણિયા હાતિના) | જામનગર |
| ખાલિદભાઈ કુરેશી | કોસંબા |
| મૌલાના અબ્દુલગની રાજેભાઈ | હિંમતનગર |
| જનાબ હાજી સૈયદ રૂકનુદ્દીન મહંમદમિયાં | હાડગુડ |
| હસન અબ્દુલ મજીદ મુલ્તાની ચાવાલા | ઝંખવાવ |
| મુતવલ્લી હુસૈનભાઈ સાહિબખાન | સેલંબા |
| બશિરમિયાં રહીમમિયાં શેખ | માંડવી |
| નાશિરહુસૈન ઈબ્રાહીમ શેખ | વડોદરા |

વધુ ટાઈટલ 3......

ટાઈટલ ૨ નું ચાલુ.....

| નામ | શહેર |
|---|---|
| ઈસ્માઈલભાઈ ચિરાગ (ઈલેક્ટ્રીક સ્ટોર્સ) | વાંકાનેર |
| ક઼ાદરી મુહમ્મદ રફીક આદમમિયાં | જામનગર |
| આ'લા હઝરત લાયબ્રેરી | નડિયાદ |
| અબ્દુલ કાદર મુહમ્મદ કારીગર | કપડવંજ |
| અબ્દુર્રઝ્ઝાક કાસમાણી | જામનગર |
| હાફેઝ અબ્દુલ્લાહ પીપલીયાવાળા | પીપલીયા |
| રઈસ અહમદભાઈ | મેંગ્લોર |
| અકબરભાઈ ડાભાવાલા | સૂરત |
| ખેરુ કિતાબ ઘર (રફીકભાઈ લાલપુરવાલા) | ઉનાવા |
| સૈયદ હશ્મતબાપુ બરકાતી | જંબુસર |
| સલીમભાઈ અકબર રાઠોડ | ભોજ |
| ઈમરાનભાઈ (સુપર ઓપ્ટીકલ) | પોરબંદર |
| યૂનુસભાઈ રવન્ના | જૂનાગઢ |
| GDA કિતાબ ઘર | ધોરાજી |

| નામ | શહેર |
|---|---|
| યૂનુસભાઈ બોરડીવાલા | પારખેત |
| એફ. આઈ. કિતાબ ઘર | અંજાર (કચ્છ) |
| જનાબ મૌલાના ક઼મરુદ્દીન | કાલોલ |
| ઓસ્માણગની આહમદ હાજી | મથડા |
| ઈકબાલ પી. અજમેરી | લીલીયામોટા |
| બરકાતી બુરખા કલેક્શન | ધોરાજી |
| સૈયદ તુફૈલ હુસૈન | વિજાપુર |
| મકબૂલભાઈ દભાડ | ચિખલી |
| દાઉદ નૂર મુહમ્મદ રઝવી | અલીયાબાડા |
| સાબરી સિલેકશન | પ્રભાસપાટણ |
| સુલ્તાન રઝા | વડોદરા |
| અબ્દુલ્લાહ એન્ડ કું. | દીવ (U.T.) |
| સુદેસરા અહમદભાઈ | વઘઈ (જિ. ડાંગ) |
| મૌલાના અબ્દુલગની છાલાવાળા | ગાંધીનગર |
| અઝીઝભાઈ મછાસરવી | અડાજણ દરગાહ |

**તેમજ દેશ વિદેશથી અમારી હોંસલા અફ્ઝાઈ કરનાર સર્વ સુન્ની હમદર્દોનો અમો દિલની ગહરાઈથી આભાર માનીએ છીએ. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં તેમની બંને જહાનને આબાદ ફ઼રમાવે. (આમીન)** ***લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***

## ● બરકાતે ખ્વાજા (માસિક)ના આજીવન તથા પેટ્રન ગ્રાહકો ●

| | | |
|---|---|---|
| ➡ ઈકબાલ હાજી સુલેમાન ઘાસવાલા (અગરબત્તીવાલા)–દેશરા | રૂા. ૩,૦૦૦/– | આજીવન સભ્ય |
| ➡ હાજી અ. રશીદ એ. નાલબંધ–બિલીમોરા | રૂા. ૩,૦૦૦/– | આજીવન સભ્ય |
| ➡ અબ્દુલ હમીદ હાજી ગુલામ મુહમ્મદ મુલ્લા–બિલીમોરા | રૂા. ૩,૦૦૦/– | આજીવન સભ્ય |
| ➡ હાજી શબ્બીરભાઈ પાસવાલા–ચિખલી | રૂા. ૧,૩૦૦/– | પેટ્રન ગ્રાહક |

***(હસ્તે : જનાબ હાફેઝ ઈબ્રાહીમ સાહબ કહાનવાળા)..........***

| | | |
|---|---|---|
| ➡ અબ્દુલ કાથાવાળા–ખોખર | રૂા. ૩,૦૦૦/– | આજીવન સભ્ય |
| ➡ હાજી કરીમભાઈ સાલેહભાઈ તાલુ–ઉપલેટા | રૂા. ૧,૩૦૦/– | પેટ્રન ગ્રાહક |
| ➡ બાબુભાઈ મેડિકલવાળા–ભાવનગર | રૂા. ૧,૩૦૦/– | પેટ્રન ગ્રાહક |
| ➡ સિલ્વર કટલરી સ્ટોર્સ, C/o. વલી મુહમ્મદ હાજી અ. ગફ્ફાર માલકાણી | રૂા. ૧,૩૦૦/– | પેટ્રન ગ્રાહક |

***(હસ્તે : ઈમરાનભાઈ M.R. ભાવનગર)..........***

**અલ્લાહ તઆલા જઝાએ ખૈર અતા કરે. આપ પણ રૂા. ૩૦૦૦/- ભરીને આજીવન અથવા રૂા. ૧૩૦૦ ભરીને પેટ્રન (૧૧ વરસ માટે) ગ્રાહક થાવ એવી વિનંતિ (આમીન)** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## મોઅઝ્ઝિન જોઈએ છે

સહીહ મખરજ સાથે અરબી પઢી શકે તથા સૂરીલા અવાજવાળા શાનદાર અવાજમાં અઝાન આપી શકે એવા દીની તા'લીમ યાફતા મોઅઝ્ઝિનની **'મુખ્તારુલ મસાજિદ ઉર્ફે નૂરાની મસ્જિદ'** મુ. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ માટે સત્વરે જરૂરત છે. તો યોગ્ય લાયકાત ધરાવનારે અમારો સંપર્ક કરવો. ફોન નં. (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ લિ. *તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*